પાના -૮, કિંમત રૂ.૨, તા. ૦૭-૦૭-૨૦૨૫- સોમવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૧૮૧ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# ભારતમાં એઆઈ સમિટ યોજવા મોદીની જાહેરાત

## આવતા વર્ષે ભારતમાં યોજાશે એઆઈ સમિટ : બ્રિક્સ સભ્યોને આમંત્રણ પાઠવતા વડાપ્રધાન મોદી

બ્રાઝિલ, તા. ૦૭

પ્રધાનમંત્રી ક્ષનરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, ભારત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ને માનવ મૂલ્યો અને ક્ષમતાઓને વધારવાના સાધન તરીકે જુએ છે અને ચિંતાઓના નિરાકરણ અને AI માં નવીનતાને પ્રોત્સાહન આપવા માટે સમાન પ્રાથમિકતા આપવાનું આહ્વાન કર્યું હતું, અને ઉમેર્યું હતું કે તેઓએ જવાબદાર AI માટે સાથે મળીને કામ કરવાની જરૂર છે.

રવિવારે (સ્થાનિક સમય) 'બહુપક્ષીયવાદ, આર્થિક-નાણાકીય બાબતો અને આર્ટિફિયલ ઈન્ટેલિજન્સને મજબૂત બનાવવી' વિષય પર બ્રિક્સ સમિટ આઉટરીચ સત્રને સંબોધન કરતી વખતે, તેમણે બ્રિક્સ રાષ્ટ્રોને આવતા વર્ષે ભારતમાં યોજાનારી 'છૈં ઈમ્પેક્ટ સમિટ'માં ભાગ લેવા આમંત્રણ આપ્યું હતું.

તેમણે કહ્યું, "૨૧મી સદીમાં, માનવજાતની સમૃદ્ધિ અને પ્રગતિ ટેકનોલોજી પર, ખાસ કરીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પર આધાર રાખે છે. એક તરફ, છૈં એ સામાન્ય માણસના જીવનમાં પરિવર્તન લાવવાનું ખૂબ જ અસરકારક માધ્યમ છે, તો બીજી તરફ, જોખમો, નીતિશાસ્ત્ર, પૂર્વગ્રહ જેવા પ્રશ્નો પણ છૈં સાથે સંકળાયેલા છે.

આ વિષય પર ભારતની વિચારસરણી અને નીતિ સ્પષ્ટ છેઃ આપણે AI ને માનવ મૂલ્યો અને ક્ષમતાઓને વધારવા માટે એક




માધ્યમ તરીકે જોઈએ છીએ. 'AI fro All' ના મંત્ર પર કામ કરી રહ્યા છીએ. આજે, ભારત કૃષિ, આરોગ્ય, શિક્ષણ, શાસન જેવા ક્ષેત્રોમાં AI નો સક્રિય અને વ્યાપક ઉપયોગ કરી રહ્યું છે."

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રવિવારે કહ્યું હતું કે AI ના યુગમાં, વૈશ્વિક સંસ્થાઓ ટેક્નોલોજીના સુધારા વિના ૮૦ વર્ષ સુધી ચાલે તે અસ્વીકાર્ય છે. અહીં BRICS સમિટના ઉદ્ઘાટન સત્રમાં બોલતા, ઝશ મોદીએ કહ્યુંઃ "AI ના યુગમાં, જ્યાં ટેક્નોલોજી દર અઠવાડિયે વિકસિત થાય છે, ત્યાં વૈશ્વિક સંસ્થાઓ સુધારા વિના ૮૦ વર્ષ સુધી ચાલે તે અસ્વીકાર્ય છે. તમે ૨૦મી સદીના ટાઈપરાઈટર પર ૨૧મી સદીનું સોફ્ટવેર ચલાવી શકતા નથી!"

બીજી યોગ્ય ટેક રૂપક દોરતા, તેમણે કહ્યુંઃ "તમે ૨૦મી સદીના ટાઈપરાઈટર પર ૨૧મી સદીનું સોફ્ટવેર ચલાવી શકતા નથી!" પ્રધાનમંત્રીના મતે, BRICS નું વિસ્તરણ અને નવા ભાગીદારોનો સમાવેશ સમય સાથે વિકસિત થવાની તેની ક્ષમતાને પ્રતિબિંબિત કરે છે.

"અમારું માનવું છે કે, છૈં શાસનમાં ચિંતાઓનું નિરાકરણ અને નવીનતાને પ્રોત્સાહન બંનેને સમાન પ્રાથમિકતા આપવી જોઈએ. આપણે જવાબદાર છૈં માટે સાથે મળીને કામ કરવું પડશે. એવા વૈશ્વિક ધોરણો બનાવવા પડશે જે ડિજિટલ સામગ્રીની પ્રામાણિકતા

અનુસંધાન પાના ૭ પર

# બ્રીક્સ દેશો પર વધુ ૧૦ ટકા ટેરીફ લાદવા ટ્રમ્પની ચેતવણી

## વેપાર કરાર માટે ટ્રમ્પે તા. ૯ જુલાઈની પણ યાદ અપાવી

રીયો ડી જાનેરો, તા. ૦૭

ભારત અને અમેરીકા વચ્ચે વ્યાપાર સમજૂતી મુદે હવે તા.૯ની ડેડલાઈન નજીક આવી રહી છે તે સમયે જ બ્રાઝીલના રીયોમાં મળી રહેલી બ્રીક્સ દેશોની બેઠક સમયે જ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ સંગઠનને ફરી ટાર્ગેટ બનાયતા ચેતવણી આપી હતી કે જો બ્રીક્સ દેશો કે અન્ય કોઈ પણ દેશ અમેરિકા વિરોધી નીતિ અપનાવશે તો તેના પર વધારાના ૧૦ ટકા ટેરીફ લાદી દેવામાં આવશે અને તેમાં કોઈપણ દેશને બાકાત રખાશે નહી.

અગાઉ પણ ટ્રમ્પે જાહેર કર્યુ હતું કે બ્રીકસ ઈઝ ડેડ એટલે કે આ સંગઠન ખત્મ થઈ ગયું છે. ભારત ચીન રશીયા સહિતના મહત્વપૂર્ણ દેશોને આવરી લેતા આ સંગઠન દ્વારા સમાંતર રીતે ચલણ ઈશ્યુ કરીને ડોલર સામે જંગ મંડાશે તેવા પ્રમુખ ટ્રમ્પના માની લીધેલા વલણ બાદ તેઓએ બ્રીકસને નિશાન બનાવવાનું શરૂ કર્યુ છે.

તે સમયે જ ચીન અને રશીયાના વડાઓની ગેરહાજરીમાં મળી રહેલી શીખર પરિષદની બેઠક સમયે જ ટ્રમ્પે આ ચેતવણી આપી હતી. અને જણાવ્યું હતું કે અમેરિકાના હીતો વિરૂધ્ધ બ્રીકસ કોઈ નીતિ અપનાવી શકશે નહી અને જો તેમ કરશે તો તે તેના ઉપર અમેરિકાના ટેરીફમાં ૧૦

અનુસંધાન પાના ૭ પર

# બ્રિક્સ સમિટમાં ઈરાન પર હુમલાનો વિરોધ કરાયો

## બ્રિક્સ સંમેલનમાં પરોક્ષ રીતે અમેરિકાની ટીકા

નવી દિલ્હી, તા. ૦૭

બ્રાઝીલમાં શરૂ થયેલી ૧૧ બ્રીક્સ દેશોની શીખર પરિષદમાં ભારત છવાઈ ગયું છે અને તમામ દેશોએ પહેલગામ હુમલાનો વિરોધ કર્યો હતો ત્રાસવાદ સામે ભારતે ઓપરેશન સિંદૂર સહિતના જે પગલા લીધા છે તેને પણ સમર્થન જાહેર કર્યુ છે તેમજ આ બેઠકમાં એ પણ પ્રસ્તાવ પસાર કરાયો છે કે ત્રાસવાદ સામે કોઈપણ પ્રકારની સમજૂતી કરવામાં આવશે નહી.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ બેઠકને સંબોધીત કરતા જણાવ્યું હતું કે પહેલગામ હુમલો એ ભારતના આત્મા અને એકતા તેમજ અખંડીતતા સામે હુમલો હતો. અને જો આ પ્રકારના હુમલા સમયે રખાતુ મૌન એ ત્રાસવાદને સીધુ સમર્થન ગણાશે. તેમને કોઈ વ્યકિતગત કે રાજકીય ગોલ માટે ત્રાસવાદને સમર્થન સ્વીકાર્ય નહી હોવાનું જણાવ્યું હતું.

મહત્વપૂર્ણ રીતે આ બેઠકમાં અમેરિકાનું નામ લીધા વગર જ એકતરફી ટેરીફની ટીકા કરતા તેના આંતરરાષ્ટ્રીય નિયમો અને કાનૂનનો ભંગ ગણાવ્યો હતો. એટલું જ નહી બ્રીકસ દેશોએ ગાઝાની પરિસ્થિતિ અંગે પણ ચીતા દર્શાવીને માનવતાનો એંગલ મહત્વનો ગણાવ્યો હતો.

તો સૌથી વધુ મહત્વ રીતે બ્રીકસ દેશોએ ઈરાન પરના હુમલોની પણ ટીકા કરી હતી આમ બ્રીકસે અમેરિકાને આડકતરી ચેતવણી આપી છે. મહત્વનું એ છે કે હાલ ચાલી રહેલી બેઠકમાં બ્રીકસના બે મહત્વના રાષ્ટ્રો ચીન અને રશીયાના રાષ્ટ્રવડાઓ હાજર નથી અને તે સમયે ટ્રમ્પની ચેતવણી તથા બ્રીકસના પ્રસ્તાવ તેમની ગેરહાજરીમાં આવ્યા છે તે પણ સુચક છે.

# મસ્કને પાટા પરથી ઉતરી ગયેલી ટ્રેન ગણાવતા ટ્રમ્પ

### મસ્કે નવી પાર્ટી બનાવતા અમેરિકાના પ્રમુખ નારાજ

વોશિંગ્ટન, તા. ૦૭

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના ભૂતપૂર્વ સાથીદાર અને ટેસ્લાના સીઈઓ એલોન મસ્ક પર આકરા પ્રહારો કર્યા છે. ટ્રમ્પે મસ્કને 'પાટા પરથી ઉતરી ગયેલી ટ્રેન' ગણાવી છે. મસ્કે તાજેતરમાં 'અમેરિકા પાર્ટી' નામના નવા રાજકીય પક્ષની રચનાની જાહેરાત કરી છે, જેનાથી ટ્રમ્પ નાખુશ છે.

ટ્રમ્પે 'ટ્રુથ' પર લખ્યું છે, "મને એલોન મસ્કને સંપૂર્ણપણે પાટા પરથી ઉતરી ગયેલા જોઈને દુઃખ થયું છે, જે છેલ્લા પાંચ અઠવાડિયામાં ટ્રેનના ભંગારમાં ફેરવાઈ ગયો છે. તે ત્રીજો રાજકીય પક્ષ પણ શરૂ કરવા માંગે છે, તે હકીકત હોવા છતાં કે તે યુનાઈટેડ સ્ટેટ્સમાં ક્યારેય સફળ થયો નથી. એવું લાગે છે કે સિસ્ટમ તેના માટે રચાયેલ નથી." તેમણે વધુમાં કહ્યું, "ત્રીજા પક્ષો ફક્ત 'સંપૂર્ણ વિક્ષેપ અને અરાજકતા' તરફ દોરી જાય છે અને વોશિંગ્ટનને કટ્ટરપંથી ડાબેરી ડેમોક્રેટ્સથી આટલું બધું થયું છે

અનુસંધાન પાના ૭ પર

# હિમાચલ પ્રદેશમાં ૧૭ દિવસમાં ૧૯ વખત વાદળો ફાટયા : મૃતકોની કુલ સંખ્યા ૮૨

### બદ્રીનાથ હાઈવે બંધ, રૂદ્રપ્રયાગમાં ભારે વરસાદ, અલકાનંદા બે કાંઠે વહેતી થઈ

નવી દિલ્હી, તા. ૦૭

હિમાચલ પ્રદેશમાં ૨૦ જૂનથી ૬ જુલાઈ સુધીમાં વાદળ ફાટવાની ૧૯ ઘટનાઓ બની હતી. ૨૩ વખત પૂર અને ભૂસ્ખલનના ૧૯ બનાવો બન્યા હતા. વરસાદ, પૂર, ભૂસ્ખલન અને તેના કારણે થયેલા માર્ગ અકસ્માતોને કારણે રાજ્યમાં અત્યાર સુધીમાં ૮૨ લોકોએ જીવ ગુમાવ્યા છે. રાજ્યમાં ૨૬૯ રસ્તાઓ બંધ છે.

ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં ભારે વરસાદને કારણે બદ્રીનાથ હાઈવે પર ભૂસ્ખલન થયું છે. જેના કારણે નંદપ્રયાગ અને કર્ણપ્રયાગ નજીક રસ્તો બંધ કરી દેવામાં આવ્યો છે. સલામતી માટે વાહનોને રોકવામાં આવ્યા છે. કાટમાળ દૂર કરવાનું કામ ચાલુ છે, પરંતુ વરસાદને કારણે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

મધ્યપ્રદેશમાં મજબૂત સિસ્ટમ એક્ટિવ હોવાને કારણે, ચોમાસુ ભારે વરસાદ પડી રહ્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં શહડોલમાં ૪ ઈંચ વરસાદ પડ્યો છે. મોડીરાત્રે ૩

અનુસંધાન પાના ૭ પર

### છેલ્લા ૨૪ કલાકમાં ગુજરાતના ૨૦૯ તાલુકાઓમાં વરસાદ પડયો

ગાંધીનગર, તા. ૦૭

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૦૯ તાલુકામાં સાર્વત્રિક વરસાદ વરસ્યો છે. જેમાં ડોલવણમાં ૬, સુબીર અને બારડોલી તાલુકામાં પાંચ-પાંચ ઈંચ વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગની આગાહી મુજબ છેલ્લા કેટલાક દિવસથી રાજ્યના હવામાનમાં પલટો આવ્યો છે. અરબસાગરમાં કરંટ આવ્યો છે અને વરસાદી સિસ્ટમ બની છે. જે અંતર્ગત છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં સાર્વત્રિક મેઘમહેર થઈ છે. જેમાં ૨૦૯ તાલુકામાં વરસાદ વરસ્યો છે.ગઈકાલે સૌરાષ્ટ્ર, દક્ષિણ સુરત અને મધ્ય સુરતમાં ધોધમાર વરસસાદ વરસ્યો છે. વરસાદ પડતા લોકો ભારે હાલાકીમાં મુકાયા છે. ધંધા-રોજગાર પર જતા લોકોને ભારે અગવડતા પડી છે. ગઈકાલે ૭૯ તાલુકામાં ૧ ઈંચથી વધુ વરસાદ થયો હતો.

અનુસંધાન પાના ૭ પર

# સમય પૂર્વે હોમલોન ચુકવવા પર પ્રિ-પેમેન્ટ ચાર્જ નહિં લાગે

### ફલોટિંગ દરે હોમલોનલેનારાઓને મોટી રાહત આપતી રીઝર્વ બેંક

નવી દિલ્હી, તા. ૦૭

ભારતીય રિઝર્વ બેન્ક ફલોટીગ દર પર હોમ લોન લેનારા લોકોને મોટી રાહત આપી છે. જે અંતર્ગત જો કોઈ સમય પહેલા લોન ચુકવે છે તો તેની પાસેથી પ્રિ-પેમેન્ટ ચાર્જના નામે કોઈ વધારાની રકમ નહી વસુલવામાં આવે. આ નવો નિયમ ૧ જાન્યુઆરી ૨૦૨૬ થી લાગુ પડશે.

આરબીઆઈએ આ સંબંધમાં બધી બેન્કો, એનબીએફસી અને નાણાંકીય સંસ્થાઓ માટે સ્પષ્ટ નિર્દેશ જાહેર કર્યો છે. હાલ બધી એ પ્રિ-પેમેન્ટ ચાર્જને લઈને પોતાના હિસાબે અલગ-અલગ નિયમ બનાવ્યા છે.આ પરિસ્થિતિને ખતમ કરવા રિઝર્વ બેન્કે આ નિયમ બનાવ્યો છે.

આરબીઆઈએ એ પણ સ્પષ્ટ કર્યું છે કે પ્રિ-પેમેન્ટ ચાહે પુરી રકમનું હોય કે આંશિક, કોઈપણ સ્થિતિમાં કોઈ વધારાના ચાર્જ નહિ લેવામાં આવે. આ ઉપરાંત આ પ્રકારનાં પ્રિ-પેમેન્ટ માટે કોઈ ન્યુનતમ લોક-ઈન સમયગાળો પણ નહી રહે.

આરબીઆઈ અનુસાર આ

અનુસંધાન પાના ૭ પર

# ચાર દિવસમાં બાબ અમરનાથના ૭૦ હજાર શ્રદ્ધાળુઓએ દર્શન કર્યા

### કાશ્મીરના લોકો દ્વારા અમરનાથ યાત્રીઓનું સ્વાગત

નવી દિલ્હી, તા. ૦૭

અમરનાથ યાત્રા માટે લોકોમાં ભારે ઉત્સાહ છે. છેલ્લા ચાર દિવસમાં ૭૦ હજારથી વધુ શ્રદ્ધાળુઓએ અમરનાથ યાત્રા કરી છે, જ્યારે સોમવારે ૮,૬૦૫ શ્રદ્ધાળુઓનો બીજો સમૂહ કાશ્મીર ખીણ માટે રવાના થયો છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ૩ જુલાઈથી અમરનાથ યાત્રા શરૂ થઈ ત્યારથી અત્યાર સુધીમાં લગભગ ૭૦ હજાર લોકોએ બાબા બર્ફાનીના દર્શન કર્યા છે. તેમાંથી ૨૧,૫૧૨ શ્રદ્ધાળુઓએ રવિવારે દર્શન કર્યા હતા. આ ઉપરાંત, સોમવારે બે સુરક્ષા કાફલામાં જમ્મુના ભગવતી નગર યાત્રા નિવાસથી ૮,૬૦૫ શ્રદ્ધાળુઓનો બીજો સમૂહ કાશ્મીર ખીણ માટે રવાના થયો હતો.

અધિકારીઓએ જણાવ્યું હતું કે પહેલો કાફલો ૩,૪૮૬ શ્રદ્ધાળુઓ સાથે ઉત્તર કાશ્મીરના બાલતાલ બેઝ કેમ્પ જઈ રહ્યો છે, જ્યારે બીજો કાફલો ૫,૧૧૯ શ્રદ્ધાળુઓ સાથે દક્ષિણ કાશ્મીરના નુનવાન (પહલગામ) બેઝ કેમ્પ જઈ રહ્યો છે.

શ્રી અમરનાથજી શ્રાઈન બોર્ડ (SASB) ના અધિકારીઓએ જણાવ્યું હતું કે જમ્મુમાં ભગવતી નગર યાત્રી નિવાસની મુલાકાત લેતા યાત્રાળુઓ ઉપરાંત, યાત્રામાં જોડાવા માટે સ્થળ પર નોંધણી કરાવવા માટે ઘણા શ્રદ્ધાળુઓ સીધા બાલતાલ અને નુનવાન (પહલગામ) પહોંચી રહ્યા છે.

સેના, BSF, CRPF, SSB અને સ્થાનિક પોલીસની હાલની તાકાત વધારવા માટે CAPF ની ૧૮૦ વધારાની કંપનીઓ લાવવામાં આવી છે. સમગ્ર રૂટ સુરક્ષા દળો દ્વારા સુરક્ષિત કરવામાં આવ્યો છે.

સ્થાનિક લોકોએ ભૂતકાળની જેમ આ વર્ષે પણ અમરનાથ યાત્રામાં સંપૂર્ણ સહયોગ આપ્યો છે. પહેલગામ આતંકવાદી હુમલાથી કાશ્મીરીઓ દુઃખી છે તે સંદેશ આપવા માટે, સ્થાનિક લોકોએ પ્રથમ બેચના યાત્રાળુઓનું સ્વાગત કર્યું. યાત્રાળુઓ નૌગામ ટનલ પાર કરીને કાઝીગુંડથી કાશ્મીર ખીણમાં પ્રવેશતાની સાથે જ સ્થાનિક લોકોએ તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું.

અનુસંધાન પાના ૭ પર

# દિલ્હીમાં જોરદાર વરસાદ સાથે ટ્રાફીક જામમાં લોકો ફસાયા

### ઠેર-ઠેર વરસાદી પાણી ભરતા રસ્તાઓ પર વાહનોની લાઈનો લાગી

નવી દિલ્હી, તા. ૦૭

સોમવારે સવારે રાજધાની દિલ્હીમાં પડેલા વરસાદથી એક તરફ ગરમીથી રાહત મળી, તો બીજી તરફ તેનાથી લોકો માટે ઘણી સમસ્યાઓ પણ સર્જાઈ. ઘણા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા અને ભારે ટ્રાફિક જામ જોવા મળ્યો, જેના કારણે લોકોને આવવા-જવામાં મુશ્કેલીનો સામનો કરવો પડ્યો. વરસાદ બંધ થતાં જ દિલ્હીના રસ્તાઓ પર ભીડ જામ થઈ ગઈ. ગુરુગ્રામથી દિલ્હી જતા રસ્તા પર ટ્રાફિક ધીમે ધીમે વધવા લાગ્યો છે.

તે જ સમયે, દિલ્હીથી ગુરુગ્રામ જતા માર્ગ પર વાહનોની ગતિ પણ ધીમી છે. સોમવાર હોવાથી અને મોટાભાગના લોકો ઓફિસ જવા માટે નીકળે છે, વરસાદ બંધ થયા પછી તરત જ રસ્તાઓ પર ઘણી જગ્યાએ ટ્રાફિક જામ જોવા મળ્યો.ધૌલા કુઆંથી ગુરુગ્રામ એરપોર્ટ સુધીના રસ્તા પર ઘણા કિલોમીટર લાંબો ટ્રાફિક જામ જોવા મળ્યો. મહિપાલપુર અને દિલ્હી કેન્ટથી આવતા લોકો જામમાં ખરાબ રીતે ફસાયા હતા. સંગમ વિહાર વિસ્તારમાં એમબી રોડ પર પાણી ભરાઈ જવાને કારણે લાંબો જામ જોવા મળ્યો. સોમવારે સવારે ૯:૩૦ વાગ્યાની આસપાસની તસવીરોમાં જોઈ શકાય છે કે રસ્તો ખૂબ પાણીથી ભરાઈ ગયો છે અને વાહનોની ગતિ સંપૂર્ણપણે બંધ થઈ ગઈ છે.

અનુસંધાન પાના ૭ પર

# ગમે ત્યારે વિશ્વ યુદ્ધ થઈ શકે છે, સાવધ રહેવું જરૂરી છે : કેન્દ્રીય મંત્રી ગડકરી

### બિયોન્ડ બોર્ડસ પુસ્તકનાં વિમોચન પ્રસંગે કેન્દ્રીય પરિવહન મંત્રીનું નિવેદન

નવી દિલ્હી, તા. ૦૭

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરી એ રવિવારે 'બિયોન્ડ બોર્ડર્સ' પુસ્તકના વિમોચન પ્રસંગે વૈશ્વિક પરિસ્થિતિ પર ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે રશિયા-યુક્રેન અને ઈઝરાયલ-ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધોનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે વર્તમાન સંઘર્ષો એવી પરિસ્થિતિનું નિર્માણ કરી રહ્યા છે જ્યાં વિશ્વ યુદ્ધ ગમે ત્યારે ફાટી નીકળી શકે છે, તેથી સાવધાન રહેવાની તાતી જરૂર છે.ગડકરી એ સ્પષ્ટપણે કહ્યું કે, "ઈઝરાયલ અને ઈરાન તેમજ રશિયા અને યુક્રેનમાં યુદ્ધ વચ્ચે સમગ્ર વિશ્વમાં સંઘર્ષનું વાતાવરણ છે. પરિસ્થિતિ એવી છે કે આ બે યુદ્ધોની પૃષ્ઠભૂમિમાં ગમે ત્યારે વિશ્વ યુદ્ધ ફાટી નીકળવાની શક્યતા છે."તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, યુદ્ધ સંબંધિત ટેકનોલોજીકલ પ્રગતિએ યુદ્ધના પરિમાણો બદલી નાખ્યા છે, જેના કારણે માનવતાનું રક્ષણ કરવું પણ મુશ્કેલ બની રહ્યું છે.મિસાઈલો અને ડ્રોનનો વધતો ઉપયોગ ટેન્ક અને અન્ય પ્રકારના વિમાનોની સુસંગતતા ઘટાડી રહ્યો છે, જ્યારે નાગરિક વસાહતો પર ઘણીવાર મિસાઈલો છોડવામાં આવે છે, જે એક ગંભીર સમસ્યા ઊભી કરી રહી છે.ભાજપ ના વરિષ્ઠ નેતા ગડકરી એ મહાસત્તાઓની સરમુખત્યારશાહી અને આપખુદશાહી પર પણ પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું કે આના કારણે સંકલન, પરસ્પર સંવાદિતા અને પ્રેમનો અંત આવી રહ્યો છે અને સમગ્ર વિશ્વમાં સંઘર્ષનું વાતાવરણ પ્રવર્તી રહ્યું છે. તેમણે જણાવ્યું કે, "આ કહેવું યોગ્ય રહેશે નહીં, પરંતુ આ બધું ધીમે ધીમે વિનાશ તરફ દોરી રહ્યું છે."ગડકરી એ ભારતને સત્ય, અહિંસા અને શાંતિનો સંદેશ આપનાર ભગવાન બુદ્ધની ભૂમિ ગણાવતા, આંતરરાષ્ટ્રીય ઘટનાઓની સમીક્ષા કરવાની અને વિચાર-વિમર્શ પછી ભવિષ્યની નીતિ ઘડવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

# ખાડીપુર અંગે જિલ્લા કલેક્ટર પારઘીના અધ્યક્ષ સ્થાને હાઈ પાવર કમિટીની રચના

## કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલના અધ્યક્ષ સ્થો પૂરની પરિસ્થિતિને નિવારવાના આયોજન અંગે બેઠક



સુરત, તા.૭

સુરત શહેરને ચોમાસા દરમિયાન આવતા ખાડીપૂરમાંથી મુકત બનાવવા કેન્દ્રીય જળશકિતમંત્રીશ્રી સી.આર.પાટીલના અધ્યક્ષસ્થાને અનેગૃહરાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી, વન, પર્યાવરણ, પાણી પૂરવઠા રાજ્યમંત્રીશ્રી મુકેશભાઈ પટેલ, આદિજાતિ રાજયમંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિસહિત સાંસદશ્રીઓ, ધારાસભ્યો, ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં સરકીટ હાઉસ ખાતે બેઠક મળી હતી. આ બેઠકમાં સુરત શહેરની ખાડીમાં આગળથી આવતા વરસાદી પાણીના કારણે પૂરની પરિસ્થિત ન ઉદ્દભવે તે માટે ચર્ચા-વિચારણા, મંથન કરવામાં આવ્યુ હતું. જેના માટે કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાને વિવિધ વિભાગો, મહાનગરપાલિકાને સાથે રાખીને હાઈપાવર કમિટીની તાકીદે રચના કરવા જળશક્તિમંત્રીશ્રીએ જણાવ્યું હતું. બારડોલી તાલુકાના હરિપુરા ખાતે ઉદ્દભવતી ભામૈયા કડોદરા ખાડી અને શામપુરા ખાતેથી ઉદ્દભવતી દેલાડ જોખા કોસમાડી ખાડીના પાણી સુરત શહેરમાંઆવે છે. આ ખાડીઓની ક્ષમતા ઓછી થવાના કારણે, ડ્રેનેજની જગ્યામાં બાંધકામ થવાથી, વિવિધ સોસાયટીઓની કમ્પાઉન્ડ વોલકે પાણીના વહેણ અવરોધવાના કારણે પાણીનો ભરાવો થાય છે. જેના ઉકેલ માટે વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી હતી. આ ખાડીઓના પાણી ડાયવર્ટ કરી, તાપીમાં લઈ જવા ઉપરાંત ખાડીઓના પટવિસ્તારમાં આવતા તળાવો ઉંડા કરવા સહિતની બાબતોને ધ્યાને લઈને સર્વે, આયોજન અંગેપદાધિકારી-અધિકારીઓની સાથે મંત્રીશ્રીએ ચર્ચા કરી હતી.

કેન્દ્રીય મંત્રીશ્રીએ જ્યાંખાડીની પહોળાઈ ઓછી થઈ હોય, ઉપરાંત સર્વે કરી સિંચાઈ અને ડ્રેનેજ વિભાગ, મીઠી ખાડી અને કાકરા ખાડીનું ડીસિલ્ટીગ કરવા જણાવી, ખાડીને અડીને આવેલા હયાત બાંધકામોનો સર્વે કરાવી, વરસાદી પાણીના નિકાલ માટે નડતરરૂપ બાંધકામો દૂર કરવા મહાનગરપાલિકાને સૂચના આપી હતી, ઉપરાંત ભવિષ્યમાં પૂરની સ્થિતિ ન સર્જાય તે માટે નક્કર આયોજન અંગે વિસ્તૃત ચર્ચાકરવામાંઆવીહતી. સુરત શહેરમાં મેટ્રો પ્રોજેકટી કામગીરી ચાલી રહી છે, જેના કારણે રસ્તાઓ બંધ કરવામાં આવ્યા છેઅને ચોમાસા દરમિયાન પાણી ભરાવાની સમસ્યાઓ ઉભી થઈ હતી. જળશક્તિ મંત્રીશ્રીએ મેટ્રોના અધિકારીઓને લોકોને મુશ્કેલી ન

અનુસંધાન પાના ૭ પર

### સુરતમાં ખાડીના પાણી ભરાવાના મુખ્ય કારણો

ચોમાસા દરમિયાન ભારે વરસાદના કિસ્સામાં સુરત શહેરમાં અનેક વિસ્તારમાં પાણીમાંગરકાવથતા હોય છે જેના મુખ્ય કારણોમાં ખાડીમાં સિલ્ટીગ થવાને કારણે ખાડીની ક્ષમતા ઓછી થવી. ખાડીની આજુબાજુ બાંધકામ થવાથી વહેણ સાંકડું થવું. ખાડીના ડ્રેઈન અને સબ ડ્રેઈનમાં દબાણ થવું, ખાડીમાં કચરાનો નિકાલ કરવો અને ખાડીના કુદરતી વહેણને ડાયવર્ટ કરવાથી આજુબાજુના વિસ્તારમાં પાણીનો ભરાવો થાય છે.

### ખાડીપૂર નિવારવાના ઉપાયો

બેઠક દરમિયાન સુરત શહેરમાં આવતા ખાડીપૂરને નિવારવા માટે નર્મદા જળસંપત્તિ અને કલ્પસર વિભાગ દ્વારા ખાડીઓને નિયમિત રીતે ડિસિલ્ટીંગ કરવામાં આવે. ખાડીની પહોળાઈ વધારવામાં આવે તેમજ ખાડીની આજુબાજુબિનઅધિકૃત બાંધકામ થકીકરવામાં આવેલા દબાણો હટાવવામાં આવે તેમજ શહેરી રોડ-રસ્તાતથા ગ્રામ્ય વિસ્તારમાંથી પસાર થતા હાઈ-વેને સમાંતર પાઈપલાઈન કરી વરસાદી પાણીની નિકાલ કરવામાં આવે.

# સુરતના માનદરવાજા ખાતે ટેનામેન્ટનું ખાતમુહૂર્ત કરતા સી.આર. પાટીલે

## ૨૦૧૬ હેઠળ અંદાજિત રૂા.૨૦૦ કરોડના ખર્ચે ટેનામેન્ટને રિડેવલપમેન્ટ કરાશે



સુરત, તા.૭

કેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રી સી.આર.પાટિલે સુરતના માનદરવાજા ખાતે ૧૩૧૨ ટેનામેન્ટ, ફાયર સ્ટેશન, ન.પ્રા.શાળા તેમજ આંગણવાડી સહિતના નવીનીકરણના કામોનું ખાતમુહૂર્ત કર્યું હતું. રાજય સરકારની જાહેર આવાસોના પુનઃવિકાસ યોજના અંતર્ગત માન દરવાજા ખાતે અંદાજે રૂ.૨૦૦ કરોડના ખર્ચે રહેણાંક ટેનામેન્ટનારિડેવલપમેન્ટ સહિત૧૧૭દુકાનો ધરાવતું શોપિંગ સેન્ટર, ૪૦ સ્ટાફ ક્વાટર્સ અને ૨ ઓફિસ સહિતનું ફાયર સ્ટેશન પણ તૈયાર કરાશે. આ પ્રસંગે કેન્દ્રીયમંત્રીશ્રીએ નવું ઘર મેળવનારા તમામ પરિવારોને અભિનંદન પાઠવતા જણાવ્યું કે, માન દરવાજા ટેનામેન્ટના નવીનીકરણ સાથે અનેક પરિવારોની વર્ષો જૂની સમસ્યાનો અંત આવશે. હાલ કરતાં ૪૦ ટકા વધારાની જગ્યા સાથે તૈયાર થનારૂ સપનાનું નવું ઘર ટેનામેન્ટના પરિવારો માટે બમણી ખુશી આપશે. આશરે દોઢથી બે વર્ષમાં જ અનેક પરિવારોનું નવા ઘરનું સ્વપ્ન સાકારિત થશે. સાથે જ દરેક પરિવારોને દર મહિને રૂ. ૭ હજારનું ભાડું મળશે જે તેમને આર્થિકપીઠબળઆપશે. તેમજ અનેક સુવિધાઓ સાથેનું નવું મકાન ભવિષ્યમાં લાંબા સમય મજબૂત રહે તે રીતે તૈયાર કરવામાં આવશે. આ પ્રસંગે ધારાસભ્યશ્રી સંગીતાબેને જણાવ્યું કે, ઘણાં વર્ષોથી મુશ્કેલી ભોગવી રહેલા પરિવારોની સમસ્યાનો અંત આવ્યો છે. સરકાર, સ્થાનિકપ્રશાસનના અથાગ પ્રયત્નોથી આ પ્રોજેક્ટમાં મોટું ઘર,

અનુસંધાન પાના ૭ પર



# વરાછા બેંક અને સ્કોબાના સંયુક્ત ઉપક્રમે સાયબર સિક્યુરિટી તાલીમ

## અર્બન કો.ઓપ. બેંક્સના કર્મચારીઓ માટે તાલીમ કાર્યક્રમ યોજાયો

સુરત, તા.૭

વરાછા બેંક, સ્કોબા અને RBI (CAB) દ્વારા સુરત ખાતે સાયબર સિક્યુરિટી માટે તાલીમ કાર્યક્રમ નું આયોજન કરી વિશ્વ સહકાર દિન ની ઉજવણી કરવામાં આવી..

ગુજરાત રાજ્યની સહકારી બેંકોમાં અગ્રીમ સ્થાન ધરાવતી ધી વરાછા કો-ઓપ. બેંક લિ. તેમજ કોલેજ ઓફ એગ્રીકલ્ચર બેન્કિંગ (CAB), RBI અને ધી સાઉથ ગુજરાત કો-ઓપ. બેંક્સ એસોસિયેશન લિ. (સ્કોબા) ના સંયુક્ત ઉપક્રમે વિશ્વ સહકાર દિન નિમિતે MISSION AVTU - ૨૦૨૫ હેઠળ અર્બન કો-ઓપ. બેંક્સ ના હોદ્દેદારશ્રીઓ તેમજ અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ સાથે સાયબર સિક્યુરિટી અંગે તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન અને વક્તા તરીકે સાયબર સિક્યુરિટી ના તજજ્ઞ અને CAB ના જનરલ મેનેજરશ્રી તેમજ વાઈસ પ્રિન્સિપાલશ્રી આનંદ ઉપાધ્યાયજી તેમજ તેમના સાથી મિત્ર CAB ના મેમ્બર ઓફ ફેકલ્ટીશ્રી સૌગત ચક્રવર્તીજી ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ડિજિટલ યુગમાં સાયબર સિક્યુરિટી માટે બેંકો સાથે કર્મચારીઓ પણ સુસજજ થાય અને આધુનિક ટેકનોલોજી સાથે બેન્કિંગ સેવા પૂરી પાડી શકે તે માટે તાલીમ યોજાય હતી. સાયબર સિક્યુરિટી ના તજજ્ઞ શ્રી આનંદ ઉપાધ્યાયજી તેમજ શ્રી સૌગત ચક્રવર્તીજી દ્વારા આશરે ૩૦૦ જેટલા અર્બન કો-ઓપ. બેંક્સ હોદ્દેદારશ્રીઓ તેમજ કર્મચારીશ્રીઓ ને તાલીમ આપવામાં આવી હતી.વરાછા બેંક નાં ચેરમેનશ્રી ભવાનભાઈ નવાપરા તેમજ બોર્ડ ઓફ મેનેજમેન્ટનાં ચેરમેનશ્રી કાનજીભાઈ ભાલાળા અને જનરલ મેનેજરશ્રી વિઠ્ઠલભાઈ ધાનાણી દ્વારા મુખ્ય

અનુસંધાન પાના ૭ પર

# ચેમ્બર ઓફ કોમર્સ તથા એસડી જૈન કોલેજ વચ્ચે એમઓયુ કરાયા

## વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ જ્ઞાન પ્રાપ્ત થાય તે હેતુથી કરાર કરાયા

સુરત, તા.૭

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને એસ.ડી. જૈન ઈન્ટરનેશનલ કોલેજ, સુરત વચ્ચે શનિવાર, તા. ૦૫ જુલાઈ ૨૦૨૫ ના રોજ સંહતિ, સરસાણા, સુરત ખાતે રૈં સાઈન કરાયો હતો, જેમાં ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી અને એસ.ડી. જૈન ઈન્ટરનેશનલ કોલેજના ટ્રસ્ટ રિપ્રેઝન્ટેટીવ ડો.વૈભવ દેસાઈએ હસ્તાક્ષર કર્યા હતા. ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, 'SGCCI વેપાર અને વાણિજ્યની સાથે-સાથે વિદ્યા ક્ષેત્રમાં ગુણવત્તાયુક્ત (ક્વોલિટી) શિક્ષણ પર સવિશેષ ધ્યાન આપે છે. આ સમજૂતી કરાર હેઠળ આગામી દિવસોમાં એસ.ડી. ઈન્ટરનેશનલ કોલેજના વિદ્યાર્થીઓને ઈન્ડસ્ટ્રીનું પ્રેક્ટિકલ જ્ઞાન પ્રાપ્ત થાય તે માટે જરૂરી ઈન્ટર્નશીપ અને ભવિષ્યની કારકિર્દીમાં ઉપયોગી રહે તેવું કૌશલ્યયુક્ત રોજગાર સરળતાથી મળી રહે તે માટે ચેમ્બર ઓફ કોમર્સ પ્રયત્નશીલ રહેશે. તેવી જ રીતે દક્ષિણ ગુજરાતના વેપારીઓને એસ.ડી.જૈન ઈન્ટરનેશનલ કોલેજના પ્રાધ્યાપકો તથા ટેલેન્ટ બેન્ક થકી નવી ટેક્નોલોજી, માર્કેટ અને GMP (Good Management Practise) જેવા વિષયો પર સેમિનાર કરવામાં આવશે.' તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'આ ઉપરાંત, 3I એટલે કે Industry, Institute, Inter-actions જેવા વિષયો પર એક-બીજાને સહયોગ આપવાના અને સુરત સહિત દક્ષિણ ગુજરાતના વિદ્યાર્થીઓને કૌશલ્યવાન બનાવવાના હેતુસર આ MoU કરવામાં આવ્યા હતા.' આ પ્રસંગે ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, માનદ્ ખજાનચી સી.એ. મિતિષ મોદી, એસ.ડી. જૈન ઈન્ટરનેશનલ કોલેજના પ્રિન્સિપલ ડો. અદિતી ભટ્ટ, પ્લેસમેન્ટ ડિપાર્ટમેન્ટના હેડ ડો. દર્શના શાહ, ઈન્ટર્નશીપ ડિપાર્ટમેન્ટના હેડ ડો. પ્રિતિ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા.



# રોટરી ક્લબ ઓફ સુરત રાઉન્ડટાઉન નવા પ્રમુખ તરીકે કૌરીન પાનવાલાની વરણી

## મંત્રી તરીકે મીના બેન શાહની નિમણૂંક

સુરત, તા.૭

આજરોજ રોટરી ક્લબ ઓફ સુરત રાઉન્ડટાઉનના નવા પ્રમુખ માટે ઈન્સ્ટોલેશનનો કાર્યક્રમ રખાયો.અને આ કાર્યક્રમમાં નવા પ્રમુખ તરીકે કૌરીન પાનવાળાની વરણી કરવામાં આવી , તેમનું પ્રમુખ તરીકેનું ઈન્સ્ટોલેશન રોટેરિયન દીપકભાઈ બેરી દ્વારા કરવામાં આવ્યું હતું , મંત્રી તરીકે મીનાબેન શાહ ની નિયુક્તિ કરવામાં આવી .

વર્ષ ૨૦૨૫- ૨૬ માટે પાંચ નવા ડિરેક્ટરો ની પણ વરણી કરવામાં જેમાં બીનાબેન પરીખ, સુગીત પાઠકજી , યગ્નેશ શાહ , પરાગ ચોખવાળા , બ્રિજેશ ભાટિયા છે , ઉપરાંત સાર્જન્ટ તરીકે રશ્મિબેન બેરીની વરણી કરવામાં આવી . ખજાનચી તરીકે ભાવેશભાઈ ગાજિવાલાની વરણી કરવામાં આવી. કલબ એકિઝક્યુટિવ સેક્રેટરી મોનાબેન સીટવાળા એ કાર્યભાર સંભાળ્યો. ક્લબમાં ૨૦૨૫-૨૬ દરમિયાન એડવાઈઝર તરીકે પૂર્વ ડિસ્ટ્રિક્ટ ગવર્નર કુલબંધુ શર્મા , ડો . પ્રશાંત દેસાઈ અને ડૉ. બિરેન સીટવાળા એ કાર્યભાર સંભાળ્યો .સમગ્ર કાર્યક્રમનું સંચાલન કૃપાબેન પાનવાળા અને શિવાનીબેન જરીવાલા દ્વારા કરવામાં આવ્યું હતું.

# પાવર ગ્રીડ દ્વારા ખેડૂતોને ઓછું વળતર ચુકવાયું હોવાની ફરિયાદ

## મૂળદ મુકામે સુરત જિલ્લા ખેડૂત સમાજની બેઠક યોજાઈ

સુરત, તા.૭

સુરત જિલ્લાના ગળતેશ્વર તેમજ મૂળદ મુકામે જિલ્લામાંથી પસાર થનાર ૭૬૫ કેવી વીજ ટ્રાન્સમિશન લાઈનના સંદર્ભમાં મિટિંગ મળી હતી. ગળતેશ્વર ખાતે સુરત જિલ્લા ખેડૂત સમાજના પ્રમુખશ્રી પરિમલ પટેલના અધ્યક્ષ સ્થાને ખેડુતોએ પોતાની વ્યથાઓ ઠાલવી હતી. ખેડૂતોનો મુખ્ય મુદ્દો પાવરગ્રીડ દ્વારા લેખિતમાં વળતરની રશીદ આપ્યા બાદ એ વળતરથી વિપરીત ઓછું વળતર ખેડૂતોના બેંકના ખાતામાં જમા કરાવવાનો હતો.

પરિમલ પટેલનો આક્ષેપ હતો કે જ્યારે ડિસ્ટ્રિક મેજિસ્ટ્રેટે હુકમ કરી દીધો છે અને એને સંપૂર્ણપણે સમજ્યા પછી પાવરગ્રીડે વળતરની ગણતરી કરી લેખિતમાં આપી દીધું છે અને જ્યારે હવે વળતર આપવાની વાત આવી છે ત્યારે ઓરડીમાં વાંધા કાઢવામાં આવે છે અને ખેડૂતોને કોઈપણ જાતની માહિતી આપ્યા વિના ખાતામાં ઓછા પૈસા જમા કર્યા છે એના પરથી શંકા ઉત્પન્ન થાય છે કે ક્યાંક આમા કોઈ રાજકીય હસ્તક્ષેપ તો નહી હોય ને? અને જો હશે તો અમે રાજકીય રીતે લડી લેવા માટે પણ સક્ષમ છીએ. એમનું કહેવું હતું કે ખેડુતોએ બે વર્ષ સંઘર્ષ કરીને આ વળતર મેળવ્યું છે ત્યારે એની સાથે થતો કોઈપણ અન્યાય સહન કરવામાં આવશે નહીં. એમણે એમપણ જણાવ્યું હતું કે પોલીસ દ્વારા ખેડૂતોને બોલાવીને જવાબ લેવામાં આવી રહ્યા છે જે સદંતર ખોટું છે, જ્યારે બધી પરિસ્થિતિ બધા જ સરકારી અધિકારીઓને ખબર છે તો કામ વગર ખેડૂતોને બોલાવી ધમકાવવાની કોશિશ કરશો નહિ. આ મિટિંગમાં ખેડૂત સમાજને ખેડૂતો દ્વારા દાનની પણ જાહેરાતો કરવામાં આવી. મૂળદ ખાતેની મિટિંગમાં ગુજરાત ખેડૂત સમાજના પ્રમુખશ્રી જયેશભાઈ પટેલ, દક્ષિણ

અનુસંધાન પાના ૭ પર



# શ્રી શંભુભાઈ વી પટેલ કોલેજ ખાતે મેંહદી હરિફાઈનું આયોજન

સુરત, તા.૭

શ્રી શંભુભાઈ વી પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ બિઝનેસ મેનેજમેન્ટ, સુમુલ ડેરી રોડ, સુરત ખાતે મેંહદી હરિફાઈ નું આયોજન કરવામાં આવ્યું જેમાં મોટી સંખ્યામાં બી.બી.એ તથા બી.સી.એ ના વિધાર્થિનીઓ એ ભાગ લીધો હતો.આ પ્રસંગે કોલેજ ના ઈ.આ શ્રી સી.એચ ઠક્કર અને કોલેજ પરિવારના સભ્યો એ ભાગ લેનાર વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.

# લિંબાયતમાં તેલુગુ સમાજ દ્વારા તાજીયાઓનું સ્વાગત



સુરત, તા.૭

મોહરમ નિમિત્તે લિંબાયતમાં મદીના મસ્જિદ થી મારુતિ નગર પ્રતાપનગર થઈને મીઠી ખાડી થી આગળ થઈ રીંગરોડ તરફ તાજિયાનું જુલુસ કોમી એખલાસ અને આનંદ ઉત્સાહ તેમજ શાંતિપૂર્વક વાતાવરણમાં નીકળ્યો હતો. મદીના મસ્જિદ પાસે સન્માન અને સ્વાગત નું કાર્યક્રમ રાખવામાં આવ્યું હતું,તેમાં લિંબાયત તાજીયા કમિટીના અધ્યક્ષ શ્રી હાજી ચિનુભાઈએ પોલીસ અધિકારીઓને,શાંતિ સમિતિના સભ્યોને,હિંદુ મુસ્લિમ સમાજના રાજકીય તેમજ સામાજિક કાર્યકર્તાઓનું સ્વાગત કરી સન્માન કર્યું હતું. આ વખતે પહેલીવાર લિંબાયત પ્રતાપ નગર ખાતે આવેલ માર્કંડેશ્વર મહાદેવ મંદિર પાસે પદ્મશાલી (તેલગુ) સમાજના આગેવાનો એ ત્યાં સ્ટેજ બનાવીને ત્યાંથી પસાર થતા તાજીયાઓનું તેમજ તાજીયા કમિટીના આગેવાનોનું ફૂલોથી સ્વાગત કર્યું હતું. તાજિયા જુલુસ શાંતિ રીતે પૂરું થાય તે માટે ડીસીપી શ્રી ભગીરથ ગઢવી સાહેબ, એસીપી શ્રી જાડેજા સાહેબ, પીઆઇ શ્રી કામળિયા ચિરાગ સાહેબ તેમજ પોલીસ સ્ટાફ એ ખૂબ જ મહેનત કરી હતી.

# ફ્લેગશિપ યોજનાઓ વિષયે જે.બી. ધારુકા કોલેજ ખાતે વર્કશોપ યોજાયો

## સહભાગીઓએ વિવિધ સરકારી યોજનાઓ વિશે માહિતી મેળવી

સુરત, તા.૭

યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલય હેઠળ કાર્યરત માય ભારત, સુરત દ્વારા તારીખ ૦૫ જુલાઈ ૨૦૨૫ના રોજ જે.બી. ધારુકા કોલેજ, સુરત ખાતે "ફ્લેગશિપ યોજનાઓ" વિષય પર એક સફળ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૭૦થી વધુ ઉત્સાહી સહભાગીઓએ ભાગ લીધો હતો. આ વર્કશોપનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાનોને કેન્દ્ર સરકારની વિવિધ મુખ્ય યોજનાઓ વિશે માહિતગાર કરવાનો હતો, જેથી તેઓ આ યોજનાઓનો લાભ લઈ શકે અને રાષ્ટ્ર નિર્માણમાં પોતાનું યોગદાન આપી શકે. વર્કશોપ દરમિયાન, સ્ટેન્ડ અપ ઈન્ડિયા, સ્કિલ ઈન્ડિયા, ન્ઝ, મહિલા અને બાળ કલ્યાણ યોજનાઓ, તેમજ માય ભારત યોજના જેવી મહત્વપૂર્ણ યોજનાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.રિસોર્સ પર્સન શ્રી મયુરભાઈ (SVNIT, સુરત) દ્વારા "સ્ટેન્ડ અપ ઈન્ડિયા" યોજના વિશે ઊંડાણપૂર્વક માહિતી આપી હતી અને યુવાનોને ઉદ્યોગસાહસિકતા માટે પ્રોત્સાહિત કર્યા હતા. માય

અનુસંધાન પાના ૭ પર



# સેઈલર સ્પોર્ટસ ક્લબનું ગૌરવ

સુરત, તા.૭

ગુજરાત સ્પોર્ટસ એસોસીએશન અને સરિતા સાગર સંકુલ દ્વારા ગુજરાત સ્ટેટ પાવર લિફટીગ, બેંચપ્રેસ અને ડેડલીલ ચેમ્પિયનશીપ યોજાઈ હતી. જેમાં સેઈલર સ્પોર્ટસ ક્લબના રમતવીરો જશ બોરસલીવાલાએ બેંચપ્રેસમાં પ્રથમ ક્રમ, હરિષલ કહારે બેંચપ્રેસમાં પ્રથમ ક્રમ, નીલ ડુમસવાલાએ સ્કવોટમાં દ્વિતીય ક્રમ, હિતેશ શાહે ડેડલીફમાં પ્રથમ ક્રમ, વિજય પટેલે ડેડલીફટમાં તૃતીય ક્રમ, મીત ભગતે સ્કવોટમાં તૃતીય ક્રમ, રાકશે રાઠોડે કવોટમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરેલ છે. તેમની સિદ્ધિ બદલ સેઈલર સ્પોર્ટસ કલબનાં પ્રમુખ ગણેશ સારંગ, સર વિનય પટેલ તથા તમામ સભ્યોએ શુભેચ્છા પાઠવી પ્રોત્સાહન આપેલ છે. તેઓએ સેઈલર સ્પોર્ટસ કબલ વ્યાયામશાળાનું નામ રોશન કરેલ છે.

# સુરત મહાનગર પાલિકા દ્વારા મહેંદી સ્પર્ધા

## સ્પર્ધામાં ૭૦૦ યુવતીઓ તથા મહિલાઓએ લાભ લીધો



સુરત, તા.૭

ભારતીય સંસ્કૃતિમાં બાલિકાઓ, કન્યાઓ અને મહિલાઓ માટે જ વિશેષરૂપે યોજાતા અલુણાવ્રત ઉત્સવને જીવંત અને ધબકતો રાખવાના ઉમદા હેતુસર સુરત મહાનગરપાલિકા દ્વારા મહેંદી અને ગોરમાગીત સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ છે. શહેરના પ્રથમ નાગરિક માન.મેયરશ્રી દક્ષોશભાઈ માવાણી, ડે.મેયરશ્રી ડો.નરેન્દ્રભાઈ પાટીલ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજન પટેલ, મ્યુનિ.કમિશનરશ્રી શાલિની અગ્રવાલ, આઈ.એ.એસ., શાસકપક્ષ નેતાશ્રી શશીબેન ત્રિપાઠી, શાસક પક્ષ દંડકશ્રી ધર્મેશભાઈ વાણિયાવાલાના માર્ગદર્શન હેઠળ ખુલ્લા વિભાગ(૨૧ થી ૪૦ વર્ષ)ની મહેંદી સ્પર્ધાઓનું આયોજન તા.૦૫/૦૭/૨૦૨૫ને શનિવારના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે રૂસ્તમપુરા કોમ્યુનિટી હોલ, આશાપુરી માતાના મંદિર પાસે, રૂસ્તમપુરા, સુરત ખાતે કરવામાં આવેલ હતું. આ સ્પર્ધાનો શુભારંભ દિપ પ્રાગ્ટય દ્વારા કરવામાં આવ્યો હતો. માન.સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી સોનલબેન દેસાઈએ યુવતીઓમાં રહેલી સુષુપ્ત શકિતને બહાર લાવવા અને સાંસ્કૃતિક વારસાના જતન અને સંવર્ધન માટે સુરત મહાનગરપાલિકા દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં નગરજનોને ભાગ લેવા હિમાયત કરી હતી તથા સુરત મહાનગરપાલિકાના આસીસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનરશ્રી ગાયત્રીબેન જરીવાલાએ સ્પર્ધકોને મહેંદી સ્પર્ધાનું મહત્વ સમજાવી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા. ભારતીય પરંપરામાં શુકન ગણાતી હાથે મહેંદી મુકવાની પ્રણાલીને

અનુસંધાન પાના ૭ પર

# વિશ્વની ૬૦ ટકા વસ્તી સોશિયલ મિડીયા મગ્નઃ દર સેકન્ડે ૫.૫ નવા યુઝરનો ઉમેરો થાય છે

વ્યક્તિ દરરોજ ૭થી ૮ કલાક ઊંઘ લે તેવું માની લઈએ તો લેટેસ્ટ આંકડા એવું સૂચવે છે કે લોકો જાગતા હોય તેનો ૧૫ ટકા સમય સોશિયલ મિડીયા પર પસાર કરે છે. સમગ્ર વિશ્વનાં લોકો એક દિવસમાં સોશિયલ મિડીયા પર જે સમય પસાર કરે છે તેનો કુલ સમય ગણીએ તો તે ૧૨ અબજ કલાક થાય છે, જે માનવ અસ્તિત્વનાં ૧૩.૫ લાખ વર્ષ થાય

મારી આસપાસ ભાગ્યે જ કોઇ એવી વ્યક્તિ હશે જે સોશિયલ મિડીયાનો ઉપયોગ ન કરતું હોય. વિશ્વનાં પાંચ અબજ લોકો એટલે કે ૬૦ ટકાથી વધુ વસતિ સોશિયલ મિડીયા પર સક્રિય છે. ગયા વર્ષની સરખામણીમાં ૩.૭ ટકાનો વધારો થયો છે. વિશ્વમાં દર સેકન્ડે સરેરાશ ૫.૫ નવા યુઝરનો ઉમેરો થાય છે. ડિજિટલ એડવાઇઝરી ફર્મ કેપિઓસની ટીમે કરેલા ડિટેલ એનાલિસિસ પ્રમાણે જુલાઇ ૨૦૨૩માં વિશ્વમાં ૫.૧૯ અબજ ડોલર લોકો સોશિયલ મિડિયાનો ઉપયોગ કરી રહ્યા છે, જે વિશ્વની કુલ વસ્તીના ૬૦ ટકા થાય છે. જો કે પ્રદેશ પ્રમાણે યુઝર્સની સંખ્યામાં મોટો તફાવત છે. પૂર્વ અને મધ્ય આફ્રિકામાં ૧૧ વ્યક્તિ દીઠ માત્ર એક જ વ્યક્તિ સોશિયલ મિડીયાનો ઉપયોગ કરે છે, જ્યારે વિશ્વમાં સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ બની ગયેલા ભારતમાં ત્રણ વ્યક્તિમાંથી એક વ્યક્તિ સોશિયલ મિડીયા પર સક્રિય છે. એટલે કે દેશનાં ૩૩ ટકા લોકો સોશિયલ મિડીયાનો કોઈને કોઇ રીતે ઉપયોગ કરે છે.

સોશિયલ મિડીયા પર યુઝર દ્વારા પસાર કરવામાં આવતા સમયમાં બે મિનીટનો વધારો થઈને પ્રતિ દિવસ ૨ કલાક ૨૬ મિનિટ થયો છે. અહી પણ પ્રદેશ પ્રમાણે ભારે અસંતુલન છે. બ્રાઝિલના નાગરિકો સોશિયલ મીડિયા પર દરરોજ ત્રણ કલાક ૪૯ મિનિટનો સમય ગાળે છે, જ્યારે જાપાનના




લોકો એક કલાકથી પણ ઓછા સમય માટે સોશિયલ મિડીયા પર હોય છે. લેટેસ્ટ આંકડા પ્રમાણે ૧૦માંથી ૯ ઈન્ટરનેટ યુઝર હવે સોશિયલ મિડીયાનો ઉપયોગ કરે છે. સોશિયલ મિડીયા યુઝર સરેરાશ ૬.૭ પ્લેટફોર્મનો ઉપયોગ કરે છે.

વ્યક્તિ દરરોજ ૭થી ૮ કલાક ઊંઘ લે તેવું માની લઈએ તો લેટેસ્ટ આંકડા એવું સૂચવે છે કે લોકો જાગતા હોય તેનો ૧૫ ટકા સમય સોશિયલ મિડીયા પર પસાર કરે છે. સમગ્ર વિશ્વનાં લોકો એક દિવસમાં સોશિયલ મિડીયા પર જે સમય પસાર કરે છે તેનો કુલ સમય ૧૨ અબજ કલાક થાય છે, જે માનવ અસ્તિત્વનાં ૧૩.૫ લાખ વર્ષ થાય. સરેરાશ સોશિયલ મિડીયા યુઝર સાત પ્લેટફોર્મ પર હોય છે. લોકોની ફેવરીટ સોશિયલ મિડીયા એપમાંથી ત્રણ એપ- વોટ્સએપ, ઈન્સ્ટાગ્રામ અને ફેસબુકની માલિકી મેટા પાસે છે. ચીનમાં ત્રણ એપ્સ ચાલે છે- વીચેટ, ટિક ટોક અને તેનં લોકલ વર્ઝન ડોઈન. ટોપ સોશિયલ મિડીયા પ્લેટફોર્મમાં ટ્વિટર, મેસેન્જર અને ટેલિગ્રામનો સમાવેશ થાય છે.ટ્વિટર હવે જોબ લિસ્ટિંગ માટેનું ફીચર શરૂ કરશેઈલોન મસ્કની માલિકીનું ટ્વિટર હવે વેરિફાઇડ કંપનીઓ માટે ટોપ જોસ્ટ જોબ લિસ્ટિંગ ફીચર શરૂ કરી રહ્યું છે. જો કે હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત નથી થઈ પણ કેટલાંક વેરિફાઇડ એકાઉન્ટ્સ માટે આ ફિચર શરૂ કરી દેવામાં આવ્યું છે. જોબ લિસ્ટિંગ કંપનીનાં એકાઉન્ટનાં બાયો સેક્શનમાં મૂકવામાં આવશે. જોબ પોસ્ટિંગ સંભવિત ઉમેદવારને તેમની પસંદગીની કંપની વેબસાઈટ પર લઈ જશે જ્યાં તેને પોઝિશન અંગેની વધુ વિગતો મળશે. કંપનીએ જૌ"ાિઝ્રૈંહિક્ષ હેન્ડલ સાથે ઓફિશિયલ એકાઉન્ટ પણ બનાવ્યું છે.

# પર્યાવરણ, સાહિત્ય અને ઈકોક્રીટિસીઝમ

પર્યાવરણ અને પ્રકૃતિના અવનવા પાસાને કેન્દ્રમાં રાખીને લખવાનું આમ જુઓ તો એક ચેલેન્જ જેવુ હતું, પરંતુ બાળપણથી જ પ્રકૃતિનું સાંનિધ્ય અને પાગલપનની હદ સુધી કરેલું સર્પબચાવનું કાર્ય, એ દરમિયાન જાણેલી નાની નાની, પરંતુ અચરજભરી વાતોને મારા અંદાજમાં મૂકવાનું વિચાર્યુ હતું. વર્ષો પૂર્વે સાહિત્યના એક કાર્યક્રમમાં રઘુવીર ચૌધરીએ સૂચન કરેલું કે પ્રકૃતિ અને પર્યાવરણ પર બહુ ઓછું લખાય છે, અને જે લખાય છે એ વૈશ્ર્વિક સંશોધનોમાંથી ઉછીના લીધેલા જ્ઞાનના સંચયમાંથી આવે છે, પરંતુ લેખકોનો પોતાનો અનુભવ ક્યાં એમાં? તારી પાસે બન્ને છે, જ્ઞાનનો સંચય અને પોતાની આગવી શૈલી.

એમના આ શબ્દો મને ‘મુંબઈ સમાચાર’ની કોલમ લખવાનું ઈજન મળ્યું એ વખતે યાદ આવેલા અને હિંમત કરીને લખવાનું શરૂ પણ કર્યું. વીસેક આર્ટિકલ્સ લખાઈ ગયા બાદ એક મિત્ર નામે ફારૂક શાહનો ફોન આવ્યો. એણે મને પૂછ્યું કે તું શું લખી રહ્યો છે એની તને ખબર છે ? મે કીધું ના ! મને કે તું પર્યાવરણને જે સાહિત્યિક અને સર્જનાત્મક ઢબે લખે છે તે વિશ્ર્વમાં ચાલતી એક સાવ અનોખી અને નવી સર્જનની તરાહ છે. વિશ્ર્વમાં તેને ઈકોક્રીટિસીઝમના નામે ઓળખાવાય છે. અને તું જે રીતે પ્રકૃતિના અવનવા અને અચરજભર્યા પાસાઓને આલેખી રહ્યો છે તે ઈકોક્રીટિસીઝમની સાવ નજીકનું સર્જન છે. મને ઘણું અચરજ થયું. આ ઈકોક્રીટિસીઝમના થોડા સંશોધનોમાંથી જે મળી આવ્યું તેને કંઈક આ રીતે સમજી શકાય છે.

ઈકોક્રિટીસિઝમ એ સાહિત્ય અને પર્યાવરણ વચ્ચેના પારસ્પારિક સંબંધોના અવલોકન અને અભ્યાસ માટે વપરાતો શબ્દ છે. પર્યાવરણલક્ષી મુદ્દાઓ અને પ્રકૃતિના સંદર્ભમાં લેખકો, સંશોધકો અને કવિઓની કૃતિઓનું વિશ્ર્લેષણ કરીને આંતરશાખાકીય દૃષ્ટિકોણ અપનાવીને જે લખાય તે આ નવો પ્રવાહ, એટલે કે ઈકોક્રિટીસિઝમ. આ નવી લેખન પદ્ધતિનો હેતુ અને પદ્ધતિ થોડી ગૂંચવાડાભરી પણ છે. જો કે, આ પ્રવાહના ઘણા સર્જકો પાસેથી હાલ પ્રવર્તી રહેલી પર્યાવરણીય સમસ્યાઓના ઉકેલો પણ મળી આવે તેવી પૂરી સંભાવનાઓ રહેલી છે. ૧૯૭૮માં વિલિયમ રુકર્ટે પોતાના નિબંધ “સાહિત્ય અને ઈકોલોજીઃ ઈકોક્રિટીસિઝમ ક્ષેત્રે એક પ્રયોગ”માં ‘ઈકોક્રિટીસિઝમ’ શબ્દ પ્રયોજ્યો હતો.

તો ચાલો આજે ઈકોક્રિટીસિઝમની ઢબમાં આજનો વિષય હાથ પર લઈએ. બાળપણમાં ગામડાંની અંધારી રાતે રેલવે ટ્રેકની પેલી પાર પ્રથમવાર જ્યારે આગિયા જોયા ત્યારે અચરજ થઈ ગયેલું. માએ મને સમજાવેલું કે તેને આગિયા કહેવાય જે એક જંતુ છે અને તે હવામાં ઊડતા હોય ત્યારે ઝગમગ ઝગમગ થાય. મને યાદ છે કે વર્ષો સુધી હવામાં ઊડતા આગિયાની ઝગમગ હું મુગ્ધ થઈને જોઈ રહેતો અને લાગતું કે આ પૃથ્વી એ પૃથ્વી નથી, પરંતુ પરિલોક છે. શિક્ષણની સીડીઓ ચડીને પર્યાવરણના વિવિધ પાસાઓના જિજ્ઞાસાભર્યા અભ્યાસ દરમિયાન એ સમજાયેલું કે આગિયા એ ઈન્સેક્ટ્સ એટલે કે જીવાતોમાંની બગ્સ તરીકે ઓળખાતી પ્રજાતિ છે. અને અંધારી રાતે એમની અંદર જે પ્રકાશ થાય છે તે બાયો-લ્યુમિનન્સ છે. પૃથ્વી પર વસતા અનેક જીવોમાં પૃથ્વી અને જળ એમ બન્ને જગ્યા પર વસતા કેટલાય જીવોએ પોતાની અંદર આ શક્તિ વિકસિત કરી છે. પૃથ્વીના વિવિધ પર્યાવાસોમાં વસતા આવા જીવોએ પોતાના વાતાવરણની જરૂરીયાતો મુજબ બાયોલ્યુમિનન્સ વિકસાવ્યું છે.

જમીનથી લઈને દરિયાના પેટાળ, જંતુથી લઈને વનસ્પતિ સુધીના અનેક જીવોમાં આ બાયોલ્યુમિનન્સ જોવા મળે છે. મુખ્યત્વે બાયોલ્યુમિનન્સ લ્યુસિફેરસ નામના એન્ઝાઈમના કારણે થાય છે. બાયોલ્યુમિનન્સ આગિયા, દરિયાના પેટાળમાં ઊંડે ઊંડે જીવતા કોમ્બ જેલી જેવા અનેક જીવો, ફોકસફાયર નામની ફૂગ, છોડવાઓ અને પંખીઓમાં પણ જોવા મળે છે. તો હવે એ જાણીએ કે આ અજબ બદલાવ પ્રાણીઓ અને જીવો લાવ્યા શા માટે? પોતાના શરીરમાં આવા ચમકારા કે ઝગમગાટ પાછળ મુખ્યત્વે ત્રણેક કારણો છે. સર્વપ્રથમ હેતુ છે શિકારને આકર્ષિત કરવો, બીજો હેતુ છે સ્વબચાવ અને ત્રીજો હેતુ છે વિજાતીય સાથીદારને આકર્ષીને પ્રજનન કરવું.

આપણા આજના વિષયકેન્દ્રમાં રહેલા આગિયાના શરીરમાં આ ઝગમગનો મુખ્ય હેતુ જીવનસાથીને આકર્ષવાનો અને તેની સાથે પ્રત્યાયન સાધવાનો છે, પરંતુ માનવ તો માનવ જ છે, પ્રકૃતિની આવી અજીબ ઘટનાઓની વૈજ્ઞાનિક સમજણ તો માનવે મેળવી, પરંતુ વૈજ્ઞાનિકો સિવાયના ફળદ્રુપ ભેજા ધરાવતી જમાતે આ પ્રાકૃતિક ઘટનાઓને વિધવિધ દૃષ્ટિકોણથી મૂલવી છે અને એ નજરીયા પણ મજાનાં અને ચિત્તાકર્ષક છે. માનવે આગિયાના આ ઝગમગાટને બૌદ્ધિક, આધ્યાત્મિક અને પ્રેરણાદાઈ રીતે મૂલવ્યો છે. આગિયા રાત્રે જ પ્રકાશમય થતાં હોવાથી અંધકારમાં પણ પોતાનો

પ્રકાશ પેટાવીને દીપ્તિમાન બનવાનો એક નજરિયો છે. આગિયા અંધકારની સ્થિતિમાં પણ અલગ તરી આવવાની શક્તિના પ્રતીક બન્યા છે. આગિયા અલ્પજીવી હોવાથી ટૂંકા જીવનને કેવી રીતે ચમકાવવું એનું પ્રતીક પણ બને છે. ગમગીનીની સ્થિતિમાં પણ ખુશહાલ રહેવાનો સંદેશ આગિયા આપે છે.

આજે આપણે ગુજરાતી સાહિત્યમાં કવિઓએ આગિયાને ક્યા અને કેવા અંદાજમાં પ્રયોજ્યા છે તેના થોડા નમૂના જોઈએ.





# પ્રશમન ભાવનાઃ મનના દુશ્મનો પ્રત્યે લાલ આંખ



**કામ, ક્રોધ, લોભ, મદ, મોહ, મત્સર એ બધા મન-આતમનાં દુશ્મનો છે. તે મનની શક્તિને ક્ષીણ કરી નાખે છે અને આત્માના સ્વાભાવિક ગુણોને હાનિ પહોંચાડે છે. આ બધા દુશ્મનોમાં ‘સૌથી વિનાશક’ની પદવી ક્રોધને આપવામાં આવે છે. ક્રોધ આપણા જીવનમાં આનંદને અને પ્રસાદ રૂપી લક્ષ્મીનો નાશ કરે છે. તે વ્યક્તિને રોગી બનાવી દે છે. એક વખત, મને મળવા એક વૃદ્ધ દરદી આવ્યા. તેમના જમણા ઘૂંટણમાં સોજા અને અસહ્ય પીડા હતી. બધા જ મોટા હાડકાનાં નિષ્ણાતને બતાવી ચૂક્યા હતા અને ઘણી દવાઓ કરી લીધી હતી.**

આપણું જીવન અલ્પ છે. જન્મથી મરણ સુધીનો સમય નદીના પ્રવાહની જેમ વહી જાય છે. આ વાત સમજાય તો પ્રત્યેક ક્ષણની કિંમત સમજાશે. આપણે અહીં ક્યાંથી આવ્યા, અહીં આવી શું કરવાનું છે, અને ત્યારબાદ ક્યાં જવાનું છે, એ ત્રણે વાતથી આપણે અજ્ઞાત છીએ. જીવનના ઘાડવ્ય પ્રવાહમાં આપણે એવા મદમસ્ત છીએ કે આપણી વિવેકબુદ્ધિ પણ નિષ્ક્રિય બની જાય છે. ઘરનો ચોકીદાર નિષ્ક્રિય હોય તો ચોર, ડાકુ અને દુશ્મન અંદર પેસી જાય છે. એવી જ રીતે, આપણા મનનો ચોકીદાર રૂપે વિવેક બુદ્ધિ જ્યારે નિષ્ક્રિય હોય છે ત્યારે મનના દુશ્મન આતમમાં પેસી જાય છે અને વિનાશ સર્જે છે!

કામ, ક્રોધ, લોભ, મદ, મોહ, મત્સર એ બધા મન-આતમનાં દુશ્મનો છે. તે મનની શક્તિને ક્ષીણ કરી નાખે છે અને આત્માના સ્વાભાવિક ગુણોને હાનિ પહોંચાડે છે. આ બધા દુશ્મનોમાં ‘સૌથી વિનાશક’ની પદવી ક્રોધને આપવામાં આવે છે. ક્રોધ આપણા જીવનમાં આનંદને અને પ્રસાદ રૂપી લક્ષ્મીનો નાશ કરે છે. તે વ્યક્તિને રોગી બનાવી દે છે. એક વખત, મને મળવા એક વૃદ્ધ દરદી આવ્યા. તેમના જમણા ઘૂંટણમાં સોજા અને અસહ્ય પીડા હતી. બધા જ મોટા હાડકાનાં નિષ્ણાતને બતાવી ચૂક્યા હતા અને ઘણી દવાઓ કરી લીધી હતી. તકલીફ વધતી ગઈ અને છેલ્લે બધા ડૉક્ટરો એવા નિષ્કર્ષ પર આવ્યા કે કદાચ તમને હાડકામાં ક્ષયરોગ અથવા કૅન્સર પણ હોઈ શકે, માટે વધુ તપાસ કરાશે. આ વૃદ્ધ દરદી નાસીપાસ થઈ ગયા અને વૈકલ્પિક સારવાર મેળવવા માટે મારી પાસે આવી પહોંચ્યા.

જ્યારે પણ કોઈ દર્દી જટિલ રોગથી પરેશાન હોય, તો એનું મનોવિશ્ર્લેષણ અત્યંત આવશ્યક બની જાય છે. આ દર્દીનાં જીવનમાં એક મહત્ત્વની વાત સામે આવી. પાંચ વર્ષ પૂર્વે એમના પત્નીના દેહાંત બાદ તે અશાંત અને ઉગ્ર સ્વભાવી બની ગયા હતા. તે પોતે પોતાનું વાહન ચલાવતા અને લગભગ રોજ કોઈ ને કોઈ અન્ય વાહનના ચાલક સાથે ઝઘડતા. એક તો એકલવાયું જીવન અને તેમાં પણ રોજનો ગુસ્સોપ એમના શરીરમાં વેદના ઉત્પન્ન થઈ અને સૌથી વધારે અસર એમના ઘૂંટણમાં દેખાઈ. મનોભાવ અને રોગ વચ્ચે સીધો સંબંધ હોય છે. એમ કહેવું ખોટું નહી હોય કે સર્વ બીમારીની જડ કાં તો પેટમાં અથવા મનમાં. પેટના બગાડાથી ઉત્પન્ન રોગ ઝડપથી મટી શકે છે પણ મનમાં જ્યારે રોગના મૂળિયા હોય, તો એ રોગ આસાનીથી મટતા નથી. ખાસ કરીને ગુસ્સો/ક્રોધ જેવા વિષકારી મનોભાવ હોય ત્યારે મોટી બીમારીને આમંત્રણ આપતા હોઈએ છીએ. અંતે કેન્સર પણ લાગુ પડે છે. આ વૃદ્ધ દર્દીને મનોભાવ અને એમના રોગ વચ્ચે સંબંધ સમજાવવામાં આવ્યો. એક વિશેષ મનોચિકિત્સા (Mind Therapy) દ્વારા એમના ક્રોધને શાંત કરવામાં અમે સફળ થયા. અને ત્યાર બાદ ૩-૪ અઠવાડિયામાં એમના ઘૂંટણના સોજા અને પીડા બન્ને શાંત થઈ ગયા.

ક્રોધની શાંતિ માટે પ્રશમન ભાવના

‘ગુસ્સો’ ક્ષણીક પાગલપનનો હુમલો છે જે વ્યક્તિને હિંસક બનાવી દે છે. બીજી વ્યક્તિઓને નુકસાન તો થાય, પણ ગુસ્સો કરતા સૌથી વધારે પોતાને જ હાનિ પહોંચાડે છે. ઘણી વખત ગુસ્સો મહાકાય ‘ક્રોધ’નો સ્વરૂપ ધારણ કરે છે ત્યારે શરીર, મન અને આત્મામાં વિષ ફેલાઈ જાય છે. વારંવાર ક્રોધ કરવાથી પિત્તાશય (Liver) અને હોજરી (જીંદ્ઘક્ષ્ઠર)ની બીમારી થતી હોય છે.

‘આગ લાગે ત્યારે કૂવો ખોદવા ન જવાય’. આગને બુઝાવવા માટે પૂર્વ તૈયારી રાખવી પડે છે. કૂવામાંથી પાણી કાઢીને તૈયાર રાખો અથવા આગ ન લાગે તેની તકેદારી રાખો. ગુસ્સો આવી જાય પછી દમન કરો, તો પણ નુકસાન તો થઈ જ જાય. માનસશાસ્ત્રીઓએ ગુસ્સાના ત્રણ પ્રકાર કહ્યા છે (૧) અંતરની ઉગ્રતા (૨) બહારની ઉગ્રતા (૩) નિશ્ર્ચયી ઉગ્રતા. અંતરની ઉગ્રતા એટલે ગુસ્સાનું દમન. વ્યક્તિ પોતાની ભાવનાઓને અંતરમાં દબાવી રાખે છે. તેઓ ગુસ્સાને અભિવ્યક્ત કરી શકતા નથી અને અંદર અંદર ગૂંગળામણ અનુભવે છે. બહારની ઉગ્રતા એટલે બાહ્ય હિંસક પ્રવૃત્તિ. તેઓ બૂમાબૂમ કરે અને મારપીટ પણ કરે નિશ્ર્ચયી ઉગ્રતા એટલે સમજણપૂર્વક અને દ્રઢતાથી ગુસ્સાનો નિકાલ કરવું. નિશ્ર્ચયી ઉગ્રતાની આગળ પ્રશમન ભાવના છે. પ્રશમન એટલે વિશેષ પ્રકારનું ક્રોધ શમન. અહીં ક્રોધના મૂળ કારણને સંબોધવામાં આવે છે. ક્રોધ પણ એક શક્તિ છે જે આપણા હિતની રક્ષા માટે ઉપયોગી છે. જ્યારે આપણો જીવ જોખમમાં મુકાય અથવા આપણી સ્વતંત્રતા પર આક્રમણ થાય ત્યારે ક્રોધ દ્વારા પડકારને પહોંચી વળવા માટે આવે છે. ફિલસૂફીની ભાષામાં ક્રોધ અશુદ્ધ કર્મ અથવા મોહ માયાની નિર્ભિક પકડમાંથી છૂટવા માટે ઉપયોગી નીવડે છે.

પ્રશમનની કેળવણી માટે ત્રણ પગથિયા છે.

(૧) ધ્યાન દ્વારા આતમની સ્થિરતા; ધૈર્ય અને શાંતિનું સિંચન (૨) પ્રજાગતાયુક્ત મનોદશામાં કારણ – કર્તા – પરિણામની સમજ (૩) ભેદ જ્ઞાન દ્વારા ઉચિત ચારિત્રની કેળવણી.

પ્રશમન ભાવના એક મહાસાધના બની જતી હોય છે. ક્રોધનો એક ક્ષણ આપણા જીવનને ૧૦ મિનિટ ટૂંકાવી દે છે અને આપણા સ્વાસ્થ્યને પણ હાનિ પહોંચાડે છે. આપણા ભીતરમાં ક્રોધરૂપી તોફાનોને આપણે સમતાથી અનુભવી શકીએ ત્યારે એ તોફાન અલ્પ સમયમાં શમી જાય છે. આપણે એવી સાધના કરીએ જેથી એ તોફાન સામે તટસ્થ અને દ્રઢ મનોબળ દ્વારા ‘ગુસ્સા’ને ‘જુસ્સા’માં પરિવર્તિત કરીને આત્મકલ્યાણના માર્ગે આગળ વધીએ.

**કામ, ક્રોધ, લોભ, મદ, મોહ, મત્સર એ બધા મન-આતમનાં દુશ્મનો છે. તે મનની શક્તિને ક્ષીણ કરી નાખે છે અને આત્માના સ્વાભાવિક ગુણોને હાનિ પહોંચાડે છે. આ બધા દુશ્મનોમાં ‘સૌથી વિનાશક’ની પદવી ક્રોધને આપવામાં આવે છે. ક્રોધ આપણા જીવનમાં આનંદને અને પ્રસાદ રૂપી લક્ષ્મીનો નાશ કરે છે.**

# આચાર રસાયન – શુદ્ધ આચાર વિચાર જરૂરત હૈ જરૂરત હૈ જરૂરત હૈ !

કહેવત છે કે ‘પહેલું સુખ તે જાતે નર્યા’ એટલે કે સ્વાસ્થ્યનું સુખ પ્રથમ અને શ્રેષ્ઠ છે. એમાં પણ કોરોના કાળ પછી સામાન્ય લોકોમાં સ્વાસ્થ્ય પ્રત્યેની જાગૃતિ ખાસ્સી વધી છે જે ખરેખર પ્રશંસનીય છે.

વહેલા ઊઠવાથી લઈને યોગનાં ક્લાસીસ, જીમ, મૉર્નિંગવોક,જાતજાતનાં સૂપ, સલાડ, વિવિધ પ્રકારની આહાર પદ્ધતિઓ, વજનને કાબૂમાં રાખવું, રોગપ્રતિકારક શક્તિ વધારનાર અનેક ઘરગથ્થુ નુસખાઓ, રોગ ન થાય. તેમ જ રોગ વધુ ન ફેલાય એ માટેની લેવાતી કાળજીઓપ આ બધું હવે રોજિંદા જીવનનો એક ભાગ બની ગયું છે.

આ જ કટારમાં પહેલાં થઈ ગયેલ વાત મુજબ આયુર્વેદ એ માત્ર આરોગ્યનું નહી પણ સમગ્ર જીવનનું વિજ્ઞાન છે. તેમાં રોગ મટાડવા કરતાં સ્વસ્થ રહેવાને પ્રાધાન્ય આપેલું છે. આચાર્ય ચરકે રસાયન ચિકિત્સા નામથી એક સંપૂર્ણ અધ્યાય આ માટે વર્ણવિલ છે. અહી રસાયન અર્થાત સ્વસ્થ રોગ રહિત ગુણવત્તા યુક્ત જીવન પામવા માટેનું વિજ્ઞાન.આજ અધ્યાયમાં આચાર રસાયન એટલે કે આચરણ દ્વારા પણ ઉત્તમ જીવન કેમ મેળવવું અને એ આચરણ દ્વારા આહાર, વ્યાયામ, અન્ય દવાઓ, સપ્લીમેન્ટ કેવિવિધ આહાર પદ્ધતિઓનો સારામાં સારો લાભ કેમ મેળવવો એ માટેનાં સૂત્રોઆપેલા છે.

શરીરના સ્વાસ્થ્ય જેટલું જ મનનું સ્વાસ્થ્ય જરૂરી છે. વિવિધ માનસિક રોગો, અંતઃસ્ત્રાવને લીધે થતાં હોર્મોનલ રોગો, મનોદૈહિક રોગો (સાયકો-સોમેટિક ડિસિસીઝ)ને નાથવા માટે આચાર રસાયન ઉત્તમ છે. આજથી સેંકડો વર્ષ પૂર્વે આચાર્ય ચરક એ સ્પષ્ટ લખેલું છે કે શરીરના તમામ રોગો મનને અનુસરે છે અને મનના તમામ રોગો શરીરને પ્રભાવિત કરે છે.આના પરથી માનસિક સ્વાસ્થ્ય કેટલું મહત્ત્વનું છે તે સ્પષ્ટ ખ્યાલ આવે છે.

‘રસાયન’ શબ્દની વ્યાખ્યા આપતા આચાર્ય લખે છે કે જે વૃદ્ધાવસ્થા અને રોગોનો નાશ કરે છે, વયસ્તંભન (અક્ષશિં અલશક્ષલ) છે, આંખને માટે ઉત્તમ છે, બૃહણ કરનાર અને વૃષ્ય છે તે રસાયન છે.આવા ગુણ ધરાવનાર ઔષધ એ રસાયન ઔષધ કહેવાય છે રસાયન ચિકિત્સા એ આયુર્વેદના મુખ્ય આઠ અંગમાનું એક અંગ કહેલું છે.આયુર્વેદની મહત્તાનો આ વાત ઉપરથી ખ્યાલ આવે છે કે તેમાં માત્ર રસાયન ગુણ ધરાવતા ઔષધોનું જ વર્ણન નથી, અમુક આચારો એટલે કે વ્યવહારમાં મૂકવા જેવી બાબતો જેને આપણે આચરણ તરીકે ઓળખીએ છીએ તેનો પણ રસાયન ચિકિત્સા તરીકે ઉલ્લેખ કરેલો છે અને તેને ‘આચાર રસાયન’ એવું નામ આપેલું છે.આજે જ્યારે સમગ્ર જગત ૨૧મી સદીમાં પૂરપાટ ઝડપે જઈ રહ્યું છે ત્યારે, કળિયુગનો પ્રભાવ હળાહળ વ્યાપ્યો છે ત્યારે, Rerrwt, qr¿krw y™u ¼errwનાં આ યુગમાં થાક, ચિંતા, તણાવ, હતાશા, નિરાશા, ઉન્માદ જેવા માનસિક રોગોનું પ્રમાણ દિવસે દિવસે વધી રહ્યું છે અને માણસોનું મોરલ કેરેક્ટર (નૈતિકતા) રોજ રોજ ડાઉન થઈ રહ્યું છે એ સમયે આ આચાર રસાયન એક અલગ જ રાહ ચીંધીને જનસામાન્યને માત્ર આચરણમાં મુકવાની બાબતો દ્વારા સુખી,સ્વસ્થ અને દીર્ઘાયુ બનાવવાની ક્ષમતા ધરાવે છે.આચાર રસાયનમાં વર્ણીત મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ છે.હંમેશાં સાચું બોલવું, ક્રોધ ન કરવો, મદ્યપાન તેમજ અન્ય વ્યસનોથી દૂર રહેવું, અતિ મૈથુનથી દૂર રહેવું, શારીરિક -માનસિક અને વાચિક હિંસા ન આચરવી, શરીરની શક્તિથી વધુ આયાસ(પરિશ્રમ) ન કરવો, મન સદૈવ શાંત રાખવું, બધાંને પ્રિય લાગે એવું બોલવું, શ્રદ્ધા અનુસાર જપ કરવા, શરીર ચોખ્ખું રાખવું તેમ જ વિચારોની પણ શુદ્ધિ કરતી રહેવી, ધીરજ અને મક્કમતા રાખવી, નિત્ય દાન કરવું (શક્તિ મુજબ ધન, જ્ઞાન કે શ્રમનું દાન કરવું), તપ કરવું અર્થાત કાર્ય અનુષ્ઠાનની કક્ષાએ કરવું, ક્રૂરતા ન રાખવી, જીવમાત્ર પ્રત્યે સદ્ભાવ અને કરુણા રાખવી, સૂવા અને જાગવામાં સમતા -નિયમિતતા રાખવી, રોજ યોગ્ય માત્રામાં ઘી -દૂધનું સેવન કરવું (પૌષ્ટિક, સમતોલ આહાર લેવો), કોઈપણ બાબતમાં સમય -સ્થળ અને પરિસ્થિતિનું ધ્યાન રાખીને તે મુજબ વાણી, વર્તન અને વ્યવહાર રાખવા, યુક્તિપૂર્વક વ્યવહાર રાખવો (સતર્ક રહેવું), અહંકાર ન રાખવો, આચરણ ચોખ્ખું અને ઉત્તમ રાખવું, સંકુચિત વિચારસરણી ન રાખવી, આધ્યાત્મિક માર્ગે તત્પર, અગ્રેસર રહેવું, ઈન્દ્રિયોને સંયમમાં રાખવી, વૃદ્ધ અને અનુભવી લોકો સાથે બેસવું (તેમની સલાહ લેવી), આસ્તિક બની રહેવું અને દ્રઢ શ્રદ્ધા રાખવી, મન પર અંકુશ રાખવો, નિત્ય ઉત્તમ વાંચન કરવું/

## તંત્રી લેખ...

સોમવાર, તા.૦૭ જુલાઈ ૨૦૨૫

### ઓપરેશન સિંદૂર : પાક, ચીન અને તુર્કીનો મોરચો

ભારત સામેના નાપાક કારસામાં પાકિસ્તાનને સીધો કે આડકતરો સહયોગ અને સમર્થન આપતાં ચીન અને તુર્કીએ ઓપરેશન સિંદૂર દરમ્યાન પણ ખુલ્લેઆમ પોતાની આ નીતિ-રીતિને અનુસરીને આ મર્યાદિત જંગનાં નવાં પરિમાણો છતાં કર્યાં છે. આમ ભારતે આ ઓપરેશન દરમ્યાન એકલાં પાકિસ્તાન નહીં, પણ ત્રણ દુશ્મનની સામે જંગ આદર્યો હોવાની ચોંકાવનારી વિગતો છતી થઈ રહી છે. આ નવા પડકાર સામે ભારતે વધુ સજ્જતા અને નવી અસરકારક વ્યૂહરચના તૈયાર કરવાની તાકીદની જરૂરત વર્તાઈ રહી છે. આમ તો રાજદ્વારી રીતે લાંબા સમયથી કહેવાતું આવ્યું છે કે, પાકિસ્તાનને ચીન અને તુર્કીએ ભારે મદદ કરી હતી. હવે વાતની ખરાઈ ભારતીય લશ્કરના નાયબ વડા લેફ. જનરલ રાહુલ સિંહે કરેલા ઘટસ્ફોટથી થઈ જાય છે. લેફ. સિંહના જણાવ્યા મુજબ મે મહિના દરમ્યાન ચાર દિવસ માટે ભારત અને પાકિસ્તાન વચ્ચેના સશત્ર સંઘર્ષ દરમ્યાન ચીને તેના અલગ-અલગ શત્ર સરંજામ અને સિસ્ટમનાં પરીક્ષણ કરાવ્યાં હતાં. આ માટે ચીને પાકિસ્તાનને આ શત્રો ભારત વિરુદ્ધ ઉપયોગ કરવા આપ્યાં હતાં, તેની સાથોસાથ તુર્કીએ આ ઓપરેશન સિંદૂર

દરમ્યાન પાકિસ્તાનને ડ્રોન અને અન્ય શત્રો સાથે દારૂગોળો પૂરો પાડયો હતો. આમ ચીન અને તુર્કીએ પાકિસ્તાનના ખભે બંદૂક મૂકીને ભારત સામે મોરચો ખોલ્યો હતો. બિજિંગે ભારતને નુકસાન પહોંચાડવા પાકિસ્તાનને તમામ પ્રકારની મદદ કરી હતી. આમાં ચીન તેના ઉપગ્રહો વાટે ભારતીય લશ્કરની તમામ ગતિવિધિ પર અવકાશમાંથી નજર રાખીને તેની વિગતો પાકિસ્તાનને સતત આપતું હતું. ભારતીય લશ્કરી તૈયારીની વિગતો ચીન પાકિસ્તાનને નવી દિલ્હી સાથે ડીજીએમઓ સ્તરની વાટાઘાટો દરમ્યાન પર પૂરી પાડતું હોવાની ચોંકાવનારી હકીકત સામે આવી છે. ઉલ્લેખનીય છે કે, છેલ્લાં પાંચ વર્ષ દરમ્યાન પાકિસ્તાને જે શત્ર સરંજામ વસાવ્યો છે, તેમાંથી ૮૧ ટકા ચીની બનાવટનો છે. ચીન પાકિસ્તાનને સજ્જ કરીને અને વૈશ્વિક રીતે તેને સત્તા સમર્થન આપીને ભારતની સામે પડકાર વધારવાની નીતિ અનુસરે છે. આમ આગામી દિવસોમાં ચીનનાં પાકિસ્તાની તરફી વલણની વધુ ચોંકાવનારી હકીકતોનો ઘટસ્ફોટ થાય તો નવાઈ પામવા જેવું નથી. ભારતે આ હકીકતોને ધ્યાનમાં લઈને ભારતે હવે એક સાથે ત્રણ દુશ્મનના સામના માટે સતત સજ્જ રહેવાની ખાસ જરૂરત સામે આવી છે. ભારતે પોતાની શત્ર સજ્જતા વધારવાની સાથોસાથ ટેક્નોલોજીનાં માળખાંને પણ સતત મજબૂત કરીને આ ત્રણે દુશ્મનની સામે એક સાથે બાથ ભીડવાની હવે નવી વ્યૂહરચના ઘડી કાઢવી જોઈએ. ભારતે અમેરિકાનાં વલણને જોતાં મિત્રતાના અને દુશ્મનાવટના સમીકરણો પણ સતત ધ્યાને લેવાં જોઈએ. વિવિધ સ્તરની ટેક્નોલોજીના સમન્વય થકી સંરક્ષણક્ષેત્રને વધુ ને વધુ અભેદ્ય બનાવવા તાકીદનાં પગલાં લેવાની કમર કસવી જોઈએ. જે રીતે લશ્કરના નાયબ વડાએ વિગતો છતી કરી છે, તે જોતાં ભારતે આ માટે પગલાં લેવાં શરૂ કરી દીધાં હશે, એવી અપેક્ષા રાખી શકાય.

## રોજગારી અને રાજકારણ

રોજગાર સર્જનને ઉત્તેજન આપવા અને ઔદ્યોગિક સંશોધનને જોમ આપવા માટે કેન્દ્ર સરકારે રૂા. એક-એક લાખ કરોડની બે યોજના જાહેર કરી છે. રોજગાર સંલગ્ન પ્રોત્સાહન યોજના મારફત ઓગસ્ટ-૨૦૨૫થી જુલાઈ-૨૦૨૭નાં બે વર્ષમાં ૩૫૦ લાખ નોકરી પેદા કરવાની સરકારની નેમ છે, જેમાંથી ૧૯૨ લાખ પ્રથમ વખત નોકરી મેળવનારા હશે. આ યોજના અન્વયે સંગઠિત ક્ષેત્રે નોકરીમાં દાખલ થનારા પ્રત્યેક નવા કર્મચારીને રૂા. ૧૫,૦૦૦ સુધીનો એક મહિનાનો પગાર બે ટુકડે બક્ષિસ તરીકે અપાશે. આ જ યોજનાના બીજા હિસ્સામાં માલિકોને નવા ભરતી કરેલા પ્રત્યેક કર્મચારી દીઠ બે વર્ષ સુધી મહિને રૂા. ૩૦૦૦ પ્રોત્સાહન તરીકે અપાશે. સરકારી પ્રોત્સાહનો દ્વારા સાડા ત્રણ કરોડ નોકરી પેદા કરવાનો લક્ષ્યાંક વધુ પડતો આશાસ્પદ લાગે છે. વાસ્તવમાં આ યોજના ગયાં વર્ષનાં બજેટમાં જાહેર થઇ હતી. આ તેનું પાણી નાખેલું સ્વરૂપ છે. તેજસ્વી અર્થશાસ્ત્રી અને પત્રકાર સ્વામીનાથન ઐયરે ગયે વર્ષે મુંબઈમાં કેટલાક ઉદ્યોગપતિઓને સીધું જ પૂછ્યું કે, આ જાહેરાતોને પગલે તમે કેટલા નવા માણસોને નોકરીએ રાખશો? જવાબ મળ્યો કે, એક પણ નહીં. અમે ઓફિસમાં કે ફેક્ટરીમાં જેટલા લોકોની જરૂર હશે એટલા જ રાખીશું. સરકારી સબસિડીનો લાભ લેવા વધારાનો માણસ નહીં રાખીએ. સબસિડી નવા કર્મચારીનો બધો ખર્ચ પૂરો પાડતી નથી અને પાડે તો પણ કામ વગરનો માણસ ઓફિસનું વાતાવરણ બગાડવા સિવાય કશું કરવાનો નથી. એક જણે કહ્યું કે, મને ચીનના માલ પર એન્ટિ-ડમ્પિંગ ડ્યૂટી જોઈએ છે, નવી ભરતી માટેની સબસિડી મને કામ નહીં લાગે. બીજાએ કહ્યું કે, મને કુશળ ઘડાયેલા કારીગરો જોઈએ, નવાસવા ન ચાલે. એક આડવાત. માલિકોને પ્રોત્સાહન અપાય તે સમજાય, પણ નોકરી મેળવનારાને શા માટે આપવાનું? લાખો યુવાન સંગઠિત ક્ષેત્રે નોકરી મેળવવા આતુર છે. તેમને આવી બક્ષિસની જરૂર જ નથી. આનો અર્થ એવો નથી કે, આ યોજનાઓ કાગળ પર જ રહેશે. ઉદ્યોગપતિઓ સબસિડી વગર પણ જે ભરતી કરવાના હતા, તે તો કરશે જ અને પછી સરકાર પાસે સબસિડી માગશે. સરકાર તેને પોતાની નીતિની સફળતા ગણાવશે. માત્ર પ્રોત્સાહનોને કારણે ખરેખર કેટલી નવી રોજગારી પેદા થઇ તે કદી જાણી શકાશે નહીં અને જાણવાની જરૂર પણ કોને છે? નોકરી મેળવનારા, આપનારા અને અપાવનારા સૌ ખુશ હશે. એનું નામ રાજકારણ. ભારતમાં રોજગારી આડેના ખરા અવરોધો બહુ જાણીતા છે. આવી યોજનાઓ વડે તેમને પાર કરી શકાય તેમ નથી. જો ધંધાકીય વાતાવરણ વધુ પારદર્શક, આગાહીપાત્ર અને રોકાણને-અનુકૂળ બને તો કંપનીઓને ઉત્પાદન વધારવાનો અને નવી ભરતીનો ઉત્સાહ રહે. બીજી જરૂરિયાત કુશળ કારીગરોની ઉપલબ્ધિની છે. એક તરફ લાખો શિક્ષિત બેકારની મોટી ફોજ છે અને બીજી બાજુ મોટા ભાગના ઉદ્યોગોમાં યોગ્ય કુશળ કારીગરો મળતા નથી. આ ખાઈ પૂરવા માટે શિક્ષણ ક્ષેત્રની આમૂલ સુધારણા કરવી પડે. પુસ્તકિયાં જ્ઞાનને બદલે વ્યવસાયી કૌશલ્યનાં ઘડતર પર ભાર મૂકનારી વ્યવસ્થા વિકસાવવી પડે. ત્રીજી જરૂરિયાત આખા દેશમાં સમાનપણે લાગુ પડતા લવચીક કામદાર કાયદાઓની છે. હાલના કાયદા એટલા બધા કામદારતરફી છે કે, નવી ભરતી કરતાં પહેલાં માલિકો બેવાર વિચાર કરે, તેથી નિયમિત નોકરીને બદલે કોન્ટ્રાક્ટ કર્મચારીઓનું પ્રમાણ વધી રહ્યું છે. મોદી સરકારે તૈયાર કરેલા સુધારિત ચાર શ્રમિક કાયદામાં પણ આનો ઉકેલ નથી અને તે પણ હજી અમલમાં મૂકાયા નથી.

---

**નીતીશ કુમાર સામે મોરચો માંડી દીધેલો તેથી નીતીશ વિરોધી નિવેદનો કર્યા કરતા હતા.**

# ભાજપના લાભાર્થે ચિરાગ નીતીશનો ખેલ બગાડી શકે

બિહારમાં વિધાનસભાની ચૂંટણી આડે ગણીને મહિના બચ્યા છે ત્યારે જ કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને દાવ કરી નાખ્યો છે. કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારમાં મંત્રી અને લોક જનશક્તિ પાર્ટી (એલજેપી-રામવિલાસ)ના મુખિયા ચિરાગ પાસવાને એલાન કર્યું છે કે, બિહાર વિધાનસભાની તમામ ૨૪૩ બેઠક પર પોતાની પાર્ટી ઉમેદવાર ઊભા રાખશે. બિહારની રાજધાની પટણામાં રવિવારે નવ સંકલ્પ મહાસભાને સંબોધન કરતાં ચિરાગે એલાન કર્યું કે, બિહારના હિતમાં પોતે બધી બેઠકો પર ઉમેદવારો ઊભા રાખશે. બિહારમાં હમણાં મગધ હોસ્પિટલના માલિક ગોપાલ ખેમકાની હત્યાનો મુદ્દો ગાજી રહ્યો છે. ચિરાગે આ મુદ્દે પોતાની જ સરકારની ઝાટકણી પણ કાઢી.

બિહારમાં અત્યારે એનડીએની સરકાર છે કે જેમાં ભાજપ અને જેડીયુ સિવાય ચિરાગની એલજેપી, જીતનરામ માંઝીની હમ સહિતના પક્ષો ભાગીદાર છે. આ બધા પક્ષો એક થઈને ચૂંટણી લડશે એવું સૌએ માની લીધેલું ત્યાં જ ચિરાગે ધડાકો કરી દીધો. ચિરાગના ધડાકાથી ભાજપ અને જેડીયુ ચિંતામાં પડી ગયા છે એવા દાવા થઈ રહ્યા છે પણ વાસ્તવમાં ચિરાગની જાહેરાત પાછળ ભાજપ હોવાની પૂરી શક્યતા છે.ચિરાગ પાસવાન ભાજપના લાભાર્થે આ પ્રકારનાં નાટકો કરવા માટે જાણીતા છે. વિધાનસભા કે લોકસભાની ચૂંટણી આવે ત્યારે વધારે બેઠકો માગવા માટે માથું ઊંચકવાનો દાવ બધા રાજકીય પક્ષો અજમાવતા હોય છે. ચિરાગ પણ એ જ નાટકો કરી રહ્યો છે એવું ઘણાંને લાગે છે પણ ચિરાગનો ઈરાદો વધારે બેઠકો મેળવવાનો નહીં પણ નીતીશને કરદ પ્રમાણે વેતરવામાં ભાજપની મદદ કરવાનો છે.ચિરાગ પાસવાને બિહારની ૨૦૨૦ની વિધાનસભા ચૂંટણી વખતે પણ આ ખેલ કર્યો હતો અને એનડીએથી અલગ થઈને ચૂંટણી પણ લડ્યા હતા. એ વખતે રામવિલાસ પાસવાન જીવતા હતા પણ રામવિલાસે દીકરા ચિરાગને એલજેપીનો પ્રમુખ બનાવી દીધો હતો. પાસવાન પરવારી ગયા હતા ને તબિયત ખરાબ હોવાથી લાંબા સમયથી સક્રિય નહોતા. છેલ્લા કેટલાક દિવસોથી તે હોસ્પિટલમાં હોવાથી લોક જનશક્તિ પાર્ટી તેમના દીકરા ચિરાગ પાસવાનને સોંપી દીધી હતી.

ચિરાગે બહુ પહેલાંથી નીતીશ કુમાર સામે મોરચો માંડી દીધેલો તેથી નીતીશ વિરોધી નિવેદનો કર્યા કરતા હતા. ચૂંટણીના લગભગ મહિના પહેલાં જ રામવિલાસ પાસવાનની હાજરીમાં લોક જનશક્તિ પાર્ટી (એલજેપી)એ નીતિશ કુમારની જનતા દળ યુનાઈટેડ (જેડીયુ) સામે લડવાનું એલાન કરેલું. ચિરાગે એ વખતે કહેલું કે, પોતાને ભાજપ સામે વાંધો નથી અને પોતે નરેન્દ્ર મોદીના હનુમાન છે પણ નીતીશ કુમારના કુશાસનને ફગાવી દેવા માગે છે તેથી નીતીશની સામે ચૂંટણી લડશે.આ જાહેરાતના ત્રણ દિવસમાં જ રામવિલાસ પાસવાનનું નિધન થતાં બિહારની ચૂંટણીનાં સમીકરણ બદલાઈ જશે ને ચિરાગ પાસવાનને પિતાના મોતની સહાનુભૂતિનો લાભ મળશે એવી વાતો ચાલી હતી. ચિરાગ પણ આ વાતોમાં આવી ગયેલો તેથી મચક ના આપી અને ધરાર ચૂંટણી લડ્યો તેમાં એલજેપી સાવ ધોવાઈ ગયેલી. એલજેપીને ૨૦૨૦ની બિહાર વિધાનસભા ચૂંટણીમાં એક પણ બેઠક નહોતી મળી. એ વખતે નીતીશની જેડીયુને માત્ર ૪૩ બેઠકો મળેલી તેથી ચિરાગે નીતીશનો ખેલ બગાડ્યો એવી વાતો કરીને ચિરાગના સમર્થકોએ સંતોષ માનવો પડેલો પણ આ સંતોષ વાંઝિયો હતો. કારણ એ કે, ૪૩ બેઠક છતાં મુખ્ય પ્રધાન તો નીતીશ જ બન્યા હતા ને છેલ્લાં પાંચ વર્ષથી મુખ્ય પ્રધાનપદે છે. ટૂંકમાં ચિરાગ નીતિશનું કશું બગાડી શક્યા નહોતા.ચિરાગ અત્યારે ફરી નીતીશનો ખેલ બગાડવા મેદાનમાં આવ્યા હોય એવું બની શકે. બિહારમાં ભાજપ નીતિશને કોરાણે મૂકીને પોતાની સરકાર રચવા માગે છે પણ મહાખેલાડી નીતીશ ફાવવા નથી દેતા ને ભાજપને પણ સ્પષ્ટ બહુમતી માટે જરૂરી બેઠકો મળતી નથી. બિહાર વિધાનસભાની કુલ ૨૪૩ બેઠક છે અને છેલ્લી ચૂંટણીમાં ભાજપ ૧૨૧ અને જેડીયુ ૧૨૨ બેઠક પર ચૂંટણી લડ્યા હતા. આ વખતે પણ મોટા ભાગે આ પ્રકારની જ ગોઠવણ થશે. છેલ્લી ચૂંટણીમાં ભાજપે વીઆઈપી પાર્ટીને પોતાના ક્વોટામાંથી ને નીતિશે માંઝીની પોતાના ક્વોટામાંથી બેઠકો આપેલી. ભાજપ પછી વીઆઈપી પાર્ટીને ગળી ગયો તેમાં મુકેશ સાહની નવરા થઈ ગયા પણ માંઝી હજુ અડીખમ છે તેથી ભાજપે તેમને પણ બેઠકો આપવી પડશે.અત્યારે જે ગોઠવણ છે તેમાં ભાજપ પોતાની તાકાત પર સ્પષ્ટ બહુમતી ના મેળવી શકે કેમ કે બિહાર વિધાનસભાની કુલ ૨૪૩ બેઠકમાંથી સ્પષ્ટ બહુમતી માટે ૧૨૨ બેઠક જોઈએ ને ભાજપ ૧૨૨ બેઠક પર તો લડતો પણ નથી. ભાજપ જોર કરીને ૯૦ કે ૧૦૦ બેઠક પણ જીત શકે કેમ કે ભાજપ પાસે સવર્ણોની ૧૫ ટકાની મજબૂત મતબેંક છે. સવર્ણોમાં ભૂમિહાર ૭ ટકા, બ્રાહ્મણો પાંચ ટકા, રાજપૂતો ત્રણ ટકા અને કાયસ્થ એક ટકા છે.ભૂમિહારો ગુજરાતના પટેલો જેવી જ્ઞાતિ છે. એક જમાનામાં આ મતબેંક કૉંગ્રેસની હતી પણ ભાજપે રામમંદિરનો નાદ જગાવ્યો પછી સવર્ણો સાગમટે ભાજપ ભણી વળ્યા છે. બીજા પક્ષો તૂટીને ત્રણ થઈ ગયા પણ આ મતબેંકના કાંગરા સુધ્ધાં નથી ખેરવી શક્યા. . બિહારમાં સવર્ણોનું રક્ષણ કરવા માટે રણવીર સેના બનેલી. આ રણવીર સેના ભાજપની તરફેણમાં છે. નીતીશે સવર્ણોને પોતાની તરફ વાળવા બહુ ઉધામા કરેલા પણ આ મતબેંક ભાજપને વફાદાર છે. ભાજપને સવર્ણોની મતબેંક ઉપરાંત જેડીયુના મતદારો પણ મત આપશે કેમ કે ભાજપે જ્ઞાતિ આધારિત વસતી ગણતરીનો દાવ ખેલીને ઓબીસીને ખુશ કર્યા છે.આ બધાં કારણોસર ભાજપ સારી બેઠકો જીતી જાય છતાં એકલા હાથે સ્પષ્ટ બહુમતી જેટલી બેઠકો ના થાય એટલે તેમણે ચિરાગ પાસવાનને મેદાનમાં ઉતાર્યાનું મનાય છે. ભાજપ ૯૦ બેઠકો જીતે તો સરકાર રચવા તેને બીજા ૩૨ સભ્યનો ટેકો જોઈએ અને ૧૦૦ બેઠક જીતે તો ૨૨ બેઠક જોઈએ. ભાજપને લાગે છે કે, ચિરાગ પાસવાન આ ૨૦-૩૦ બેઠકો જીતી લાવી શકે તેમ છે કેમ કે ચિરાગ પાસે મોટી દલિત મતબેંક છે.બિહારમાં દલિતોની વસતી ૧૬ ટકા છે. નીતીશે ચાલાકી બતાવીને દલિતોમાં મહાદલિતનો ફાંટો પડાવી દીધો પછી પાસવાન અને દુસાધ બે જ જ્ઞાતિ દલિતમાં રહી ગઈ છે. અલબત્ત તેમની વસતી ૭ ટકાની આસપાસ છે. ચિરાગ પાસવાન માટે ૭ ટકા મતોના જોરે ૨૦ બેઠક જીતી શકે છે ને બધી બેઠક પર ઉમેદવારો ઊભા રાખીને નીતીશનો ખેલ પણ બગાડી શકે છે.

---

**મુંબઇ સુધરાઈ હોય કે બિહાર વિધાનસભાની ચૂંટણી હોય-સ્થિતિ પાછી હ્લ**

# ભારતને જોડવાનો પ્રયાસ કે તોડવાનો કારસો ?

**અને આ બંને શબ્દ ઊમેરવા પાછળ ઈન્દિરા ગાંધીનું રાજકારણ હતું.**

અલ્હાબાદ હાઈકોર્ટે તાજેતરમાં એવી ટિપ્પણી કરી છે કે, 'ન્યાયતંત્રની સહનશીલતાના કારણે રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિમાં વધારો થઈ રહ્યો છે. ૬૨ વર્ષની વયના એક શખ્સે ફેસબુક ઉપર પાકિસ્તાન ઝિંદાબાદનાં સૂત્ર પોકાર્યાં હતાં. પહેલગામમાં ધર્મના આધારે થયેલા હત્યાકાંડ પછી તરત જ ઘટનાને સમર્થન આપતાં અન્સાર અહમદ સિદ્દીકીએ પાકિસ્તાન ઝિંદાબાદ કર્યા પછી તેની ધરપકડ થઈ હતી અને હાઈકોર્ટમાં જામીનની અરજી કરી હતી તે નામંજૂર કરીને અદાલતે ટકોર કરી છે કે, દેશવિરોધી આવા ગુના સામાન્ય થઈ પડયા છે. કારણ કે, ન્યાયતંત્ર ઉદાર છે અને આવા ગુનાઓ પ્રતિ સહનશીલ છે. આ પ્રસ્તુત કેસમાં ભારતીય સંવિધાનનું અપમાન છે અને રાષ્ટ્રને પડકાર છે. આ બેજવાબદાર, રાષ્ટ્રવિરોધી ગુના પછી તેને કાયદાનું રક્ષણ-જામીન આપવાનો પ્રશ્ન જ નથી.' અલ્હાબાદ હાઈકોર્ટની આ ટકોર મહત્ત્વની છે અને ન્યાયતંત્રે ગંભીરતાથી વિચાર કરવો જોઈએ. પહેલગામની ઘટના અને ઓપરેશન સિંદૂર વખતે દેશભરમાં દેશભક્તિ જાગી હતી. વિપક્ષો-અપવાદ છતાં સરકારને સહયોગ આપવા જોડાયા હતા, પણ આ પછી રાષ્ટ્રભાવના જાણે ઓસરી રહી છે અને સત્તાના રાજકારણમાં ફરીથી નકારાત્મક મુદ્દા આવી રહ્યા છે. વાતાવરણ ફરીથી 'રાબેતા મુજબ'નું થઈ રહ્યું છે, તેને ચૂંટણીની હવા લાગી છે ! મુંબઈ સુધરાઈ હોય કે બિહાર વિધાનસભાની ચૂંટણી હોય-સ્થિતિ પાછી 'હતા ત્યાંના ત્યાં' છે અને આ વાતાવરણનો લાભ ઉઠાવવા દેશવિરોધી પરિબળો તૈયાર જ હોય છે-તેઓ જાણે છે કે, રાષ્ટ્રીય એકતાની ભાવના ભુલાઈ રહી છે અને રાજકીય મતભેદ વધી રહ્યા છે ! દેશના દુશ્મન પણ આ તમાશો જોઈ રહ્યા છે. ચૂંટણીનું રાજકારણ આપણા લોકતંત્રની મર્યાદા છે. નેતાઓનાં વાણી-વર્તનમાં સંયમ નથી. આપણે ભૂલી ગયા છીએ કે હજુ દુશ્મન-મોકાની રાહ જુએ છે. પાકિસ્તાની ફિલ્ડ માર્શલ મુનીર એમના ગુમાન ઉપર પડેલા ઘાવ ચાટી રહ્યા છે. બદલો લેવાની પળ છે અને ચીન તેને પંપાળે છે. આપણી સેના સાવધાન છે પણ નેતાઓ ભારત-તોડો અભિયાનમાં પડયા છે! સિંધુનાં પાણીનો પ્રશ્ન-મુનીર માટે બહાનું છે. અત્યારે એમને વિરામનો સમય મળ્યો છે અને આપણા રાજકારણને પણ ચૂંટણીનો સમય મળ્યો છે. બિહાર વિધાનસભાની ચૂંટણી ગાજે છે. સત્તા મેળવવા લાલુ પરિવાર-બેબાકળો બનીને પ્રચારમાં કોમવાદી ભાષણો કરે છે. વકફ પ્રોપર્ટીના મુદ્દે કોરા ચેક જેવાં વચન આપે છે. પહેલગામમાં ધર્મના નામે હત્યાકાંડ થયો-હવે બિહારમાં ધર્મના નામે ચૂંટણી લડાય છે ! કોમવાદ સાથે જાતિવાદ જોડાયો છે. શરૂઆત ઉત્તરપ્રદેશથી થઈ રહી છે. બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાત્રી હિન્દુરાષ્ટ્રનો પ્રચાર-સંદેશ આપે છે તેમની સામે યાદવ કથાવાચકનો મુદ્દો છે. યાદવ કથાવાચક ઉપર હુમલો કરનાર 'હાથ' કોનો હશે તે વિચારવાનો પ્રશ્ન છે પણ ઉત્તરપ્રદેશની જેમ બિહારમાં પણ યાદવ રાજનીતિ છે, તેથી યાદવ વોટબેન્ક હિન્દુથી અલગ પડીને સામે આવે એવી ગણતરી-વ્યૂહ હોઈ શકે છે. રાજકારણમાં કાંઈ અશક્ય નથી-હજુ ચૂંટણી નજીક આવે ત્યારે ઘણા ખેલ ખેલાશે ! મહારાષ્ટ્રમાં અચાનક હિન્દી ભાષા વિરોધ કેમ ભડક્યો ? હિન્દુત્વ પછી હવે હિન્દી ભાષા ઉપર લક્ષ્ય છે. મૂળ તો મરાઠી ભાષાનું પ્રભુત્વ હોવું જ જોઈએ તે બાબત બેમત નથી, પણ નેહરુના સમયે ભાષાવાર પ્રાંત રચના વખતે મરાઠી ભાષા કેન્દ્રમાં હતી. મુંબઈ સાથે મહારાષ્ટ્ર રાજ્યની રચના થઈ તે પછી હવે મરાઠી ભાષા સુધરાઈ અને વિધાનસભાની ચૂંટણીમાં મુખ્ય મુદ્દો હશે. શિવસેના અને રાષ્ટ્રવાદી કોંગ્રેસમાં ભંગાણ પડયા પછી ઉદ્ધવ ઠાકરે અને શરદ પવાર બંને ઘવાયા છે અને હવે 'બદલો' લેવા તૈયાર છે. વિશેષ કરીને મુંબઈમાં હિન્દી ભાષી લોકો ભાજપનું સમર્થન કરે છે, તેને પહોંચી વળવા ઉદ્ધવ અને રાજ ઠાકરે ભેગા થયા છે. હવે મુંબઈ સુધરાઈની ચૂંટણીમાં ભાષાનો મુદ્દો કેન્દ્રમાં હશે, છે જ. કોંગ્રેસ માટે કહેવાય નહીં અને સહેવાય નહીં એવી સ્થિતિ છે. મહારાષ્ટ્ર વિકાસ આઘાડી સાથે રહે તો ઉત્તર ભારતમાં કોંગ્રેસનો 'ક' નીકળી જાય અને સાથે રહે નહીં તો મહારાષ્ટ્રમાં સ્થાન રહે નહીં ! ભાષાના નામે રાષ્ટ્રની એકતામાં ભંગાણ પડે નહીં એની ચિંતા હોવી જોઈએ. મુખ્યપ્રધાને હવે નિષ્ણાત સમિતિનો અહેવાલ આવ્યા પછી મરાઠીનું સન્માન-મહત્ત્વ ઘટે નહીં તે રીતે સમતુલા જાળવવી પડશે. ભાષા ઉપરાંત ચૂંટણીપંચ સામે પણ આંગળી ચીંધાઈ રહી છે. વોટિંગ મશીન પછી મતદારોની સંખ્યા અને હવે મતદારોની આંગળીના ટેરવે ટપકું મૂકવા માટે વપરાતી શાહી સામે શંકાની આંગળી છે ! ભૂતકાળમાં જનસંઘના નેતા બલરાજ મધોકે આક્ષેપ કર્યો હતો કે, ઈન્દિરા ગાંધી રશિયાથી શાહી મગાવીને તરકટથી વોટ મેળવે છે ! ચૂંટણી ઉપરાંત વિવાદનો મુખ્ય મુદ્દો વકફ પ્રોપર્ટીનો છે. મોદી સરકાર માટે અગ્નિપરીક્ષા છે. વિપક્ષી નેતાઓ આ મુદ્દો ચગાવે તે સ્વાભાવિક છે. બીજી બાજુ ઈમર્જન્સીમાં ઈન્દિરા ગાંધીએ સંવિધાનમાં સેક્યુલર અને સોશિયાલિસ્ટ બે શબ્દ ઊમેર્યા હતા તે રદ કરવાની માગણી સંઘ પરિવારે કરી છે. વાસ્તવમાં કાશ્મીરને-વિશિષ્ટ દરજ્જો આપતી કલમ રદ થઈ શકી છે તો આ બે શબ્દ કેમ નહીં ? અને આ બંને શબ્દ ઊમેરવા પાછળ ઈન્દિરા ગાંધીનું રાજકારણ હતું. વોટ મેળવવા માટે જાત-પાતનો વિરોધ થયો અને ધર્મને પ્રાધાન્ય મળ્યું. ગરીબી હટાવવાના નામે સમાજવાદના નામનો ઉપયોગ થયો પણ ડો. મનમોહનસિંહ અને નરસિંહરાવે આર્થિક સુધારા કર્યા ત્યારથી સમાજવાદ નામ ભુલાઈ ગયું છે તો તેની રદ કરવાની માગણી વાજબી છે, છતાં સેક્યુલરવાદનો દંભ ચાલુ રાખનારા આ મુદ્દાને હવે કોમવાદી રંગ આપે છે ! હરિદ્વારથી કાવડયાત્રીઓ ગંગાજળ લઈને આવતા હોય તેના માર્ગમાં આવતી હોટેલો ઉપર હિન્દુનામનાં પાટિયાં લગાવાય છે તેથી ધાર્મિક ભાવના દુભાય છે, ઘવાય છે એવી ફરિયાદ સાચી છે, પણ લોકો અથવા સાધુ સંતો જાતે તપાસ કરવા નીકળે છે, તેની સામે કોમવાદી ફરિયાદ ઊઠી છે. હવે એકમેક ઉપર અવિશ્વાસ વધી રહ્યો છે, ત્યારે સામાજિક અજંપાની અસર રાજકારણ ઉપર પડે જ. અવિશ્વાસના વાતાવરણમાં ભારતની ભાવાત્મક એકતા જોખમમાં છે-ભારત જોડવાનો દાવો કરનારા ભારત તોડવા નીકળ્યા છે. દુશ્મનના આક્રમણ વખતે લોકોએ એકતાની શક્તિ બતાવી છે. રાષ્ટ્રહિત વિરોધી પ્રચાર કરનારા નેતાઓને પાઠ ભણાવ્યો છે. હવે આજે દુશ્મન માથાં ઉપર છે, ત્યારે સત્તા માટે એકતા તોડવા માગતા નેતાઓને જનતા જાકારો આપશે ?

---

**કોંગ્રેસની નેતાગીરી એટલી ભોટ પણ નથી કે આ વાત તેને ના સમજાય છતાં આવા મુદ્દાને ચગાવીને હાસ્યાસ્પદ દેખાય છે**

# પાકિસ્તાન યુએનએસસીનું પ્રમુખ અને કૉંગ્રેસ દ્વારા બુદ્ધિનું પ્રદર્શન

**આ સંજોગોમાં પાકિસ્તાન યુએનએસસીનું પ્રમુખ બની જાય તેમાં ભારતને કંઇ નુકસાન નથી ને પાકિસ્તાન કોઇ લાટા લઇ જવાનું નથી.**

કૉંગ્રેસનું નેતૃત્વ દિશાહીન તો છે જ પણ સામાન્ય વિવેકબુદ્ધિ પણ ખોઈ બેઠું હોય એવું લાગે છે. દેશના મુખ્ય વિપક્ષ તરીકે હકારાત્મક ભૂમિકા ભજવવાના બદલે કૉંગ્રેસ નરેન્દ્ર મોદી સરકારની સતત ટીકા કર્યા કરવાને જ પોતાની ફરજ માને છે ને તેમાં બુદ્ધિનું પ્રદર્શન કરી નાખે છે. ૧ જુલાઈથી પાકિસ્તાને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ એટલે કે યુનાઈટેડ નેશન્સ સીક્યુરિટી કાઉન્સિલ (યુએનએસસી)નું પ્રમુખ બન્યું એ મુદ્દે કૉંગ્રેસે કરેલી ટીકા તેનો તાજો પુરાવો છે.

પાકિસ્તાન યુએનએસસીનું પ્રમુખ બન્યું એ અંગે કૉંગ્રેસે નરેન્દ્ર મોદી સરકારની ઝાટકણી કાઢી છે. કૉંગ્રેસનું કહેવું છે કે, યુએનએસસીના પ્રમુખપદે પાકિસ્તાનનું બેસવું મોદી સરકારની વિદેશ નીતિની નિષ્ફળતા છે. કૉંગ્રેસના પ્રવક્તા રણદીપસિંહ સૂરજેવાલાના કહેવા પ્રમાણે, જમ્મુ અને કાશ્મીરમાં થયેલા આતંકવાદી હુમલાના થોડાક દિવસો પછી જ. પાકિસ્તાન યુએનએસસીનું પ્રમુખ બન્યું તેનો અર્થ એ થાય કે, આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનું કંઈ ઊપજતું નથી.

આ સમયગાળા દરમિયાન પાકિસ્તાન તાલિબાન મેનેજમેન્ટ કમિટીનું પ્રમુખપદ પણ સંભાળશે અને યુનાઈટેડ નેશન્સની આતંકવાદ વિરોધી સમિતિના ઉપપ્રમુખ તરીકે પણ કામ કરશે. કૉંગ્રેસનું કહેવું છે કે, આતંકવાદને પોષનારા પાકિસ્તાનને હવે વૈશ્વિક સુરક્ષાનો ઠેકેદાર બનાવી દેવાયો છે અને શેતાનને સત્તા સોંપી દેવાઈ છે. પાકિસ્તાનને આટલું મહત્ત્વ મળ્યું તેને રોકવામાં મોદી સરકાર નિષ્ફળ રહી છે.

કૉંગ્રેસની વાતો અત્યંત હાસ્યાસ્પદ છે ને આ વાતો સાંભળ્યા પછી કૉંગ્રેસના નેતાઓના જનરલ નોલેજ વિશે પણ શંકા થાય છે. યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલ (યુએનએસસી)નું પ્રમુખ બન્યું એ સાચી વાત છે પણ આ પ્રમુખપદ મેળવવા માટે પાકિસ્તાને કોઈ મહેનત કરી હોય કે જબરદસ્ત લોબિઈંગ કર્યું હોય કે બહુ મહેનત કરી હોય એવું જરાય નથી. વાસ્તવમાં યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલનું પ્રમુખપદ રોટેશનલ છે અને યુએનએસસીના સભ્ય એવા દરેક દેશને વારાફરતી પ્રમુખપદ મળે છે.

પાકિસ્તાન અત્યારે યુએનએસસીમાં અસ્થાયી સભ્ય હોવાથી રોટેશન પ્રમાણે તેને પ્રમુખપદ મળ્યું છે. આ રોટેશન આલ્ફાબેટિકલ એટલે કે અંગ્રેજી મૂળાક્ષરો પ્રમાણે નક્કી થાય છે. પાકિસ્તાનની શરૂઆત પી'થી થાય છે તેથી હવે પછીઆર'થી નામ શરૂ થતું હોય એવા દેશ એટલે કે રશિયાને યુએનએસસીનું પ્રમુખપદ મળશે.

યુએનએસસીમાં ૫ કાયમી સભ્યો અને ૧૦ અસ્થાયી સભ્યો મળીને કુલ ૧૫ સભ્યો છે. ચીન, ફ્રાન્સ, રશિયા, યુનાઈટેડ કિંગડમ અને યુનાઈટેડ સ્ટેટ્સ યુએનએસસીના કાયમી સભ્યો છે. આ પાંચ દેશો પાસે વીટો પાવર છે. વીટો પાવરનો ઉપ.ગ કરીને યુએનએસસીમાં આવતી કોઈપણ દરખાસ્તને આ પાંચ સભ્યો રોકી શકે છે.

યુએનએસસીમાં ૧૦ બિન-કાયમી સભ્યો હોય છે કે જેમની મુદત બે વર્ષની હોય છે. આ સભ્યો રીજિયન પ્રમાણે ચૂંટાય છે-આફ્રિકા અને એશિયામાંથી પાંચ, પૂર્વ યુરોપમાંથી એક, લેટિન અમેરિકા અને કેરેબિયન ટાપુમાંથી બે, પશ્ચિમ યુરોપ અને અન્ય પ્રદેશોમાંથી બે મળીને કુલ ૧૦ અસ્થાયી સભ્યો યુએનએસસીમાં ચૂંટાય છે.

ભારત પણ ઘણી વાર યુએનએસસીમાં અસ્થાયી સભ્ય તરીકે ચૂંટાયું છે. ભારત છેલ્લે ૨૦૨૧-૨૨ દરમિયાન યુએનએસસીમાં અસ્થાયી (બિન-કાયમી) સભ્ય હતું. જાન્યુઆરી ૨૦૨૩માં ભારતની મુદત પૂરી થઈ પછી ભારત સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (યુએનએસસી) માં નથી પણ ભવિષ્યમાં ચૂંટાઈ શકે ને અસ્થાયી સભ્ય તરીકે ચૂંટાય તો રોટેશન પ્રમાણે એક વાર કે બે વાર પણ પ્રમુખ બની શકે.

પાકિસ્તાન જાન્યુઆરી ૨૦૨૫માં બે વર્ષના કાર્યકાળ માટે અસ્થાયી સભ્ય તરીકે ચૂંટાયું હતું. યુએનએસસીમાં ગુપ્ત મતદાન દ્વારા કામચલાઉ સભ્યોની પસંદગી કરવામાં આવે છે અને અસ્થાયી સભ્ય તરીકે ચૂંટાવા માટે યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્લીમાં બે તૃતીયાંશ બહુમતી જોઈએ.

પાકિસ્તાનને યુએનના ૧૯૩ સભ્ય દેશોમાંથી ૧૮૨ દેશોના મત મળ્યા હતા. પાકિસ્તાનને આટલું જબરદસ્ત સમર્થન મળ્યું તેમાં પણ કશું આશ્ચર્યજનક નથી. યુનાઈટેડ નેશન્સમાં મુસ્લિમ દેશો પાકિસ્તાનના પડખે રહે છે અને ચીનના પીઠ્ઠુ દેશો પણ પાકિસ્તાનને ટેકો આપે છે તેથી પાકિસ્તાન સરળતાથી ચૂંટાઈ ગયેલું. અમેરિકા અને તેના સાથી દેશો પણ પોતાનો સ્વાર્થ આવે ત્યારે ભારતને અછોવાનાં કરે છે પણ સામે પાકિસ્તાનને પણ પંપાળ્યા કરે છે તેથી તેમનો ટેકો પણ મળ્યો જ હશે. એ સિવાય આટલા બધા દેશોનો ટેકો પાકિસ્તાનને કઈ રીતે મળે ?

કૉંગ્રેસ પાકિસ્તાન યુએનએસસીનું પ્રમુખ બન્યું તેને મોદી સરકારની વિદેશ નીતિની વિફળતા ગણાવે છે એ પણ હાસ્યાસ્પદ છે. પાકિસ્તાન પહેલી વાર યુએનએસસીનું પ્રમુખ બન્યું નથી પણ આઠમી વાર બન્યું છે. પાકિસ્તાન અગાઉ ૧૯૫૨-૫૩, ૧૯૬૮-૬૯, ૧૯૭૬-૭૭, ૧૯૮૩-૮૪, ૧૯૯૩-૯૪, ૨૦૦૩-૦૪ અને ૨૦૧૨-૧૩ માં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનું પ્રમુખ રહી ચૂક્યું છે. આ પૈકી ૨૦૦૩-૦૪ને બાદ કરતાં કેન્દ્રમાં કૉંગ્રેસની જ સરકારો હતી. કૉંગ્રેસ સરકારો એ વખતે કેમ પાકિસ્તાનને યુએનએસસીનું પ્રમુખ બનતાં નહોતી રોકી શકી? એ પણ કૉંગ્રેસ સરકારોની વિદેશ નીતિની નિષ્ફળતા કહેવાય કે નહીં ?

કૉંગ્રેસની વાતો એ રીતે પણ બકવાસ છે કે, યુએનએસસી પ્રમુખપદમાં કશું કમાવાનું નથી ને આ હોદ્દો શોભાના ગાંઠિયા જેવો છે. યુએનએસસીના તમામ ઔપચારિક અને અનૌપચારિક બેઠકોના અધ્યક્ષસ્થાને હોય છે અને બેઠકનો એજન્ડા તેમના નામે નક્કી થાય છે પણ વાસ્તવમાં નિર્ણયો તો બધા વીટો પાવર ધરાવતા પાંચ દેશો જ લે છે. આ પાંચ દેશોમાંથી જેનો પ્રમુખ હોય તેનો નક્કી કરેલો એજન્ડા ચાલતો હોય છે. પાકિસ્તાન ચીનના ખોળામાં બેઠેલું છે એટલે અત્યારે ચીનનો એજન્ડા ચાલશે. યુએનએસસીનાં નિવેદનો અને પ્રેસ સ્ટેટમેન્ટ્સ પર પાકિસ્તાનની સહી હશે એ જોઈને પાકિસ્તાને હરખાયા કરવાનું પણ એ સિવાય બીજું કશું તેણે કરવાનું નથી. ચીનના ચિઠ્ઠીના ચાકર બનીને વર્તવાનું છે ને તેનાં હિતોને સાચવવાનાં છે.





# પ્રિયંકા ચોપરાએ અક્ષય કુમારને ટોમ ક્રુઝ સાથે સરખાવ્યો

## પ્રિયંકા ચોપરાના સોશિયલ મીડિયા પર વખાણ થયાં, લોકોએ તેને આઇકોનિક ગણાવી

પ્રિયંકા ચોપરા હમણા તેની હોલિવૂડ ફિલ્મ 'હેડ્ઝ ઓફ સ્ટેટ'ના પ્રમોશનમાં વ્યસ્ત છે, જેમાં તેનો 'દયા અવતાર' એટલે કે પાવરફુલ અવતાર જોવા મળ્યો છે. પ્રિયંકાએ થોડાં વખત પહેલાં પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક બિહાઈન્ડ ધ સીન વીડિયો શેર કર્યો હતો, જેમાં તે સીઆઈડીના દયાની જેમ દરવાજો તોડતી જોવા મળે છે. આ ફિલ્મમાં પ્રિયંકા જોન્હ કેના અને ઈદ્રિસ એલ્બા સાથે એક્શન સીન કરતી જોવા મળે છે. ખાસ તો તેના લંડન પ્રીમિયરની ચર્ચા છે.

પ્રિયંકા પોતાના મૂળ અને પોતાના દેશની વાત કરવાની એક પણ તક છોડતી નથી. આ અંગે પ્રિયંકાએ રેડ કાર્પેટ પર ગ્લોબલ મીડિયા સામે પોતાના સ્ટંટ આંગે વાત કરતાં એણે કહ્યું, "ટોમ ક્રુઝ અને અક્ષય કુમાર જે કરે છે એ મને બહુ ગમે છે. એ લોકો આ કામમાં બહુ સારા છે. મને નથી લાગતું મારામાં ઉડતાં પ્લેનમાંથી લટકવાની હિંમત હોય, કે હું એ પ્રકારના કામ કરી શકું."

પ્રિયંકાએ આગળ કહ્યું, "પણ મને મોટી એક્શન ફિલ્મનો ભાગ હોવં બહુ ગમે છે. આપણે ઘણા લોકોનાં ખભા પર ઉભા રહીએ છીએ—સ્ટંટની એક મોટી ટીમ છે, જેણે મને આ બધું કરવામાં ઘણી મદદ કરી."

ની આ વાત પર સોશિયલ મીડિયા પર પ્રિયંકાના ઘણા વખાણ થયાં છે, ખાસ તો આંતરરાષ્ટ્રીય મંચ પર અક્ષય કુમારનું નામ લેવા પર એક વ્યક્તિએ લખ્યું, "એ જગ્યાએ અક્ષયનું નામ લીધું એ બહુ સારી વાત છે, તમારા દેશના લોકોના હોલિવૂડમાં જઈને વખાણ કરવા એ ઘણી સારી વાત છે."

આગળ પ્રિયંકાના વખાણમાં લોકોએ એવું પણ કહ્યું કે પ્રિયંકા બોલિવૂડના નાં ગ્લોબલ લેવલે જાહેર કરવામાં ક્યારેય પાછી પડતી નથી. તે પશ્ચિમમાં હિન્દી સિનેમાની પ્રતિનિધિ છે. પ્રિયંકાના આ ગુણ બાબતે સોશિયલ મીડિયામાં ઘણી ચર્ચા થઈ અને લોકોએ તેના વખાણ કર્યા હતા. તેને લોકોએ બે સંસ્કૃતિ વચ્ચેનો બ્રીજ ગણાવી હતી. આ સાથે એક વખત સિટાડેલના પ્રમોશન વખતે પ્રિયંકાએ સંજય લીલા ભણસાલીના વખાણ કર્યા હતા અને હવે તેણે આ રીતે અક્ષય કુમારને યાદ કરવા બદલ તેને લોકોએ આઈકોનિક ગણાવી હતી.

જો પ્રિયંકાની ઈન્ડિયન ફિલ્મની વાત કરીએ તો તે મહેશ બાબુ સાથે રાજામૌલીની ફિલ્મમાં કામ કરી રહી છે. પરંતુ આ કોઈ બોલિવૂડ ફિલ્મ નથી. તેથી પ્રમોશન વખતે પ્રિયંકાએ અક્ષયને યાદ કરવા સાથે એવું પણ કહ્યું હતું કે તે બોલિવૂડને મિસ કરે છે. તેણે કહ્યું, "હું હિન્દી ફિલ્મો મિસ કરું છું અને હું ઈન્ડિયાને બહુ મિસ કરું છું. આ વર્ષ હું ઈન્ડિયામાં કામ કરી રહી છું અને તે કામ માટે હું ઘણી ઉત્સુક છું."



# કોઇ અમને ઓળખી ન શકે એવી જગ્યાએ ફરવા જવું છે : સલમાન

## સલમાન, આમિર અને શાહરુખ સાથે ફરવા જવા માગે છે

બોલિવૂડ ઈન્ડસ્ટ્રીની ખાન ત્રિપુટી અને તેમની વચ્ચેની દોસ્તીની હંમેશા ચર્ચા થતી રહે છે, તેમના એકસાથે કાસ્ટિંગ અંગે પણ ઘણા ફેન્સ માગણી કરતા રહે છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં પણ આમિરે ખાને કહ્યું હતું કે તેઓ ત્રણેય એકબીજાના ઘેર બેઠક કરતા હોય છે. ત્યારે હવે સલમાને એવું કહ્યું છે કે તેઓ ત્રણેય એકસાથે ફરવા જવાનું આયોજન કરી રહ્યા છે. તેના માટે તેઓ કોઈ એવી જગ્યાની શોધમાં છે, જ્યાં તેમને કોઈ ઓળખે નહીં. તાજેતરમાં સલમાન ખાન નેટફ્લિક્સ પર કપિલ શર્માના શોમાં આવ્યો હતો. તેમાં સલમાને જણાવ્યું હતું કે ખરેખર તો આમિરનો આ વિચાર હતો કે તે સલમાન અને શાહરુખ સાથે ક્યાંક જવા માગે છે, જ્યાં તેમને કોઈ ઓળખે નહીં. કપિલ શર્માને આ અંગે વાત કરતા સલમાને કહ્યું, "શાહરુખ, હું અને તેણે સાથે કોઈ એકાદી ટ્રીપ કરવી જોઈએ. તો અમે કંઈક વિચારી રહ્યા છીએ. એક એવી જગ્યા, જ્યાં અમને કોઈ ઓળખે નહી."જોકે, આ શો પર જજ તરીકે રહેતી અર્ચના પુરણસિંહે આ પ્રકારના કોઈ પ્લાન અંગે શંકાઓ વ્યક્ત કરી હતી. તેણે કહ્યું, " મને નથી લાગતું આ ગ્રહ પર આવી કોઈ જગ્યા હોય." તેણે કહ્યું હતું કે આ ત્રણ સ્ટાર દુનિયાભરમાં જાણીતા છે. સલમાને ત્રણેય સાથે કોઈ ફિલ્મમાં કામ કરવાના હોવાની ચર્ચાઓ અંગે પણ વાત કરી હતી. કપિલે આમિરના તાજેતરના ત્રણેયની સાથે ફિલ્મ કરવા અંગેની વાત વિશે પણ સમાનને પૂછ્યું હતું કે તેઓ સાથે એક ફિલ્મમાં કામ કરવા માગે છે, તેમની શું ઈચ્છા છે અને તેના માટે યોગ્ય સ્ક્રીપ્ટ મેળવવામાં તેમની સામે શું પડકારો છે. આ અંગે સલમાને બેફિકરો જવાબ આપ્યો હતો, "એમને પ્રયત્ન કરવા દો. જ્યારે થશે ત્યારે થશે."સલમાને આમિરના ૬૦મના જન્મ દિવસના કાર્યક્રમ અંગે પણ વાત કરી હતી. તે એ વખતે આ પ્રકારની ફિલ્મ અંગે ઘણો ઉત્સાહીત હતો. કારણ કે આમાં માત્ર જુના દિવસો યાદ કરવાની વાત નથી પરંતુ ત્રણે ખાને ક્યારેય સાથે કામ નથી કર્યું એ હકિકત પણ છે. આમિર અને સલમાને પણ છેક ૧૯૯૪માં 'અંદાઝ અપના અપના'માં કામ કર્યું હતું, પરંતુ આમિર અને શાહરુખે ક્યારેય સાથે કામ કર્યું નથી. જો શાહરુખ અને સલમાનની વાત કરવામાં આવે તો, તેઓ બંને 'કરણ અર્જૂન', 'કુછ કુછ હોતા હૈ', 'હમ તુમ્હારે હે સનમ' અને છેલ્લે ૨૦૨૩માં 'પઠાણ'માં સાથે કામ કરી ચૂક્યા છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં આમિરે પણ કહ્યું હતું કે ત્રણેયને અનુકૂળ આવે એવી ફિલ્મની સ્ક્રિપ્ટ મળવી એક ખરો પડકાર છે.




# આમિરનો 'કૂલી'માંથી દાહા લૂક થયો લોંચ

## રજનીકાંતની કૂલીમાં આમિર એક કેમિયો કરી રહ્યો છે

રજનીકાંતની ફિલ્મ 'કૂલી' ઘણા સમયથી ચર્ચામાં છે. આ એક મોટા બજેટની ફિલ્મ છે અને રજનીફેન્સ તેમની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. લોકેશ કનગરાજની આ ફિલ્મમાં કેટલાંક સુપર સ્ટારના કેમિયો છે, તેમાં આમિર ખાનનો કેમિયો પણ ચર્ચામાં છે, આ પ્રકારની એક્શન ફિલ્મમાં આમિર ખાન કેવો રોલ કરશે, તે અંગે દરેકને ઉત્સુકતા હતી. ત્યારે હવે ફિલ્મમાંથી આમિરનો પહેલો લૂક જાહેર કરવામાં આવ્યો છે. ગુરુવારે જેવો આ લૂક શેર થયો કે સોશિયલ મીડિયા પર છવાઈ ગયો હતો.

સન પિક્ચર્સની ટીમે ટ્વીટર પર આમિરનો ફર્સ્ટ લૂક જાહેર કર્યો છે, જેમાં તેનો દાહા તરીકે પરીચય આપવામાં આવ્યો છે, જે એ એક ગુંડા જેવો દેખાતો માણસ છે. આ બ્લૅક એન્ડ વ્હાઈટ ફોટોમાં આમિર એક ડાર્ક કલરની બંડીમાં દેખાય છે. જે આરામથી અને અદાથી પાઈપ પીતો દેખાય છે. ભલે આ રોલ એક ખાસ કેમિયો હોય, પરંતુ તેનો લૂક જોઈને લાગે છે કે આ ફિલ્મમાં તેનો રોલ અસરકારક તો હશે જ, કદાચ આ જ પાત્ર ફિલ્મમાં એક મહત્વનો ટ્વિસ્ટ કે ગેમ ચેન્જિંગ વળાંક લાવી શકે છે.

આમિરના આ લૂક પર ફેન્સ ઘણા ઉત્સાહમાં આવી ગયા છે, સોશિયલ મીડિયામાં કેટલાંક લોકોએ લોકેશ કનગરાજની ફ્રેમને પરફેક્ટ ગણાવી હતી, તો કોઈએ પરફેક્ટ આમિર અને પરફેક્ટ કનગરાજને એક પરફેક્ટ કોમ્બિનેશન ગણાવ્યા હતા.

આ ફિલ્મમાં આમિર ખાન, રજનીકાંત ઉપરાંત નાગાર્જૂન, ઉપેન્દ્ર, શ્રુતિ હસન જેવા કલાકારો મહત્વના રોલમાં છે, આ ફિલ્મ ૩૭૫ કરોડના ખર્ચે બની રહેલી એક ભારતની ૨૦૨૫ની સૌથી મોંઘી ફિલ્મ છે. આ ફિલ્મ ૧૪ ઓગસ્ટે તમિલ, તેલુગુ અને હિન્દીમાં એકસાથે રિલીઝ થશેય જે બોક્સ ઓફિસ પર યશરાજની 'વૉર ૨' સાથે ટક્કર લેશે, જેમાં રિતિક રોશન, જુનિયર એનટીઆર અને કિઆરા અડવાણી છે.



# 'બોર્ડર ૨'માં હાજરી કન્ફર્મ કરવા દિલજીતે વીડિયો દર્શાવ્યો

## દિલજિતની 'સરદાર ૩'થી થયેલા વિવાદને કારણે તે બોર્ડરમાંથી ડ્રોપ થયો હોવાની ચર્ચા હતી

જ્યારથી દિલજિત દોસાંજની 'સરદાર ૩' આંતરરાષ્ટ્રિય સ્તરે રિલીઝ થઈ અને ભારતમાં તેની રિલીઝ અટકાવી દેવાઈ ત્યારથી આ ફિલ્મના કારણે વિવાદ થયો છે. તેમાં ખાસ તો દિલજિત અને તેની દેશભક્તિ અંગે પણ સોશિયલ મીડિયા પર ઘણા સવાલ ઉઠ્યા છે. આગળ જ્યારે ફિલ્મ આર્ટિસ્ટની એક સમિતિએ માત્ર તેનો વિરોધ જ નહી પણ પાકિસ્તાની એક્ટ્રેસ સાથે કામ કરવા બદલ દિલજિત પર પ્રતિબંધ મુકવાની પણ માગ કરી હતી.તેના પર પ્રતિબંધની માગણી અને વિરોધના પગલે 'બોર્ડર ૨' જેવી સેના આધારીત અને દેશભક્તિની ફિલ્મમાંથી દિલજિતને કાઢવાની પણ વાત હતી. આથી પણ આગળ વધીને એવી ચર્ચા શરુ થઈ ગઈ હતી કે દિલજિતને આ ફિલ્મમાંથી કાઢીને હવે તેના બદલે એમી વિર્કને લેવાયો છે. પરંતુ હવે દિલજિતે માત્ર એક જ સોશિયલ મીડિયા પોસ્ટથી આ બધી ચર્ચાઓને અફવા સાબિત કરી દીધી છે. આ પંજાબી ગાયક અને અભિનેતા દિલજિતે પોતાના સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો છે, જેમાં તેને ફિલ્મમાંથી કાઢ્યો હોવાની બધી જ વાત ખોટી સાબિત થઈ. તેણે ઈન્સ્ટાગ્રામ પર ઈન્ડિયન એરફોર્સના યુનિફોર્મમાં 'બોર્ડર ૨'ના સેટ પરથી એક બિહાઈન્ડ ધ સીન વીડિયો શેર કર્યો છે. જેની કૅપ્શનમાં માત્ર એટલું લખ્યું છે, 'બોર્ડર ૨'.આ વીડિયોમાં ફિલ્મનું સૌથી યાદગાર અને લોકપ્રિય ગીત 'સંદેસે આતે હૈ' પણ બેકગ્રાઉડમાં સંભળાય છે. વીડિયોમાં દિલજિત વેનિટી વાનમાંથી નીકળીને સેટ પર જતો દેખાય છે, જ્યાં બીજા કેટલાંક કલાકારો તેને નમસ્તે કહીને તેનું સ્વાગત કરે છે. આ એક ગીતનું શૂટિંગ હતું, જેમાં દિલજિત અન્ય કલાકારો સાથે ડાન્સ કરતો પણ દેખાય છે. આ ફિલ્મમાં દિલજિતની પસંદગી ઈન્ડિયન એર ફોર્સ ઓફિસર નિર્મલ જીત સિંઘ સિખોંના રોલમાં છે. જેઓ એક માત્ર એરફોર્સ ઓફિસર છે, જેમને ૧૯૭૧ના યુદ્ધ પછી શ્રીનગર એર બેઝ પર એકલા હાથે લડવા બદલ પરમવીર ચક્ર મળ્યું છે. તેની પાર્ટનરના રોલમાં સોનમ બાજવાને લેવાઈ છે. આ ફિલ્મમાં પણ સની દેઓલ લીડ રોલમાં છે. આ સિવાય 'બોર્ડર ૨'માં વરુણ ધવન અને અહાન શેટ્ટી પણ મહત્વના રોલમાં છે. કેસરી ફિલ્મ ફેમ ડિરેક્ટર અનુરાગ સિંગ આ ફિલ્મ ડિરેક્ટ કરી રહ્યા છે તેમજ જે પી દત્તા, નિધિ દત્તા અને ભુષણ કુમાર પ્રોડ્યુસ કરે છે. આ ફિલ્મ ૨૩ જાન્યુઆરી ૨૦૨૬ના દિવસે રિલીઝ થશે.

# સિને એમ્પલોઇઝ ફેડરેશને દિલજિત પરનો પ્રતિબંધ હટાવ્યો

## ભવિષ્યમાં તેને કાસ્ટ કરવા માટે અસહકાર ચાલુ રહેશે

જ્યારથી દિલજિત 'સરદારજી ૩'માં પાકિસ્તાની એક્ટ્રેસ હાનિયા આમિર સાથે કામ કરી રહ્યો હોવાના અહેવાલો આવ્યા હતાં, ત્યારથી દિલજિતનો ઘણો વિરોધ થઈ રહ્યો હતો. ભારતે પહેલગામ હુમલા બાદ પાકિસ્તાની કલાકારો પર પ્રતિબંધ મુક્યો હોવાથી ભારતમાં તેની ફિલ્મ રિલીઝ પણ થઈ શકી નહોતી. છતાં તેણે વિદેશમાં આ ફિલ્મ રિલીઝ કરતાં દિલજિતને 'બોર્ડર ૨'માંથી હટાવી દેવાયો હોવાના અહેવાલો હતા.

આ વિવાદો વચ્ચે બે દિવસ પહેલાં દિલજિતે 'બોર્ડર ૨' માટેના એક ગીતના શૂટિંગ દરમિયાનનો વીડિયો પોતાના સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો હતો. જેમાં બેકગ્રાઉન્ડમાં 'બોર્ડર'નું યાદગાર ગીત 'સંદેસે આતે હૈં' પણ વાગતું હતું. દિલજિત એરફોર્સના યુનિફોર્મમાં દેખાતો હતો. આમ આ વીડિયો દ્વારા તેણે તે હજુ પણ ફિલ્મમાં હોવાની વાત જાહેર કરી હતી.

હવે એવા અહેવાલો છે કે દિલજિત પર ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા સિને એમ્પલોય્ઝ દ્વારા મુકવામાં આવેલો પ્રતિબંધ હટાવી લેવાયો છે. અગાઉ તેમણે દિલજિત સામે અસહકારની જાહેરાત કરી હતી. ફ્વાઈસના પ્રેસિડેન્ટ બી એન તિવારીએ કહ્યું કે પ્રોડ્યુસર ભુષણ કુમારે વ્યક્તિગત રીતે ફેડરેશનને વિનંતિ કરી હતી કે તેઓ દિલજિતને આ ફિલ્મ માટે શૂટ કરવાની મંજુરી આપે. તેમણે કહ્યું, "હા, અમે આ ફિલ્મ માટે પ્રતિબંધ પાછો ખેંચી લીધો છે."

જોકે, આ નિર્ણય ફેડરેશનના સભ્યોની સંમતિથી જ લેવાયો છે. આ અંગે ફ્વાઈસ સાથે જોડાયેલા ફિલ્મ મેકર અશોક પંડિતે જણાવ્યું, "અમારો દિલજિત સામેનો અસહકાર યથાવત છે. ભવિષ્યમાં તેની સાથે કામ કરવા માગતા બધાં જ આ બાબતે તૈયાર રહે. પછી જો તેમને આર્થિક નુકસાની ભોગવવી પડશે તો તેના માટે ફડરેશન જવાબદાર રહેશે નહીં."આનંદ પંડિતે સ્વીકાર્યું કે 'બોર્ડર ૨'માં કોઈ પાકિસ્તાની કલાકાર નથી. સાથે તેમની એવી પણ દલીલ હતી કે આ ફિલ્મ દેશભક્તિ પ્રકારની ફિલ્મ છે, જેના કેન્દ્રમાં ભારતની સેનાઓ છે, તેથી દિલજિત માટે પાકિસ્તાની કલાકાર સાથેની ફિલ્મનો મુદ્દો વધુ સંવેદનશીલ બની જાય છે. ફ્વાઈસ દ્વારા અગાઉ દિલજિત પર પ્રતિબંધ મુકીને ફિલ્મ મેકર્સને દિલજિત સાથે સંબંધો કાપી નાખવા અપીલ કરાઈ હતી. તેમણે પોતાના નિવેદનમાં કહ્યું હતું, "જો તમે તેની સાથે સંકળાશો તો એ દર્શાવશે કે તમે દેશહિતનો ઊંડો વિરોધ ધરાવો છો. કલાતામક અને વ્યાપારી બાબતો દેશભક્તિની ભાવનાથી વિશેષ નથી. આપણી ઈન્ડસ્ટ્રી અને દેશ માટેનું માન સર્વોચ્ચ હોવું જોઈએ."



**આ વિવાદો વચ્ચે બે દિવસ પહેલાં દિલજિતે 'બોર્ડર ૨' માટેના એક ગીતના શૂટિંગ દરમિયાનનો વીડિયો પોતાના સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો હતો.**

# ભારતીય યુવા ટીમનો ઇંગ્લેન્ડ સામે ઐતિહાસિક વિજય





એન્ડરસન-તેંડુલકર ટ્રોફી ૨૦૨૫ની બીજી ટેસ્ટ મેચમાં ભારતીય યુવા ટીમે ઈંગ્લેન્ડનું ઘમંડ તોડીને ૩૩૬ રનથી હરાવીને ઐતિહાસિક જીત મેળવી છે. ભારતે ઈંગ્લેન્ડને જીતવા માટે ૬૦૮ રનનો લક્ષ્યાંક મળ્યો હતો, જેનો પીછો કરતી યજમાન ટીમ રમતના પાંચમા દિવસના બીજા સત્રમાં ૨૭૧ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. જીતના હીરો આકાશદીપે પહેલી ઈનિંગમાં ૪ અને બીજી ઈનિંગમાં ૬ મળી કુલ ૧૦ વિકેટ ઝડપી હતી. ભારત અને ઈંગ્લેન્ડ હવે ૫ મેચની ટેસ્ટ શ્રેણીમાં ૧-૧થી બરાબર છે.

બર્મિંગહામના એજબેસ્ટન મેદાન પર ભારતે પહેલી વાર ટેસ્ટ મેચ જીતી છે. અગાઉ ભારતીય ટીમને આ મેદાન પર રમાયેલી ૮ ટેસ્ટ મેચમાંથી સાતમાં હારનો સામનો કરવો પડ્યો હતો. જ્યારે એક મેચ ડ્રો રહી હતી. ભારતીય ટીમે જુલાઈ ૧૯૬૭માં આ મેદાન પર પોતાની પહેલી ટેસ્ટ મેચ રમી હતી, જેમાં તેને ૧૩૨ રનથી હારનો સામનો કરવો પડ્યો હતો. પરંતુ આ જીત સાથે ૫૮ વર્ષના દુકાળનો અંત આવ્યો છે. ૨૫ વર્ષીય યુવા કેપ્ટન શુભમન ગિલની સેનાએ બર્મિંગહામના એજબેસ્ટનમાં અનુભવીઓથી ભરેલી અંગ્રેજી બ્રિગેડને ઘૂંટણિયે પડવા મજબૂર કરી હતી. બીજી ઈનિંગ્સના આધારે ભારતીય ટીમે બેન સ્ટોક્સની બેઝબોલ ટીમને ૬૦૮ રનનો લક્ષ્યાંક આપ્યો હતો. આ પછી આકાશ દીપ અને મોહમ્મદ સિરાજ જેવા ઓછા અનુભવી બોલરોની ઘાતક બોલિંગના આધારે ભારતે ક્યારેય જીત ન મેળવવાના ઈતિહાસના પાના ફાડી નાખ્યા હતા. રનની દ્રષ્ટિએ આ ભારતની સૌથી મોટી જીત છે.આ અગાઉ ૧૯૮૬માં ૨૭૯ રનની જીત આવી હતી, જેમાં કપિલ દેવ કેપ્ટન હતા.ભારત માટે શુભમન ગિલે પહેલી ઈનિંગ્સમાં બેવડી સદી જ્યારે બીજી ઈનિંગ્સમાં સદી ફટકારી હતી. બોલિંગ એટેકની વાત કરીએ તો પહેલી ઈનિંગ્સમાં મોહમ્મદ સિરાજે ૬ વિકેટ , જ્યારે આકાશ દીપે ૪ વિકેટ લીધી હતી. બીજી ઈનિંગ્સમાં પણ આકાશદીપે કમાલ કરતા ૬ વિકેટ લઈને અંગ્રેજોની હાલત બગાડી હતી. આ જીત ઐતિહાસિક પણ છે કારણ કે, વિશ્વનો નંબર વન બોલર જસપ્રીત બુમરાહ આ મેચમાં નહોતો. આ ઉપરાંત વિરાટ કોહલી અને રોહિત શર્મા જેવા સિનિયર ખેલાડીઓ તાજેતરમાં નિવૃત્તિ લઈ ચૂક્યા છે. મોહમ્મદ શમી પણ ઈજાને કારણે ટીમમાંથી બહાર છે. ટોસ જીત્યા બાદ ઈંગ્લેન્ડે પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો, પરંતુ ભારતીય બેટ્સમેનોએ તેમનો નિર્ણય ખોટો સાબિત કર્યો. ભારતીય ટીમે તેમની પ્રથમ ઈનિંગમાં શાનદાર બેટિંગ કરીને બધી વિકેટ ગુમાવ્યા બાદ ૫૮૭ રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો.આ ઈનિંગની સૌથી મોટી ખાસિયત યુવા ઓપનર શુભમન ગિલનું અસાધારણ પ્રદર્શન હતું, જેણે (૨૬૯ રન) શાનદાર બેવડી સદી ફટકારી હતી. જેનાથી ભારત મજબૂત સ્થિતિમાં આવ્યું હતું. ભારતના ૫૮૭ રનના જવાબમાં ઈંગ્લેન્ડની ટીમ પ્રથમ ઈનિંગમાં ૮૯.૩ ઓવરમાં ૪૦૭ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ૧૮૦ રનની લીડ સાથે બેટિંગ કરવા ઉતરેલી ભારતીય ટીમે પોતાની બીજી ઈનિંગમાં પણ આક્રમક રમત રમીને ૬ વિકેટ ગુમાવીને ૪૨૭ રન પર ઈનિંગ ડિક્લેર કરી હતી. બીજી ઈનિંગ્સમાં પણ ગિલે શાનદાર બેટિંગ કરતાં (૧૬૧ રન) શાનદાર સદી ફટકારી હતી. ગિલ ઉપરાંત, કેએલ રાહુલે ૫૫, રિષભ પંતે ૬૫ અને રવિન્દ્ર જાડેજાએ ૬૯ રનનું યોગદાન આપ્યું હતું. જેના આધારે ભારતે ઈંગ્લેન્ડને જીતવા માટે ૬૦૮ રનનો વિશાળ ટાર્ગેટ આપ્યો હતો.



## ગિલ કોહલીની કાર્બન કોપી : જોનાથન ટ્રોટ

ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ બેટ્સમેન જોનાથન ટ્રોટ પણ ભારતીય ટીમના ટેસ્ટ કેપ્ટન શુભમન ગિલની બેટિંગના ચાહક બની ગયા છે. ટ્રોટે કહ્યું કે તેઓ ભાગ્યશાળી છે કે તેમણે બર્મિંગહામમાં રમાઈ રહેલી બીજી ટેસ્ટ મેચમાં ગિલને બેવડી સદી અને સદી ફટકારતા જોયો. ટ્રોટે કહ્યું કે તેમણે ગિલમાં વિરાટ કોહલીની ઝલક જોઈ. ગિલે ભારતની બંને ઈનિંગ્સમાં ૨૬૯ અને ૧૬૧ રન બનાવ્યા હતા. ટેસ્ટ મેચમાં સૌથી વધુ રન બનાવવાના મામલે તે ઈંગ્લેન્ડના કેપ્ટન ગ્રેહામ ગુચ પછી બીજા ક્રમે છે. ગિલે બંને ઈનિંગ્સમાં મળીને ૪૩૦ રન બનાવ્યા છે.

ટ્રોટે કહ્યું કે, ગિલે આજે સાબિત કરી દીધું કે તે કેટલો સંપૂર્ણ બેટ્સમેન છે. તેનાથી મને તે ભારતીય ખેલાડીની યાદ આવી ગઈ જે તેની પહેલા ચોથા નંબરે બેટિંગ કરતો હતો. ગિલ તે પ્રતિભાની કાર્બન કોપી જેવો દેખાતો હતો. મને નથી લાગતું કે તેણે આ પ્રવાસમાં તેની પહેલી બે ટેસ્ટ મેચની શરૂઆત કરતાં વધુ સારી શરૂઆતની કલ્પના કરી હોત. તેને હેડિંગ્લીમાં જીતવું ચોક્કસપણે ગમ્યું હોત, પરંતુ હવે તેણે બર્મિંગહામમાં શાનદાર જીતનો પાયો નાખ્યો છે.

અફઘાનિસ્તાન ક્રિકેટ ટીમના વર્તમાન કોચે વધુમાં ઉમેર્યું કે, ‘બર્મિંગહામમાં હાજર રહીને અને આ ઈનિંગ જોવા માટે હું મારી જાતને ભાગ્યશાળી માનું છું. તેણે ઈંગ્લેન્ડના બોલરોને કોઈ તક આપી નહીં. તેણે જે રીતે પોતાની ઈનિંગને ગતિ આપી અને કોઈપણ ખરાબ શોટ રમ્યા વિના પોતાની ઈચ્છા મુજબ છગ્ગા ફટકાર્યા તે ખૂબ જ ખાસ હતું.’

## સૂર્યવંશી યુથ વન-ડેમાં સૌથી ઝડપી સદી ફટકારનાર યુવા ખેલાડી બન્યો



ડોમેસ્ટિક ક્રિકેટ અને IPL બાદ હવે વૈભવ સૂર્યવંશી ટીમ ઈન્ડિયામાં પણ કમાલ કરી રહ્યો છે. ૧૪ વર્ષીય સૂર્યવંશીએ ઈંગ્લેન્ડ સામેની અંડર-૧૯ મેચમાં માત્ર ૫૨ બોલમાં શાનદાર સદી ફટકારીને યુવા વનડે ક્રિકેટમાં એક નવો રેકોર્ડ બનાવ્યો છે. તે માત્ર ૭૮ બોલમાં શાનદાર ૧૪૩ રન ફટકારીને યુથ વનડેમાં સદી ફટકારનાર સૌથી યુવા બેટ્સમેન બની ગયો છે. તેની વિસ્ફોટક ઈનિંગમાં ૧૦ છગ્ગા અને ૧૩ ચોગ્ગાનો સમાવેશ થાય છે.

રાજસ્થાન રોયલ્સના બેટ્સમેન વૈભવની વિસ્ફોટક ઈનિંગે અત્યાર સુધીની સૌથી ઝડપી યુવા વનડે સદીનો રેકોર્ડ પણ તોડી નાખ્યો. આ પહેલા પાકિસ્તાનના કામરાન ગુલામે ૨૦૧૩માં ઈંગ્લેન્ડ અંડર-૧૯ સામે ૫૩ બોલમાં સદી ફટકારીને આ રેકોર્ડ બનાવ્યો હતો. ભારત

માટે રાજ અંગદ બાવાએ ૨૦૨૨ અંડર-૧૯ વર્લ્ડ કપમાં યુગાન્ડા સામે ૬૯ બોલમાં સદી ફટકારી હતી, જે વૈભવની ઈનિંગ પહેલાની સૌથી ઝડપી સદી હતી.

યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશીએ કહ્યું કે શુભમન ગિલને સદી ફટકાર્યા પછી કોઈપણ દબાણ વિના રમતા જોઈને તે પ્રેરિત થયો છે અને ભવિષ્યની મેચોમાં ભારતીય ટેસ્ટ કેપ્ટનનું અનુકરણ કરવા માંગે છે. સૂર્યવંશીએ ઉમેર્યું કે, ‘મને તેમના (ગિલ) પાસેથી ઘણી પ્રેરણા મળી કારણ કે મેં તેમને રમતા જોયા હતા. ૧૦૦ અને ૨૦૦ રન બનાવ્યા પછી પણ તેઓ સરળતાથી રમતા રહ્યા. હું આગામી મેચમાં ૨૦૦ રન બનાવવાનો પ્રયાસ કરીશ. આગલી વખતે હું આખી પચાસ ઓવર રમવાનો પ્રયાસ કરીશ. હું જેટલા વધુ રન બનાવીશ, તેટલા મારી ટીમ માટે સારા રહેશે.’

## અરે મારો ફેવરિટ પત્રકાર ક્યાં ગયો?’, ઈંગ્લેન્ડને રગદોળ્યાં બાદ પ્રેસ કોન્ફરન્સમાં શુભમન ગિલનો કટાક્ષ



ઈંગ્લેન્ડ વિરૂદ્ધ એજબેસ્ટન ટેસ્ટમાં શુભમન ગિલની કેપ્ટનશીપમાં ટીમ ઈન્ડિયાએ ઈતિહાસ રચ્યો છે. ૫૮ વર્ષ બાદ ભારતે ઈંગ્લેન્ડને એજબેસ્ટનમાં પરાજિત કરી રેકોર્ડ સર્જ્યો છે. ઐતિહાસિક જીત બાદ પ્રેસ કોન્ફરન્સ દરમિયાન કેપ્ટન શુભમન ગિલે એજબેસ્ટનની જીત પર આનંદ વ્યક્ત કરતાં ભારતને ટોણો મારનારા અંગ્રેજ પત્રકારની ટીખળ કરી હતી. તેણે કહ્યું કે, મારો ફેવરિટ પત્રકાર દેખાઈ રહ્યો નથી, ક્યાં છે?

ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ સીરીઝ શરૂ થઈ તે સમયે ઈંગ્લેન્ડના પત્રકારોએ એજબેસ્ટમાં ભારતના અત્યંત ખરાબ રેકોર્ડની ટીખળ કરી હતી. તેમજ ભારતને ટોણો મારતા ગિલને અનેક સવાલો કર્યા હતાં. તે સમયે તો ગિલે કોઈ જવાબ આપ્યો ન હતો. પરંતુ ગઈકાલે જીત બાદ યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં ગિલે તે ટિખળ કરનારા પત્રકારને યાદ કર્યો હતો. તેણે કહ્યું કે, મારો ફેવરિટ પત્રકાર દેખાઈ રહ્યો નથી. ક્યાં છે તે?

પ્રથમ ઈનિંગમાં બેવડી સદી અને બીજી ઈનિંગમાં ૧૫૦થી વધુ રન બનાવનારા બેટર અને કેપ્ટન ગિલે કહ્યું કે, મેં ટેસ્ટ મેચ પહેલાં જ કહ્યું હતું કે, હું ઈતિહાસ અને આંકડાઓ પર વિશ્વાસ કરતો નથી. છેલ્લા ૫૬ કે તેથી વધુ વર્ષોથી અમે અહીં નવ મેચ રમી છે. જુદી-જુદી ટીમ અહીં રમી છે. મને લાગે છે કે, ઈંગ્લેન્ડ આવનારી આ અમારી બેસ્ટ ટીમ છે. અમારી પાસે તેમને હરાવવાની અને સીરીઝ જીતવાની ક્ષમતા છે. અમે યોગ્ય નિર્ણયોની સાથે લડતાં રહ્યા. આ સીરીઝ યાદગાર બની છે.

## ક્રિકેટ બાદ હવે ફિલ્મી દુનિયાની પિચ પર રમશે સુરેશ રૈના, ફિલ્મનો ફર્સ્ટ લુક જાહેર

ક્રિકેટ અને સિનેમાનો સંબંધ ખૂબ જૂનો છે. પછી તે ફિલ્મોમાં ક્રિકેટને બતાવવાની હોય કે ક્રિકેટમાં ફિલ્મી કલાકારોનું મિલન. હવે આ મિલન ફરી એકવાર થવા જઈ રહ્યું છે. ક્રિકેટર સુરેશ રૈના હવે સિલ્વર સ્ક્રીન પર એક્ટિંગ કરતા જોવા મળશે. તમિલ ફિલ્મ ઈન્ડસ્ટ્રીની અનટાઈટલ્ડ ફિલ્મમાં પોતાનું ડેબ્યુ કરશે, જેની હાલમાં જ એક ઝલક જોવા મળી છે.




સુરેશ રૈના ડ્રીમ નાઈટ સ્ટોરી પ્રોડક્શનમાં બની રહેલી પહેલી ફિલ્મમાં એક્ટિંગ કરતા જોવા મળશે, તેની એક ઝલક મેકર્સે ખુદ ઈન્સ્ટાગ્રામ પર ચાહકો સાથે શેર કરી છે. આ ટીઝરમાં રૈનાને ક્રિકેટ સ્ટેડિયમમાં ચાહકોના જયઘોષ અને ઉજવણી સાથે રજૂ કરવામાં આવે છે. એ પછી ફિલ્મમાં અભિનેતા તરીકે તેની એન્ટ્રીની જાહેરાત કરવામાં આવે છે. છેલ્લે ફિલ્મનું ટાઈટલ બતાવવામાં આવે છે, તેને હાલમાં ’પ્રોડક્શન ૧’ રાખવામાં આવ્યું છે.

સુરેશ રૈના સિવાય અન્ય કેટલાક એવા ક્રિકેટર્સ પણ છે કે, જેમણે પોતાને સિલ્વર સ્ક્રીન પર કોલીવૂડની ફિલ્મોમાં ડેબ્યુ કર્યું છે. હરભજન સિંહએ વર્ષ ૨૦૨૧માં તમિલ ફિલ્મ ફ્રેન્ડશિપથી એક્ટિંગની દુનિયામાં પ્રવેશ કર્યો હતો. જો કે, આ પહેલાં બોલિવૂડની કેટલીક ફિલ્મોમાં કેમિયો રોલ કરી ચૂક્યા હતા. પરંતુ આ તેમની પહેલી એક્ટિંગ ફિલ્મ હતી, જેમાં તેઓ જોવા મળ્યા હતા.

## ભારત ૨૦૨૯ અને ૨૦૩૧ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપની યજમાની માટે બિડ કરશે



ભારત ૨૦૨૯ અને ૨૦૩૧ બંને સીઝન માટે વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપનું આયોજન કરવા માટે બોલી લગાવશે. એથ્લેટિક્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા (છ્લૈં)ના પ્રવક્તા આદિલ સુમારીવાલાએ જણાવ્યું હતું કે ભારત બંને સીઝનનું આયોજન કરવા માટે બોલી લગાવશે અને આ પ્રતિષ્ઠિત સ્પર્ધાની એક સીઝન માટે યજમાન અધિકારો મેળવવાની આશા રાખે છે. રમતની વૈશ્વિક સંચાલક સંસ્થા, વર્લ્ડ એથ્લેટિક્સ, સપ્ટેમ્બર ૨૦૨૬માં ૨૦૨૯ અને ૨૦૩૧ બંને સીઝન માટે યજમાનની જાહેરાત કરશે.

સભ્ય દેશો માટે યજમાનીમાં રસ દર્શાવવાની અંતિમ તારીખ ૧ ઓક્ટોબર ૨૦૨૫ છે. વર્લ્ડ એથ્લેટિક્સના ઉપપ્રમુખ અને AFIના ભૂતપૂર્વ પ્રમુખ સુમારીવાલાએ જણાવ્યું હતું કે, ‘અમે ૨૦૨૯ અને ૨૦૩૧ ચેમ્પિયનશિપ માટે વ્યૂહાત્મક બિડ કરવા જઈ રહ્યા છીએ. પ્રક્રિયા શરૂ થવામાં હજુ થોડો સમય છે.

વર્લ્ડ ચેમ્પિયનશિપ માટે પ્રારંભિક અરજીઓ સબમિટ કરવાની છેલ્લી તારીખ ૧ એપ્રિલ, ૨૦૨૬ છે. રસ ધરાવતા દેશોએ ૫ ઓગસ્ટ, ૨૦૨૬ સુધીમાં અંતિમ બિડ એપ્લિકેશન્સ સબમિટ કરવાની રહેશે, ત્યારબાદ વર્લ્ડ એથ્લેટિક્સ કાઉન્સિલ વર્લ્ડ ચેમ્પિયનશિપની ૨૦૨૯ અને ૨૦૩૧ સીઝન માટે યજમાન શહેરોની જાહેરાત કરશે. છ્લૈંએ ૨૦૩૬ ઓલિમ્પિકનું આયોજન કરવાની ભારતની ઈચ્છાને ધ્યાનમાં રાખીને ઘણી પ્રતિષ્ઠિત સ્પર્ધાઓ માટે બિડિંગ કરવાનો નિર્ણય લીધો હતો.

વર્લ્ડ ચેમ્પિયનશિપ ૨૦૨૫ સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં ટોક્યોમાં યોજાશે જ્યારે ૨૦૨૭ ટુર્નામેન્ટ બેઈજિંગમાં યોજાશે. આવી સ્થિતિમાં, ભારત પાસે ૨૦૩૧ સીઝનનું યજમાની મેળવવાની વધુ સારી તક રહેશે. ભારતને ૨૦૨૯ સીઝનનું યજમાની આપવાનો અર્થ એ થશે કે એશિયા આ પ્રતિષ્ઠિત સ્પર્ધાનું સતત ત્રણ વખત આયોજન કરશે.



### કેન્દ્રીય જલશક્તિ મંત્રી સી.આર. પાટીલ દ્વારા

# ૮ દિવ્યાંગજનોને ઈ-ટ્રાઈસિકલની ભેટ

### દેશમાં સૌપ્રથમવાર એક સાથે ૮ દિવ્યાંગજનોને ઈ-ટ્રાઈસિકલ અર્પણ કરી સન્માન

શ્રસુરત, તા.૭

કેન્દ્રીય જલશક્તિ મંત્રીશ્રી સી.આર.પાટીલે સુરત ખાતે આજે દેશમાં સૌપ્રથમવાર એક સાથે ૮ દિવ્યાંગજનોને ઈલેક્ટ્રિક ટ્રાઈસિકલની ભેટ આપી હતી. સુરતના આ દિવ્યાંગો ભરતકામ, બુક બાઈન્ડિંગ, પેપર ડિસ્ટ્રીબ્યુશન, કંકોત્રી, કાર્ડ મેકિંગનું કામ કરી અન્ય પર આધારિત ન રહેતા આત્મનિર્ભર, સ્વાવલંબી અને સન્માનભર્યું જીવન જીવી રહ્યા છે. આ દિવ્યાંગોમાં ચાર ભાઈઓ અને ચાર બહેનો છે, જેઓએ ઈ ટ્રાઈસિકલની ભેટ મળવા બદલ આનંદિત થઈને મંત્રીશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે શહેર સંગઠન પ્રમુખ શ્રી પરેશ પટેલ, ફ્દ્દજીરૈં મનેજમેન્ટ સમિતિના સભ્ય(મેમ્બર બોર્ડ ઓફ મેનેજમેન્ટ) અને મેડિકલ ફેકલ્ટી ડીન ડો. મહેન્દ્રસિંહ ચૌહાણ, નર્સિંગ કાઉન્સિલના ઉપપ્રમુખ શ્રી ઈકબાલ કડીવાલા, T&TV નર્સિંગ કોલેજના પ્રિન્સિપાલ શ્રી કિરણ દોમડિયા, નર્સિંગ એસો.ના સંજય પરમાર, બિપિન મેકવાન, વિરેન પટેલ અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ખેત બજાર ઉત્પાદન એક્ટમાં સુધારાના કારણે ખેડૂતોને ફટકો

### કેન્દ્રીય સહકારી મંત્રી અમિત શાહને સહકારી આગેવાન દર્શન નાયકની લેખિત રજૂઆત

સુરત, તા.૭

આંતરરાષ્ટ્રીય સહકાર સંદર્ભે સહકારી તથા ખેડૂત અગરણી દર્શન નાયક દ્વારા કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહને લેખિત રજૂઆતમાં જણાવાયું છે કે, ગુજરાતનાં લાખો ખેડૂતોના હિતમાં સને ૨૦૨૦ ના વર્ષમાં ગુજરાત સરકારે ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ-૨૦૨૦ (Gujarat Agricultural Produce Markets (Amendment) Ordinance-2020) દ્વારા ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ – ૧૯૬૩ (Gujarat Agricultural Produce Markets Act-1963)માં ૨૬ જેટલા સુધારા કર્યા,જેનો હેતુ ખેડૂતોને વધુ બજાર સુલભતા અને સ્પર્ધાત્મક વાતાવરણ પૂરું પાડવાનો હતો.ગુજરાતમાં APMC ના કાયદામાં સુધારા અંગેની ચિંતાઓ મોટાભાગે કેન્દ્રના ત્રણ કૃષિ કાયદાઓ (જે ૨૦૨૧ ના વર્ષમાં રદ થયા) સાથે જોડાયેલી છે, કારણ કે ગુજરાતમાં APMC ના કાયદામાં કરવામાં આવેલ સુધારા આ કાયદાઓના મોડેલ પર આધારિત છે. કેન્દ્ર સરકાર દ્વારા આવેલ આ કૃષિ બિલ સમગ્ર ભારત દેશમાં લાગુ કરવામાં આવનાર હતું. પરંતુ ખેડૂતો દ્વારા ચાલેલ આંદોલન બાદ કેન્દ્ર સરકાર દ્વારા કૃષિબીલ પરત લેવાની સૂચના મળી હતી.જેમાં ભારત દેશનાં ગુજરાત સિવાયના તમામ લાગુ કરવામાં આવેલ રાજ્યોમાંથી પરત લેવામાં આવેલ છે માત્ર ગુજરાત રાજ્યમાં આ કાયદો લાગુ છે. સમગ્ર દેશમાં ગુજરાત રાજ્યમાં સહકારી માળખું ખૂબ જ મજબૂત છે. કારણ કે મોટા ભાગના ખેડૂતો અને પશુપાલકો સહકારી સંસ્થાઓ સાથે જોડાયેલ છે.પરંતુ ગુજરાત સરકાર દ્વારા સને ૨૦૨૦ ના વર્ષમાં વટહુકમ બહાર પાડી ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ – ૧૯૬૩ ના કાયદામાં સને ૨૦૨૦ જે સુધારો કરેલ છે ,તેને લીધી ખેડૂતોને અને ગુજરાતમાં સહકારી ધોરણે ચાલતી સંસ્થાઓને ભારે નુકસાન થઈ રહેલ છે.

# જુલુસમાં પ્રથમ આવનાર દસ તાજીયાને મહાનુભાવોના હસ્તે ટ્રોફી એનાયત કરાઈ



**તાજીયા કમિટી પ્રમુખ અસદ કલ્યાણીએ જણાવ્યું હતું કે, મોહરમ નિમિત્તે પયગમ્બર હઝરત મોહમ્મદ સ.અ.વ.ના દોહિત્ર ઈમામ હુસેનની યાદમાં તાજીયાનું જુલુસ સુરત શહેરમાં નીકળ્યું હતું. જેમાં પ્રથમ આવનાર દસ તાજીયાને કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટિલ, મેયર દક્ષેશ માવાણી, સાંસદ મુકેશ દલાલ, પોલીસ કમિશનર ગેહલોત, પૂર્વ વિધાન સભાના ધારાસભ્ય અરવિંદ રાણા, માજી મેયર કદિર પીરઝાદા, ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ પરેશ પટેલ, વકફ બોર્ડ ચેરમેન મોહસીન લોખંડવાલાના હસ્તે ટ્રોફીઓ એનાયત કરાઈ હતી.**

# બ્રેઈનડેડ ૨૯ વર્ષીય આકાશ રાઠોડની બે કિડની અને લીવરનું અંગદાન

### નવી સિવિલ હોસ્પિટલથી ૭૧મુ અંગદાન : ત્રણ જરૂરિયાતમંદ દર્દીઓને નવજીવન મળશે



સુરત, તા.૭

સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં બ્રેઈનડેડ થવાના કિસ્સાઓમાં મહત્તમ અંગદાન થઈ રહ્યા છે. નવસારીના તાલુકાના બ્રેઈનડેડ થયેલા ૨૯ વર્ષીય આકાશ રાઠોડનું અંગદાન થતા ત્રણ જરૂરિયાતમંદ દર્દીઓને નવજીવન મળશે. નવી સિવિલ હોસ્પિટલથી આ સાથે ૭૧મુ અંગદાન થયું છે.

નવસારીના સુંદરપુર ધામ ફળિયામાં રહેતા ભગુભાઈ રાઠોડના પુત્ર આકાશભાઈ તા.૩૦મી જૂને નવસારીમાં બાઈક પર જઈ રહ્યા હતા, ત્યારે ગાય સાથે બાઈક અથડાતા માથામાં ગંભીર ઈજા થઈ હતી. ૧૦૮ દ્વારા નવસારીની એમ.જી.જી જનરલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા હતા. સ્થિતિ ગંભીર હોવાથી અહીંના તબીબોની સલાહથી ૧૦૮ ઈમરજન્સી દ્વારા તા.૩૦મીએ રાત્રે ૧૧.૩૦ વાગ્યે સુરત નવી સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડ અને ત્યારબાદ SICU માં શિફ્ટ કરવામાં આવ્યા. તા.૫મી જુલાઈએ વહેલી સવારે ડો.લક્ષ્મણ ટેહલાની, ડો.નિલેશ કાછડીયા, ન્યુરોલોજિસ્ટ ડૉ.જય પટેલ, ન્યુરોસર્જન ડૉ.કેયુર પ્રજાપતિએ આકાશને બ્રેઈનડેડ જાહેર કર્યા હતા. ત્યારબાદ રાઠોડ પરિવારને સોટોની ટીમના ડો.નિલેશ કાછડીયા, RMO ડૉ.કેતન નાયક, ગુજરાત નર્સિંગ કાઉન્સીલના ઉપપ્રમુખ ઈકબાલ કડીવાલાએ અંગદાનનું મહત્વ સમજાવ્યું. પરિવારે અંગદાનના પૂણ્યકાર્યમાં સંમતિ આપીને માનવતાની ફરજ નિભાવી હતી. સ્વ.આકાશના પિતા ભગુભાઈ, માતા કમુબેન, ભાઈ લાલુભાઈએ સમંતિ આપતા અંગદાન પ્રક્રિયા કરવામાં આવી હતી. બે કિડની અને લીવર અમદાવાદની IKDRC હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. નવી સિવિલના મેડિકલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો.ધારિત્રી પરમારના માર્ગદર્શન હેઠળ તબીબી અને નર્સિંગ સ્ટાફ, સિકયુરિટી સ્ટાફ, સફાઈ કર્મચારીઓ તેમજ જાગૃત્ત સ્વયંસેવકોએ અંગદાનમાં જહેમત ઉઠાવી હતી.

## સચીનથી શિવાંગી સિંઘ ગુમ થયા

સુરત, તા.૭

સચીન GIDCપોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર,તા.૦૯/૦૬/૨૦૨૫ ના રોજ સચીન ખાતે રહેતાઈન્દ્રપાલસિંઘના ૧૮ વર્ષીય પુત્રી શિવાંગીસિંઘગુમ થયા છે.તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૪.૧ ફૂટ છે. તેમણેકાળી કુર્તી, સફેદપેન્ટ,દુપટ્ટો અને પગમાચપ્પલ પહેર્યાછે. કોઈને ભાળ મળે તો તેમણેનજીકના પોલીસ સ્ટેશન અથવાસચીન ઁૈંડ્ઢઝ્ર પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## કાપોદ્રાથી કિરણભાઈ રાઠોડ ગુમ

સુરત, તા.૭

કાપોદ્રા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૧૧/૦૬/૨૦૨૫ના રોજઘરનં.૯૯, રવિપાર્કસોસાયટી, મુરઘાકેન્દ્રપાસે, કાપોદ્રા (મૂળ રહે. ગામ-નાડ્ગામ, તા.સાવરકુંડલા, જી.અમરેલી), ખાતે રહેતાઅંકુભાઈરાઠોડના ૨૨ વર્ષીય પુત્રકિરણભાઈરાઠોડ ગુમ થયા છે. તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૪.૩ ફૂટ છે. તેમણેભુરાશર્ટઅનેવાદળીજીન્સપેન્ટપહેર્યાછે. કોઈને ભાળ મળે તો તેમણેનજીકના પોલીસ સ્ટેશન અથવા કાપોદ્રાપોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## કતારગામથી રેનુ યાદવ ગુમ

સુરત, તા.૭

કતારગામપોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૧૨/૦૬/૨૦૨૫ના રોજ ઘર નં.૨૦૨, હરિઓમનગર, સત્તાધારચોકડીપાસે, અમરોલી (મૂળ રહે. ગામ-પુરાગામ, તા-ફતિયાબાદ, જી.આગ્રા, ઉત્તરપ્રદેશ), ખાતે રહેતામુકેશકુમારયાદવના ૧૫ વર્ષીય પુત્રી રેનુયાદવગુમ થયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે શ્યામવર્ણ અને ઊંચાઈ ૫.૦ ફૂટ છે.તેમણેગુલાબીકુર્તીઅને ગુલાબીપાયજામોપહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણેનજીકના પોલીસ સ્ટેશન અથવાકતારગામપોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

### માલધારીનાં વેશમાં આરોપીઓને દબોચ્યા

# રાજસ્થાનની ધરતી પર વરાછા પોલીસનું ગુપ્ત મિશન

### આરોપીઓને પકડવા વરાછા પોલીસ વેશપલટો કરી માલધારી બની દૂધ વેચ્યું, ગાયો ચરાવી

સુરત, તા.૭

રાજસ્થાનની ધરતી પર વરાછા પોલીસે માલધારીના વેશમાં ગુપ્ત મિશન હાથ ધરી આંગડીયા ચોરીના બે આરોપીઓને રૂ.૧૫.૫૬ લાખના હીરાના મુદ્દામાલ સાથે પકડ્યા હતા. સુરત પોલીસે ગુનો કરી ફરાર થયેલા આરોપીઓને દબોચવા માલધારીનો વેશ ધારણ કરી ૧૭ દિવસ સુધી દૂધ વેચ્યું, ગાયો ચરાવીને આખરે ગુનેગારોને આબાદ પકડવામાં સફળ થયા.

કેસની વિગત મુજબ વરાછા વિસ્તારમાં ગત તા.૧૭/૦૬/૨૦૨૫ના રોજ એક આંગડીયા પેઢીના કર્મચારીની નજર ચૂકવી બસમાંથી અંદાજે રૂ.૧૫ લાખના હીરા અને સોનાના દાગીનાની ચોરી કરી હતી. ફરિયાદ અને CCTV ફૂટેજ અને ટેક્નિકલ એનાલિસિસના આધારે જાણવા મળ્યું કે આરોપીઓ રાજસ્થાન રાજ્યના રહેવાસી છે અને ગુનો આચર્યા બાદ તરત જ રાજસ્થાન ફરાર થઈ ગયા છે.વરાછા પોલીસની ખાસ ટીમે ઘટનાને ગંભીરતા જાણી તરત જ ટેક્નિકલ સર્વેલન્સ, હ્યુમન ઈન્ટેલિજન્સ અને સ્થાનિક માહિતીના આધારે રાજસ્થાનમાં શોધખોળ કરવા ગામડાંના તટસ્થ વાતાવરણમાં સાવધાનીથી ભળવા માટે એક અનોખી રણનીતિ અપનાવી. ટીમે માલધારીનો દેશી વેશ ધારણ કરીને ગામમાં દૂધવાળા બની ફર્યા. દૂધ વેચવા અને ગાયો ચરાવવા નીકળતા હતા. શરૂઆતમાં આશ્ચર્ય અને શંકા સાથે જોવામાં આવેલી આ 'દૂધ વેચનારી' ટીમે સ્થાનિકો સાથે પશુપાલનની ચર્ચા કરી સ્થાનિક માહોલમાં ભળવાનું શરૂ કર્યું. ૧૭ દિવસ સુધી ટીમ રાજસ્થાનમાં રોકાઈ ત્યાંની ભૌગોલિક પરિસ્થિતિ સાથે અનુકુલન સાધ્યું. સ્થાનિક લોકો સાથે મૈત્રી કેળવી, હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે રાજસ્થાનના જોધપુર અને ઝાલોર જિલ્લાઓમાં દિવસ-રાત તહેનાત રહ્યા. પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગહલૌત, ખાસ પોલીસ કમિશનરશ્રી (સેકટર-૧) વાબાંગ જામીર, નાયબ પોલીસ કમિશનરશ્રી (ઝોન-૧) આલોક કુમાર તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી ('બી' ડિવીઝન) પી.કે. પટેલના માર્ગદર્શન હેઠળ સુરત શહેર વિસ્તારમાં ઘરફોડ ચોરી, ચેન-મોબાઈલ સ્નેચીંગ તથા વાહન ચોરી તેમજ ચોરીના અનડિટેક્ટ ગુનાઓ શોધી કાઢવા અને નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા વિવિધ વિસ્તારોમાં તપાસ, પેટ્રોલિંગ અને ટેકનોલોજીની મદદ, બાતમીના આધારે ગુનાઓના ઉકેલમાં ઝડપી કામગીરી કરવામાં આવી રહી છે, ત્યારે આંગડીયા ચોરીના આરોપીઓને પકડી પાડવા વરાછા પો. સ્ટે.ના પોલીસ ઈન્સપેક્ટર આર.બી.ગોજીયા તેમજ સેકન્ડ પોલીસ ઈન્સપેક્ટર એચ.બી.પટેલની સૂચના અન્વયે સર્વેલન્સ PSI એ.જી.પરમાર તથા જૈં વી.ડી.માળી ના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સ્ટેબલ શ્રી વિજયસિંહ દેહાભાઈ, લાલાભાઈ ભોપાભાઈ તથા અ.પો.કો. સંદિપભાઈ ગેમાભાઈ સહિતની એક ટીમ બનાવીને આરોપીઓને દબોચવા સમગ્ર ટીમે રાજસ્થાનમાં ધામા નાખ્યા હતા. આ ચાતુર્યભરેલા અભિયાનમાં પોલીસે બે આરોપીઓ બલવંત ઉર્ફે બલ્લુ (ઝાલોરથી) અને ભવાનીસિંહ ઉર્ફે ભામાશા (જોધપુરથી) બન્નેને દબોચી લીધા છે. આ બંને આરોપીઓ રાજસ્થાનમાં પણ લૂંટ અને ચોરીના અનેક ગુનાઓમાં વોન્ટેડ હતા. વરાછા પોલીસની આ કામગીરીના પરિણામે માત્ર આરોપીઓ જ નહી, પણ ચોરી થયેલ મુદ્દામાલ અંદાજે રૂ.૧૫ લાખના હીરા અને દાગીના કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**ભારતમાં એઆઈ**

**પહેલા પાનાનું ચાલુ**

ચકાસી શકે જેથી સામગ્રીનો સ્ત્રોત જાણી શકાય, પારદર્શિતા જાળવી શકાય અને દુરુપયોગ બંધ થાય.

આજની બેઠકમાં AI ના વૈશ્વિક શાસન અંગેના નેતાઓનું નિવેદન જારી કરવામાં આવી રહ્યું છે તે આ દિશામાં એક સકારાત્મક પગલું છે. બધા દેશો વચ્ચે સંકલન વધારવા માટે, આવતા વર્ષે, અમે ભારતમાં "AI ઈમ્પેક્ટ સમિટ'' આયોજન કરવા જઈ રહ્યા છીએ. અમને આશા છે કે તમે બધા આ સમિટને સફળ બનાવવામાં સક્રિયપણે યોગદાન આપશો, તેમણે ઉમેર્યું.

**બ્રીક્સ દેશો પર**

**પહેલા પાનાનું ચાલુ**

ટકાના વધારાના ટેરીફ લાદી દેવાશે.પોતાના ટ્રુથ સોશીયલ હેન્ડલ ઉપર ટ્રમ્પે આ ચેતવણી આપી છે. અગાઉ જ તેઓએ જે દેશો સાથે અમેરિકાની વ્યાપાર સમજુતી થઈ નથી તે દેશો પર તા.૭ના જ વધારાના ટેરીફની જાહેરાત કરી રહ્યા છે. તે અને તેમની નજર રીયો ઉપર પણ છે અમેરિકા અત્યાર સુધીમાં બ્રીટન, વિયેટનામ સાથે ટેરીફ સમજુતી કરી છે તથા ચીન સાથે તેની વાટાઘાટ ચાલી રહી હોવાનું જાહેર થયું છે.

અમેરિકાએ ભારતને તા.૯ સુધીમાં વ્યાપાર સમજુતીની ડેડલાઈન આપી છે અને ભારતે પણ અગાઉ આકરા શબ્દોમાં કહ્યું હતું કે કોઈ ડેડલાઈનના દબાણ હેઠળ ભારત વ્યાપાર સમજુતી કરશે નહી તે સમયે જ ટ્રમ્પની આવી ચડેલી ચેતવણીથી ભારત અને અમેરિકા વચ્ચેના વ્યાપાર કરારમાં નવું સસ્પેન્સ સર્જાયું છે.

**મસ્કની પાટા**

**પહેલા પાનાનું ચાલુ**

જેમણે પોતાનો વિશ્વાસ અને મન ગુમાવી દીધું છે. બીજી બાજુ, રિપબ્લિકન એક સારી રીતે ચાલતું 'મશીન' છે જેમણે હમણાં જ તેના પ્રકારનું સૌથી મોટું બિલ પસાર કર્યું છે." ટ્રમ્પે તાજેતરમાં 'વન બિગ બ્યુટીફુલ બિલ' પર નવા કાયદામાં હસ્તાક્ષર કર્યા છે. ટ્રમ્પે તેને 'મહાન બિલ' ગણાવ્યું છે. ટ્રમ્પે વધુમાં કહ્યું, "મસ્ક નાખુશ છે કારણ કે આ બિલે 'ઈલેક્ટ્રિક વાહન આદેશ' નાબૂદ કરી દીધો છે, જેના કારણે દરેકને ટૂંકા સમયમાં ઈલેક્ટ્રિક કાર ખરીદવાની ફરજ પડી હોત." ટ્રમ્પે ભારપૂર્વક જણાવ્યું કે તેઓ શરૂઆતથી જ તેનો સખત વિરોધ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે લોકોને હવે તેઓ જે ઈચ્છે તે ખરીદવાની છૂટ છે - "ગેસોલિનથી ચાલતા, હાઈબ્રિડ (જે ખૂબ જ સારી રીતે ચાલી રહ્યા છે), અથવા નવી તકનીકોથી સજ્જ. ઈલેક્ટ્રિક વાહનો હવે ફરજિયાત નથી." યુએસ નેતાએ કહ્યું, "મેં બે વર્ષથી આ અંગે ઝુંબેશ ચલાવી છે. સાચું કહું તો, જ્યારે એલોને મને પોતાનો સંપૂર્ણ અને નિર્વિવાદ ટેકો આપ્યો, ત્યારે મેં તેમને પૂછ્યું કે શું તેમને ખબર છે કે હું ઈલેક્ટ્રિક વાહન આદેશનો અંત લાવવાનો છું. તે મારા દરેક ભાષણ અને દરેક વાતચીતમાં હતું. મસ્કે કહ્યું કે તેમને તેનાથી કોઈ સમસ્યા નથી, જેનાથી મને ખૂબ આશ્ચર્ય થયું." ટ્રમ્પે એમ પણ કહ્યું કે એલોને તેમના નજીકના મિત્રને નાસાની લગામ સોંપવા માંગતા હતા પરંતુ તેમણે દેશના હિતમાં આવું થવા દીધું નહીં. ટ્રમ્પે કહ્યું, "મને એ જાણીને આશ્ચર્ય થયું કે જે વ્યક્તિની નાસા માટે ભલામણ કરી રહ્યા હતા તે 'બ્લુબ્લેડ ડેમોક્રેટ' હતા જેમણે પહેલાં ક્યારેય કોઈ રિપબ્લિકનને મદદ કરી ન હતી. એલન કદાચ આવા જ હતા. મને એ પણ અન્યાય લાગ્યો કે એલનનો ખૂબ જ નજીકનો મિત્ર, જે અવકાશ વ્યવસાયમાં હતો, તે નાસા ચલાવશે! જ્યારે નાસા એલનના કોર્પોરેટ જીવનનો આટલો મોટો ભાગ છે. મારું પહેલું કામ અમેરિકન લોકોનું રક્ષણ કરવાનું છે."

**હિમાચલ પ્રદેશમાં**

**પહેલા પાનાનું ચાલુ**

હજારથી વધુ ઘરોમાં પાણી ભરાઈ ગયા હતા. જેના કારણે ઘણું નુકસાન થયું છે.આજથી રાજસ્થાનમાં ચોમાસુ ફરી વેગ પકડશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, પશ્ચિમ બંગાળ પર એક સાઈક્લોનિક સર્ક્યુકેશન રચાયું છે, જે હવે ધીમે ધીમે ઉત્તરપશ્ચિમ રાજ્યો તરફ આગળ વધી રહ્યું છે. રવિવારે, કરૌલીના મહાવીરજીમાં ૩૦ મીમી, ચુરુમાં ૩૨.૪ મીમી, બાંસવાડાના અર્થુવાનામાં ૩૫ મીમી વરસાદ પડ્યો હતો.છત્તીસગઢના સુરગુજા ડિવિઝન વરસાદથી સૌથી વધુ અસરગ્રસ્ત છે. અંબિકાપુરમાં ઘણા ઘરોમાં પાણી ઘૂસી ગયા છે. ઘણી કાર ત્રણ ફૂટ સુધી પાણીમાં ડૂબી ગઈ છે. નેશનલ હાઈવે ૩૪૩, અંબિકાપુર-રાજપુર મુખ્ય માર્ગ પર પુલ પરથી નદીઓ વહી રહી છે.છત્તીસગઢના કોરબા જિલ્લાના પાલી બ્લોકના ધુકુપથરા ગામના ૧૭ ગ્રામજનો, જેઓ ખેતીકામ માટે ખેતરમાં ગયા હતા, જ્યાં તેઓ પૂરમાં ફસાઈ ગયા.કલેક્ટર અજિત વસંતની સૂચના પર, વહીવટીતંત્ર અને રાહત ટીમે આખી રાત બચાવ કામગીરી હાથ ધરી હતી અને તમામ ગ્રામજનોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા હતા.ગ્રામજનો હવે સુરક્ષિત છે અને વહીવટીતંત્રે તકેદારી રાખવા અપીલ કરી છે.

**છેલ્લા**

**પહેલા પાનાનું ચાલુ**

સુબીર તાલુકામાં ૫.૨૮ ઈંચ વરસાદ, ભૂજ તાલુકામાં ૫.૦ ઈંચ વરસાદ, બારડોલી તાલુકામાં ૪.૯૨ ઈંચ વરસાદ, પલાસણા તાલુકામાં ૪.૪૫ ઈંચ વરસાદ, નખત્રાણા તાલુકામાં ૪.૪ ઈંચ વરસાદ, વલ્લભીપુર તાલુકામાં ૪.૨૧ ઈંચ વરસાદ, વ્યારા તાલુકામાં ૩.૯૦ ઈંચ વરસાદ, વાંસદા તાલુકામાં ૩.૫૪ ઈંચ વરસાદ, બાલાસિનોર તાલુકામાં ૩.૪૩ ઈંચ વરસાદ નોંધાયો હતો. નવસારી તથા ઉપરવાસમાં પડેલા ભારે વરસાદને પગલે શહેરમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. શહેરમાં પુરની સ્થિતિને જોતા નવસારી શહેરી વિસ્તારની શાળાઓ અને આંગણવાડીઓમાં રજા જાહેર કરાઈ છે.

જ્યારે જિલ્લાની અન્ય શાળાઓ અને આંગણવાડીઓમાં સ્થાનિક પરિસ્થિતિને ધ્યાને લઈ રજા આપી શકાશે એવો નવસારી જિલ્લા વિકાસ અધિકારી દ્વારા નિર્ણય જાહેર કરવામાં આવ્યો છે.

**સમય પુર્વે**

**પહેલા પાનાનું ચાલુ**

નિર્ણય માત્ર એ આવાસ ઋણ પર લાગુ થશે જેમને ૧ જાન્યુઆરી ૨૦૨૬ કે તેના પછી સ્વીકૃત કે નવીનીકૃત કરવામાં આવશે એ પહેલાની લોન ખાતામાં હાલનો નિયમ જ લાગુ રહેશે.આ વ્યવસ્થાનું પાલન બધી બેન્કો અને એનબીએફસીએ કરવુ પડશે.

બેન્કો પ્રિ-પેમેન્ટ ચાર્જ માટે અલગ-અલગ રીતો અપનાવે છે.આથી ગ્રાહકોની ફરિયાદો અને વિવાદ વધી રહ્યા છે. આ સાથે જ બેન્ક અને નાણાકીય સંસ્થાઓએ કડક લોન શરતો લગાવી રાખી હતી જેથી ગ્રાહક નવા અને સસ્તા વ્યાજદરોવાળી લોન તરફ સ્વીચ કરવાથી અચકાતા હતા.

**ચાર દિવસ**

**પહેલા પાનાનું ચાલુ**

રવિવારે, સ્થાનિક લોકોએ ઉત્તર કાશ્મીરના ગાંદરબલ જિલ્લામાં બાલતાલ બેઝ કેમ્પથી પરત ફરતા યાત્રાળુઓને ઠંડા પીણા અને શુદ્ધ પીવાનું પાણી પીવડાવ્યું. યાત્રાળુઓએ સ્થાનિક લોકોનો આતિથ્ય સ્વીકાર્યો અને આ પ્રેમ માટે કાશ્મીરીઓનો આભાર માન્યો.

અમરનાથ યાત્રા ૩ જુલાઈથી શરૂ થઈ હતી અને ૩૮ દિવસ પછી ૯ ઓગસ્ટના રોજ સમાપ્ત થશે. શ્રી અમરનાથજી યાત્રા ભક્તો માટે સૌથી પવિત્ર ધાર્મિક યાત્રાઓમાંની એક છે, કારણ કે દંતકથા છે કે ભગવાન શિવે આ ગુફાની અંદર માતા પાર્વતીને શાશ્વત જીવન અને અમરત્વના રહસ્યો જણાવ્યઙ્ગા હતા.

**દિલ્હીમાં જોરદાર**

**પહેલા પાનાનું ચાલુ**

સ્થાનિક લોકોનું કહેવું છે કે આ જામને કારણે તેમને ઓફિસ પહોંચવામાં મોડું થઈ રહ્યું છે. દર વરસાદ પછી અહીં આ સમસ્યા સામાન્ય બની ગઈ છે, પરંતુ કોઈ કાયમી ઉકેલ મળ્યો નથી. સંગમ વિહાર વિસ્તારના કેટલાક લોકોએ સમાચાર એજન્સી આઈએએનએસ સાથે વાત કરતા કહ્યું, "પાણી ભરાઈ જવાને કારણે ઘણી મુશ્કેલી પડી રહી છે. રસ્તાઓ પર ઘણા ખાડા છે, રસ્તાઓ યોગ્ય રીતે બનાવવામાં આવ્યા નથી."

જોકે, દિલ્હીમાં કેટલીક જગ્યાએ કર્મચારીઓ પંપ દ્વારા પાણી કાઢતા જોવા મળ્યા હતા. IANS સાથે વાત કરતા, એક કર્મચારીએ કહ્યું, "અમે સવારે ૫ વાગ્યાથી કામ કરી રહ્યા છીએ. અમે આ વિસ્તારમાં પાણી ભરાવા દીધા નથી. પહેલા બધે પાણી હતું." હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી થોડા દિવસો સુધી દિલ્હી-દ્ગઝ્રઇમાં પણ આવો જ વરસાદ ચાલુ રહેશે. આવી સ્થિતિમાં, નાગરિકોને વહેલા ઘરેથી નીકળવાની અને ટ્રાફિક અપડેટ્સ પર નજર રાખવાની સલાહ આપવામાં આવી છે.

**ખાડીપુર અંગે**

**પેજ-૨ પાનાનું ચાલુ**

પડે તે માટેમહાનગરપાલિકાની મંજૂરી મેળવી કામો શરૂ કરવા તેમજ કામની ઝડપ વધારવા, કામ શરૂ થવાના ત્રણ-ચાર દિવસ પહેલા જ બેરીકેટીંગકરવા સૂચના આપવામાં આવી હતી.આ ઉપરાંત, નવા બાંધકામો મંજૂર કરવામાં આવતા હોય, ત્યારે એસટીપી પ્લાનની જોગવાઈ કરવા બાબતે પણ બેઠકમાં ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. રેલવેના અધિકારીને ખાડી પર આવેલા રેલવે બ્રિજનં-૪૪૦ અને ૪૪૨ પાસે ડ્રેજિંગકરવા તેમજસિંચાઈ વિભાગને ખાડીના કિનારે આવેલા ઝીંગાના તળાવો તાત્કાલિક દૂર કરવા કેન્દ્રીયમંત્રીશ્રીએ તાકીદ કરી હતી. બેઠકમાંસાંસદસર્વશ્રીમુકેશભાઈદલાલ, પ્રભુભાઈવસાવા, કલેકટર ડો.સૌરભ પારધી,મ્યુ.કમિશનર શ્રીમતી શાલિની અગ્રવાલ, પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત સહિતવિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાહતા.

**સુરતના માનદરવાજા**

**પેજ-૨ પાનાનું ચાલુ**

શોપિંગ સેન્ટર, શાળા, આંગણવાડી, સોલાર લાઈટ, રેઈન વોટર હાર્વેસ્ટિંગ, ગાર્ડન, ડ્રેનેજ સુવિધા સહિતની આધુનિક સુવિધાઓથી સજ્જ ઘરો નિર્માણ પામશે.

આ પ્રસંગે સાંસદશ્રી મુકેશભાઈ દલાલ, મેયરશ્રી દક્ષેશ માવાણી, ધારાસભ્ય સર્વશ્રી સંદીપભાઈ દેસાઈ,સંગીતાબેન પાટિલ, અરવિંદભાઈ રાણા, પ્રવિણભાઈ ઘોઘારી, મનુભાઈ પટેલ, ડે.મેયરશ્રી નરેન્દ્રભાઈ પાટિલ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજન પટેલ, શહેરસંગઠન પ્રમુખશ્રી પરેશભાઈ પટેલ, પૂર્વ મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, સહિત મોટી સંખ્યામાં ટેનામેન્ટના પરિવારો હાજર રહ્યા હતા.

**વરાછા બેંક**

**પેજ-૨ પાનાનું ચાલુ**

મેહમાનશ્રી આનંદ ઉપાધ્યાયજી નું સન્માન કરવામાં આવ્યું હતું. આ સાથે સ્કોબા ના જોઈન્ટ સેક્રેટરીશ્રી મયુરભાઈ ચૌહાણ તેમજ જોઈન્ટ સેક્રેટરીશ્રી ગોપાલભાઈ ગોહિલ અને વરાછા બેંકના ડિરેક્ટરશ્રી પ્રભુદાસભાઈ પટેલ દ્વારા વક્તાશ્રી સૌગત ચક્રવર્તીજી નું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સહયોગી સંસ્થા સ્કોબા ના જોઈન્ટ સેક્રેટરીશ્રી મયુરભાઈ ચૌહાણ અને જોઈન્ટ સેક્રેટરીશ્રી ગોપાલભાઈ ગોહિલ વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં અને બેંકના ડિરેક્ટરશ્રી રાજેન્દ્રભાઈ બાંભરોલીયા, ડિરેક્ટરશ્રી જે. કે. પટેલ, બોર્ડ ઓફ મેનેજમેન્ટ સભ્યશ્રી અરવિંદભાઈ ધડુક તેમજ બોર્ડ ઓફ મેનેજમેન્ટ સભ્યશ્રી હરેશભાઈ કાપડિયા દ્વારા પુસ્તક અર્પણ કરી વિશેષ અતિથિશ્રીઓ નું સન્માન કરવામાં આવ્યું હતું.

વરાછા બેંકના ચેરમેનશ્રી ભવાનભાઈ નવાપરા દ્વારા ઉપસ્થિત તમામ મહેમાનશ્રીઓ તેમજ હોદ્દેદારશ્રીઓ અને પાર્ટીસીપેન્ટસ ને ઉષ્માભેર શબ્દો થી આવકાર્યા હતા અને તાલીમ કાર્યક્રમ નું મહત્વ સમજાવતા જણાવ્યું હતું કે, બેંકમાં ટેકનોલોજી નો વ્યાપ વધી રહ્યો છે જેની સાથે સાયબર ફ્રોડના જોખમો પણ વધી રહ્યા છે. ત્યારે માત્ર આધુનિક ઉપકરણો થી સાયબર સિક્યુરિટી સુસજ્જ કરવી પૂરતી નથી પરંતુ બેંકના કર્મચારીઓ એ પણ સાયબર સિક્યુરિટી માટે પૂરતું જ્ઞાન અને સતર્કતા દાખવાની જરૂર છે. બોર્ડ ઓફ મેનેજમેન્ટનાં ચેરમેનશ્રી કાનજીભાઈ ભાલાળા દ્વારા પ્રાસંગિક ઉદ્બોદન આપતા જણાવ્યું હતું કે, આજ નો યુગ ડિજિટલ યુગ છે બેંકો એ આધુનિક ટેકનોલોજી સાથે બેન્કિંગ સેવા પૂરી પાડવી જરૂરી બની છે ત્યારે બેંકો માટે સાયબર સિક્યુરિટી ચિંતાનો વિષય છે. સાયબર ફ્રોડ થી બેંકો એ સંરક્ષણ મેળવવું ખૂબ જરૂરી જણાય રહ્યું છે. ભૂતકાળમાં બેન્કિંગ ક્ષેત્રમાં ઘણી બેંકો સાથે સાયબર ફ્રોડ થવાના કિસ્સા સામે આવ્યા છે જે બેંકો માટે સાયબર સિક્યુરિટી માટે સુસજ્જ થવા માટે ની ચેતવણી છે.

આ તાલીમ કાર્યક્રમમાં વરાછા બેંકના તમામ ડિરેક્ટર્સ તેમજ મેનેજમેન્ટ સભ્યશ્રીઓ અને અધિકારીગણ ઉપસ્થિત રહ્યા હતા. અંતે વરાછા બેંકના જનરલ મેનેજરશ્રી વિઠ્ઠલભાઈ ધાનાણી દ્વારા આભાર વિધિ કરતા ઉપસ્થિત તમામ મહેમાનશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ તેમજ પાર્ટીસીપેન્ટસ નો સહૃદય થી આભાર માન્યો હતો.

**પાવર ગ્રીડ**

**પેજ-૨ પાનાનું ચાલુ**

ગુજરાતના પ્રમુખશ્રી રમેશભાઈ પટેલ, સુરત જિલ્લા પ્રમુખશ્રી પરિમલભાઈ પટેલ તેમજ ખેડૂત અને સહકારી આગેવાન દર્શનભાઈ નાયક સહિતના આગેવાનો હાજર રહ્યા હતા. આ મિટિંગમાં પરિમલ પટેલે ખેડૂતોને આ વીજ ટ્રાન્સમિશન લાઇન બાબતે તેમજ દોઢ વર્ષથી ચાલતી લડતથી અવગત કર્યા હતા અને આગળની રણનીતિથી વાકેફ કર્યા હતા. રમેશભાઈએ ખેડૂતોને સંગઠનમાં વિશ્વાસ રાખી સંગઠિત રહેશું તો કોઈ પણ કાર્ય અશક્ય નથી.

જયેશભાઈએ ઉપસ્થિત ખેડૂતોને સુરત જિલ્લો ઉદ્યોગપતિઓ માટે સ્વર્ગ જેવો હોવાની વાત કરી હતી કેમકે અહી ઉદ્યોગો માટે જરૂરી મીઠું પાણી તેમજ ગંદા પાણીના નિકાલ માટે દરિયો હોવાથી હજુ ખેડૂતો માટે કપરા દિવસો આવવાની પણ વાત કરી હતી. એમણે ખેડૂતોને પોતાનામાંથી ખેડૂતોનો અવાજ ઉઠાવી શકે એવા સહકારી આગેવાનો ઊભા કરવાની હાકલ પણ કરી હતી.બંને મિટિંગમાં હાજર ખેડુતોએ પોતે પહેલા ખેડૂત રહેવાની અને પછી રાજકીય વિચારધારાની વાત સ્વીકારી હતી. સૌ ખેડૂતોએ ખેડૂત સમાજના નેજા હેઠળ છેલ્લા શ્વાસ સુધી લડી લેવાની નેમ લીધી હતી. ભવિષ્યમાં જરૂર પડ્યે મોટી સંખ્યામાં ટ્રેક્ટર રેલીની પણ તૈયારી બતાવી છે.

**ફ્લેગશિપ**

**પેજ-૨ પાનાનું ચાલુ**

ભારત, સુરતના જિલ્લા યુવા અધિકારી શ્રી સચિન શર્માએ "માય ભારત પોર્ટલ" વિશે વિસ્તૃત જાણકારી આપી હતી અને યુવાનોને આ પોર્ટલનો ઉપયોગ કરવા વિનંતી કરી હતી. અન્ય રિસોર્સ પર્સન દ્વારા વિવિધ વિષયો પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ અવસરે મુખ્ય મહેમાન તરીકે LIC ના વિકાસ અધિકારી શ્રી વિપુલ દુધાત, મહિલા અને બાળ વિકાસ વિભાગ ના શ્રીમતી સ્મિતાબેન પટેલ, જીફ્દ્દૈં કોલેજ ના મેનેજર શ્રી મયુર કલસરીયા , ધારૂકા કોલેજ ના આચાર્ય શ્રી ડો.દિલીપ વરસાની તેમજ કેમ્પસ ડાયરેકશન પ્રવીણભાઈ નસીત ઉપસ્થિત હતા

આ કાર્યક્રમનું સફળ આયોજન માય ભારત સુરતના જિલા યુવા અધિકારી શ્રી સચિન શર્માના માર્ગદર્શન હેઠળ શ્રી મનોજ દેવીપૂજક અને રાષ્ટ્રીય યુવા સ્વયંસેવક શ્રી જૈવિક રૈયાણી, જોધાણી રિયા અને સાવલિયા રિદ્ધિ દ્વારા કરવામાં આવ્યું હતું. આ વર્કશોપ યુવાનો માટે ખૂબ જ માહિતીપ્રદ અને પ્રેરણાદાયક રહ્યો હતો, જે તેમને ભવિષ્યમાં ઉપલબ્ધ તકોનો મહત્તમ લાભ લેવામાં મદદરૂપ થશે.

**સુરત મહાનગર પાલિકા**

**પેજ-૨ પાનાનું ચાલુ**

અનુસરતા મહેંદી સ્પર્ધામાં ૭૦૦થી વધુ યુવતી/મહિલાઓએ ઉમંગભેર ભાગ લઈ અવનવી ડિઝાઈનમાં હાથે મહેંદી મુકી હતી. સ્પર્ધાને અંતે નીચે મુજબના સ્પર્ધકો વિજેતા જાહેર થયા હતા.

સાંસ્કૃતિક વારસાના જતન અને સંવર્ધન માટે સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત મહેંદી સ્પર્ધાના વિજેતાઓને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી સોનલબેન દેસાઈ, વિવિધ સમિતિના અધ્યક્ષાશ્રીઓ, મ્યુનિ.સભ્યશ્રીઓ તથા નિર્ણાયકશ્રીઓના વરદહસ્તે ટ્રોફી એનાયત કરી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. આ મહેંદી સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને સ્મૃતિભેટ આપવામાં આવી હતી.

સુરત મહાનગરપાલિકા દ્વારા અલુણાવ્રત ઉજવણી નિમિત્તે ગોરમાગીત સ્પર્ધાનું આયોજન તા.૦૯/૦૭/૨૦૨૫ને બુધવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે પરફોર્મિંગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી – ડો. વિક્રમભાઈ સારાભાઈ માર્ગ, અડાજણ, સુરત ખાતે કરવામાં આવેલ છે. જેમાં સમયસર ઉપસ્થિત રહેવા તમામ સ્પર્ધકોએ નોંધ લેવી તથા સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા જાહેર જનતાને નિમંત્રણ છે. રજીસ્ટ્રેશન કરાવેલ સ્પર્ધકો જ સ્પર્ધામાં ભાગ લઈ શકશે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

સોમવાર, તા.૦૭ જુલાઈ ૨૦૨૫ E-mail : pratap_darpan@yahoo.co.in મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫

## અંબિકા-પૂર્ણા નદીની પાણીની સપાટીમાં ઘટાડો થતા નવસારીમાં પૂરનું સંકટ ટળ્યું

### પાણી ઓસરવા લાગતા આજે સવારથી યુદ્ધના ધોરણે સફાઇની કામગીરી



**નવસારીમાં નદીમાં પાણીની સ્થિતિ**

| નદી | ભયજનક | હાલની |
|---|---|---|
| અંબિકા - | ૨૮ | ૨૦ |
| પુર્ણા - | ૨૩ | ૨૨ |
| પુર્ણા (મહુવા) | ૧૬ | ૫૬ |
| કાવેરી | ૧૯ | ૧૧ |

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા. ૭**

નવસારીમાં ગઈકાલે મેઘરાજાએ ધબધબાટી બોલાવતા પુર્ણા નદીમાં પાણીનું સ્તર વધવા સાથે નવસારીના નિચાણવાળા વિસ્તારમાં પુરના પાણી પ્રવેશી ગયા હતા. નવસારીમાં પુરની સ્થિતિ વચ્ચે આજે સવારથી વરસાદે વિરામ લેતા તેમજ ઉપરવાસમાંથી આવતા જળસ્ત્રોતમાં ઘટાડો થતા પુર્ણા નદીનું સ્તર ઘટવા સાથે લોકોએ અને તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. આજે સવારથી પાણી ઓસરવાનું શરૂ થયું હતું.

હવામાન વિભાગ દ્વારા ભરૂચ, નવસારી, વલસાડ અને સુરતમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું હતું. બીજી તરફ ગઈકાલે દ.ગુજરાતમાં ધોધમાર વરસાદ પડ્યો હોય જેમાં ખાસ કરીને નવસારીમાં અસર જોવા મળી હતી. પુર્ણા નદી ગઈકાલે ભયજનક સપાટી નજીક પહોંચી ગઈ હતી. પુર્ણા નદીનું ડેન્જર લેવલ ૨૩ ફુટ છે ગઈકાલે નદી ૨૨ ફુટે વહેતી થતા નિચાણવાળા વિસ્તારમાં પુરના પાણી ભરાવાની શરૂઆત થઈ હતી. નવસારીનાં ગધેવાન, વિરાવળ રીંગરોડ, બંદર રોડ, કમેલા રોડ, રંગૂન નગર, ભેસતખાડા માછીવાડ જેવા નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. જોકે ગઈકાલ મોડી રાત્રિથી વરસાદે આંશિક વિરામ લેતા જ્યાં જ્યાં પાણી ભરાયા હતા ત્યાં પાણી ઉતરવાનું શરૂ થયું હતું.

પુર્ણા નદી ભયજનક સપાટી નજીકથી વહેતી થઈ જતા નદીના પાણી નવસારીમાં પ્રવેશી ગયા હતા. કલેક્ટર દ્વારા પુરની સ્થિતિ જોતા ગઈકાલે ડિઝાસ્ટર તેમજ સ્થાનિક તંત્રના તમામ કર્મચારીઓ અને અધિકારીઓને જરૂરી સૂચનો કરી દેવાયા હતા. નિચાણવાળા વિસ્તારોમાંથી ૫૦૦થી વધુ લોકોનું સ્થળાંતર પણ કરવામાં આવ્યું હતું. આજે સવારથી વરસાદે વિરામ લેતા નવસારીમાંથી પુરના પાણી ઉતરવાનું પણ શરૂ થયું હતું.

### નવસારી અને જલાલપોરની શાળા-કોલેજો બંધ

નવસારી જિલ્લા વિકાસ અધિકારી દ્વારા ભારે વરસાદને પગલે નવસારી તેમજ જલાલપોરની તમામ સ્કુલ તેમજ આંગણવાડી આજે ૭ જુલાઈએ બંધ રાખવા આદેશ કર્યો હતો. બાળકો સુરક્ષિત રહે તે માટે નવસારી અને જલાલપોરમાં શાળાઓ બંધ રાખવાનું જણાવાયું હતું. બીજી તરફ જ્યાં પુરના પાણી ઉતર્યા હોય અને સ્થિતિ યોગ્ય હોય તો શાળા શરૂ રાખવી કે નહીં તે નિર્ણય સંચાલકોએ લેવા પણ સૂચન કરવામાં આવ્યું હતું.

### નવસારીમાં પુરને કારણે રસ્તાઓ બંધ

નાગધરી મહુડી પુણી રોડ, સુપા કુરેલ રોડ, મંદીર મોગાર રોડ, મંદીર બાંધિયા ફળીયાથી હળપતિવાસથી વેડછાને જોડતો હોડ, નવસારી છાપરા મોગાર રોડ, નવાગામ કછોલ સીસોદ્રા રોડ, તવડી સાગરા રોડ દેસાડ પાટી રોડ, નવસારી જકાતનાકાથી બ્રમદેવ રોડ, કલમઠા ધના ફળીયા રોડ, ખાપરીયા મટવાડ રોડ, પીપલધરા એંધલ રોડ સહિત નવસારી, ચીખલી, ખેરગામ, ગણદેવીના કેટલાય ગામોને અસર પહોંચી છે.

## ભાડાપટ્ટાની સરકારી જમીનનો ગેરકાયદે ઉપયોગ કરતી છબ છબા છબ વોટર પાર્ક




**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૭**

હજીરા દામકામાં આવેલ છબ છબા છબ વોટર ફન પાર્કવાળી સરકારી જમીનના ભાડાપટ્ટાના નિયમોનું છડેચોક ઉલ્લંઘન કરી ગેરકાયદે પાર્કિંગ ઊભું કરી દેનાર આ વોટર પાર્કના સંચાલકોની સામે કાયદેસરની કાર્યવાહી કરતા તંત્રને કેમ ચૂંક આવે છે? આ સરકારી ગૌચરની જમીન પર ઊભેલા છબછબાછબ વોટર પાર્ક હાલ વિવાદમાં છે. સ્થાનિક દામકા પંચાયત દ્વારા આ સરકારી જમીન પરત મંગાઈ છે અને એ અંગે અગાઉ કરાર કરીને સરકારને પણ મોકલી અપાયો હતો.

દરમિયાન આ છબછબાછબ વોટર પાર્કને નિયમોને આધિન અપાયેલી આ સરકારી જમીનમાં નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે. છબછબાછબના સંચાલકો દ્વારા આ સરકારી જગ્યાને ગેરકાયદે ટેન્કર પાર્કિંગ બનાવી દઈને તગડી કમાણી કરી રહ્યાં છે. આ ફન પાર્ક એક ફેમિલી એન્જોયમેન્ટ માટેનું સ્થળ છે. ત્યારે છબછબાછબ વોટર પાકર્ની પાર્કિંગની જગ્યામાં કેમિકલ વાળા કન્ટેનરોનું પાર્કિંગ બનાવી દઈ ફન પાર્કમાં ફરવા આવનારા માટે મોટું જોખમ ઊભું કરી દીધું છે. ત્યારે સરકારી નિયમોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન કરનાર છબછબાછબ વોટર પાર્કના સંચાલકોની સામે તંત્ર દ્વારા પગલાં ક્યારે ભરાશે?

### છબછબાછબ વોટર પાર્કની સરકારી જમીન પર ખુલ્લેઆમ નિયમોનો ભંગ થઈ રહ્યો છે

## ટ્રાફિકને લગતા કેસોમાં દંડ વકીલ મારફતે કોર્ટમાં ચૂકવી શકાશે

### સુરત જિલ્લા વકીલ મંડળની રજુઆત ફળી

**(પ્રતાપ પ્રતિનિધિ),સુરત,,તા.૦૭**

ટ્રાફિકને લગતા કેસોમાં પક્ષકારોને હાલાકી નહીં પડે તેમજ કોર્ટનું ભારણ ઘટે તે માટે સુરત જિલ્લા વકીલ મંડળે દંડની ચૂકવણી પક્ષકારો વતી વકીલો ભરી શકે તેવી રજુઆતને પગલે મુખ્ય ન્યાયાધીશે સકારાત્મક અભિગમ દાખવ્યો હતો. જે અનુસંધાને પક્ષકારો વતી હવેથી વકીલો ટ્રાફીકને લગતા કેસોમાં દંડની ચુકવણી કરી શકશે તેવી સુરત કોર્ટ તરફથી મંજૂરી મળી હતી.

આગામી તા.૧૨ જુલાઈએ સુરત શહેરની અદાલતોમાં લોક અદાલત યોજાનાર છે. આ લોક અદાલતમાં ટ્રાફિકના ચલણો અને ટ્રાફિકના લગતા કેસો પણ આવે છે. લોક અદાલતમાં પક્ષકારોને જાતે હાજર રહી દંડની ચૂકવવાની થતી હોય છે. જો કે આ વખતે વકીલ મંડળના પ્રમુખ બ્રિજેશ પટેલ, ઉપ પ્રમુખ રાકેશ ચૌહાણ, સેક્રેટરી ચંદ્રેશ પીપલીયા, જોઈન્ટ સેક્રેટરી સાત્વીક પટેલ સહિતના વકીલોએ નવ નિયુક્ત મુખ્ય ન્યાયાધીશ આર. કે. ત્રિવેદીને રૂબરૂ મુલાકાત કરી રજૂઆત કરી હતી કે પક્ષકારો વતી વકીલ હાજર રહી ટ્રાફિકને લગતા કેસોમાં દંડ ભરી શકે તેવી વિનંતી કરી હતી. આ રજુઆતને પગલે મુખ્ય ન્યાયાધીશ સકારાત્મક અભિગમ દાખવ્યો હોવાનું પ્રમુખ બ્રિજેશ પટેલે જણાવ્યું હતું. લોક અદાલતની તારીખ પહેલા કે લોક અદાલતના દિવસે જે પણ કોઈ પક્ષકારોના ટ્રાફિકના ચલણો કે ટ્રાફિકને લગતા કેસો કોર્ટ સમક્ષ પેન્ડીંગ હશે , તો તેવા કેસોમાં પક્ષકારોની હાજરી અનિવાર્ય રાખી, પક્ષકારો વતી તેમના વકીલો કોર્ટ સમક્ષ હાજર થઈ ઉપરોક્ત કેસોની કાર્યવાહીઓ તેમજ પક્ષકારો વતી ટ્રાફિકના ચલણો કે ટ્રાફિકને લગતા કેસોમાં દંડની ચૂકવણી કરી શકશે. તદુપરાંત પક્ષકારો વતી કેસનો નિકાલ પણ કરી શકશે. વધુમાં લોક અદાલત બાદ પણ ટ્રાફિકનો દંડ ભરવા પક્ષકારો વતી એડવોકેટો દંડની રકમની ચૂકવણી કરશે.

## લસકાણા પાસેના ડાયમંડનગરમાં મોબાઈલની દુકાનના તાળા તૂટ્યા

### રૂા.૨.૯૦ લાખના ૨૭ મોબાઈલ ફોન તસ્કરો ચોરી ગયા

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૭**

લસકાણા ડાયમંડનગર કળથિયા ઈન્ડસ્ટ્રીઝમાં આવેલ મોબાઈલ ફોનની દુકાનના શટરનો નકુચો તોડી અજાણ્યા ઈસમો ૨,૯૦,૨૮૦ની કિંમતના ૨૭ મોબાઈલ ફોન ચોરી ગયાની ઘટના બનતા લસકાણા પોલીસ દોડતી થઈ ગઈ હતી.

લસકાણા પોલીસના જણાવ્યા મુજબ મુળ રાજસ્થાનના વતની અને ગોડદારા ખોડિયાલ રેસિડેન્સીમાં રહેતા નરેન્દ્રસિંહ ગજેસિંહ રાજપુરોહિતે લસકાણા પોલીસ મથકે આપેલી ફરિયાદ મુજબ ગઈકાલે ફરિયાદની લસકાણા ડાયમંડનગરમાં આવેલી આ મોબાઈલ ફોનની દુકાનમાં તાળા તોડી અજાણ્યા તસ્કરો મોબાઈલ ફોન ચોરી ગયા હતા. દુકાનના ડિસ્પ્લેમાં રાખેલ અલગ અલગ કંપનીના ૨૭ મોબાઈલ ફોન તસ્કરો ચોરી કરી ગયા હતા જેની કુલ કિંમત ૨,૯૦,૨૮૦ રૂપિયા થતી હતી. લસકાણા પોલીસે ચોરીનો ગુનો દર્જ કરી પોલીસ ઈન્સ્પેક્ટર પી.એન.ખાચરે તપાસ શરૂ દીધી છે.

## કાપોદ્રાની પરિણીતાને જેઠે હોટેલમાં લઈ જઈ બળાત્કાર ગુજારાયો

### અંગત પળોના ફોટા અને વીડિયો પણ ઉતારી લીધા

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૭**

સુરતની પરિણીતાને તેના પતિ અંગેની વાત કરવાનું જણાવી કાપોદ્રા ખાતે રહેતા જેઠે સુરતમાં હોટલમાં લઈ જઈ બળજબરી શરીર સંબંધ બાંધી તેના ફોટો અને વિડીયો ઉતારી લઈ તેને આધારે બ્લેકમેઈલીંગ કરી અવાર-નવાર અલગ-અલગ જગ્યાએ લઈ જઈ દુષ્કર્મ ગુજાર્યું હોવાની ફરીયાદ વરાછા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી.

વરાછા પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર મુળ ભાવનગરનો વતની પરિવાર વરાછા વિસ્તારમાં રહે છે. વરાછામાં પતિ સાથે રહેતી પરિણીતાએ તેના જેઠ વિરૂદ્ધ વરાછા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, ફરિયાદમાં જણાવ્યું હતુ કે આરોપી જેઠે તેના પતિની કોઈ વાત કહેવાના બહાને ફરિયાદી પરિણીતાને એક હોટલમાં બોલાવી હતી. ત્યાં બળજબરી આરોપી જેઠે પરિણીતા સાથે શરીર સંબંધ બાંધ્યા હતા. અંગત પળોના ફોટા અને વિડીયો પણ જેઠે પોતાના મોબાઈલ ફોનમાં ઉતારી લીધા હતા, ત્યારબાદ પરિણીતાને તું કોઈને ઘરે જઈને આ વાતની જાણ ન કરતી નહીંતર હું બધાને એવી રીતે વાત કરીશ કે તું ઘરેથી ખોટી બોલીને મને મળવા આવી છે અને આપણા બંનેના ફોટો અને વિડીયો વાઈરલ કરી દઈશ તેવી પણ ધમકી આપી હતી.

આટલું જ નહી આ રીતે બ્લેકમેઈલ કરી જેઠે ભાઈની પત્નીને અલગ-અલગ જગ્યાએ લઈ જઈ તેણીની સાથે બદકામ કર્યું હતું. આ મુજબની પરિણીતાની ફરિયાદ વરાછા પોલીસે લઈ જેઠ વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી.

## દ.ગુજરાતમાં સાર્વત્રિક વરસાદ : પલસાણા, બારડોલી, વ્યારા અને ડોલવણ જળબંબાકાર

### સુરત સીટીમાં આજે સવારથી વરસાદી ઝાપટા : વલસાડ, તાપી, વાપી, સાપુતારામાં દેમાર વરસાદ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૭**

હવામાન વિભાગ દ્વારા ભરૂચ, સુરત, નવસારી વલસાડ સહિત દ.ગુજરાતમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું હતુ ત્યારે ગઈકાલે સવારથી વરસાદે મન મુકીને વરસવાનું શરૂ કરતા ઠેક ઠેકાણે પાણી ભરાવાની સ્થિતિ ઉભી થઈ હતી. સુરતમાં પણ ખાડીના લેવલ વધતા ખાડી કિનારાના વિસ્તારોમાં પાણી ભરાયા હતા જોકે આજે સવારથી વરસાદ ધીમો પડતા થોડે અંશે રાહત રહી છે. ઉપરવાસમાં પણ વરસાદ પડી રહ્યો છે ત્યારે આજે સવારે ૧૦ કલાકે ઉકાઈની સપાટી ૩૨૨ ફુટ નોંધાઈ હતી. ડેમમાં ૨૪ હજાર ક્યુસેક ઈનફ્લો સામે ૮૦૦ ક્યુસેક પાણી આઉટ ફ્લો થઈ રહ્યું છે. ડેમમાંથી આવતા પાણીને પગલે કોઝવે ખાતે તાપી નદીની સપાટી ૭.૪૦ મીટર નોંધાઈ હતી ૭૯ હજાર ક્યુસેક કોઝવે ઉપરથી વહી રહ્યું છે.

શહેર જિલ્લા સહિત સમગ્ર દ.ગુજરાતમાં મેઘરાજાની સવારી આગળ વધી છે ત્યારે ગત અઠવાડીયામાં ધીમી ધારે વરસાદ વરસ્યા બાદ ગઈકાલથી ફરીથી વરસાદે જોર પકડ્યું હોય તેમ સર્વત્ર વરસાદ નોંધાયો છે.

વિતેલા ૨૪ કલાકમાં સેન્ટ્રલ ઝોનમાં વિતેલા ૨૪ કલાકમાં ૩ ઈંચ, રાંદેર ઝોનમાં ૨ ઈંચ, કતારગામમાં ૨ ઈંચ, મીમી, વરાછા એ ઝોનમાં ૨ ઈંચ, વરાછા બી ઝોનમાં ૨ ઈંચ, અઠવા ઝોનમાં અઢી ઈંચ જ્યારે ઉધના ઝોનમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ ઝીંકાતા રસ્તાઓ પાણી પાણી થઈ ગયા હતા. લિંબાયત ઝોનમાં સૌથી વધુ ૨૪ કલાકમાં ૪ ઈંચ વરસાદ પડ્યો હતો.

ઓલપાડ, માંગરોળમાં, કામરેજ, માંડવીમાં પણ બે થી અઢી ઈંચ સુધી વરસાદ પડ્યો હતો. જિલ્લાના પલસાણામાં સૌથી વધુ ૫ ઈંચ, જ્યારે બારડોલીમાં ૬ ઈંચ ધુંઆધાર વરસાદ પડતા બારડોલીમાં પણ ઠેક ઠેકાણે પાણી ભરાયા હતા. ચોર્યાસી તાલુકામાં દોઢ ઈંચ વરસાદ નોંધાયો હતો.

નવસારીમાં ગઈકાલે સવારે ૬ વાગ્યાથી આજે સવારે ૬ વાગ્યા સુધીમાં ૬૮ મીમી, જલાલપોરમાં ૪૪, ગણદેવીમાં ૬૧ મીમી, ચીખલીમાં ૬૪ મીમી, જ્યારે વાંસદામાં ધોધમાર ૪ ઈંચ વરસાદ પડ્યો હતો. આ ઉપરાંત ખેરગામમાં બે ઈંચ વરસાદ નોંધાયો હતો.

વલસાડમાં ૨૭, ધરમપુરમાં ૫૦, પારડીમાં ૩૩, કપરાડામાં ૪૪, ઉમરગામમાં ૨૯ જ્યારે વાપીમાં ૮ મીમી વરસાદ નોંધાયો હતો.

ડાંગ જિલ્લાના આહવા તાલુકામાં ૬૭ મીમી, સાપુતારામાં ૫૭ મીમી, વઘઈમાં ૮૧ અને સુબીરમાં ૪ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો.તાપી જિલ્લાના નિઝરમાં ૧૪, ઉચ્છલમાં ૫૫ મીમી, સોનગઢમાં સવા ત્રણ ઈંચ, વ્યારામાં જે ઈંચથી વધુ, વાલોડમાં ત્રણ ઈંચ, કુકરમુંડામાં ૧૦ મીમી અને ડોલવણમાં ૨૪ કલાકમાં સૌથી વધુ ૫ ઈંચ વરસાદ ખાબક્યો હતો.

### સુરતમાંથી પસાર થતી ખાડીમાં જળસ્તર

| | |
|---|---|
| કાંકરા ખાડી | ૫.૬૦ મીટર |
| ભેદવાડ ખાડી | ૫.૫૦ મીટર |
| મીઠી ખાડી | ૮ મીટર |
| ભાઠેના ખાડી | ૫.૭૦ મીટર |
| સીમાડા ખાડી | ૩.૫૦ મીટર |

## શાહપોરમાં નવા બાંધકામની દિવાલ ધરાશાયી થઈ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૭**

શાહપોર ખાતે કિંજા હોમ નજીક બંધાઈ રહેલાં નવનિર્મિત બાંધકામની સાઈડ ઉપર દીવાલ ધરાશાયી થઈ હતી. જો કે કોઈ જાનહાનિ થઈ ન હતી.

આ કેસની વિગત એવી છે કે, શાહપોર કિંજા હોમ વેલકમ એપાર્ટમેન્ટ નજીક એક નવું બાંધકામ ચાલી રહ્યું છે. આજે મળસ્કે ૪.૩૮ વાગે એક નવી બંધાતી સાઈડ ઉપરની એક દિવાલ ધરાશાયી થઈ ગઈ હતી. ફાયરને જાણ થતા ફાયરનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો. જો કે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી.

## ગાંજાના જથ્થા સાથે પકડાયેલા બે આરોપી સામે કેસ પૂરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ

### બચાવ પક્ષના વકીલ રમીઝ મસ્તાનની દલીલોને ધ્યાનમાં રાખી કોર્ટે શંકાનો લાભ આપ્યો

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૭**

વર્ષ ૨૦૧૯માં કીમ રેલવે સ્ટેશન ઉપર ગુજરાત એક્સપ્રેસ ટ્રેનમાંથી રેલવે પોલીસે ગાંજાના જથ્થા સાથે બે જણાને પકડ્યા હતા. આ કેસમાં ફરિયાદ પક્ષ કેસ સાબીત કરવામાં નિષ્ફળ જતાં કોર્ટે બંને આરોપીને શંકાનો લાભ આપી છોડી મુક્યા હતા. બચાવ પક્ષ તરફે વકીલ રમીઝ ફરીદ મસ્તાને કરેલી દલીલો કોર્ટે ગ્રાહ્ય રાખી હતી.

આ કેસની વિગત એવી છે કે, પશ્ચિમ રેલવે વડોદરાના ઈન્ચાર્જ પોલીસ અધિક્ષકની સુચના મુજબ તેમની ટીમના એલ.આર.નિલેશ અરવિંદભાઈ, એલ.આર.નવનીત વેલાભાઈ અને એલ.આર.રવિ અમૃતભાઈ કીમ રેલવે સ્ટેશન ઉપર માદક પદાર્થની હેરાફેરી ઉપર વોચ રાખી રહ્યા હતા.તેમની સાથે આરપીએફ કોન્સ્ટેબલ સુભયસિંહ યાદવ પણ આવી ગેરકાયદેસર પ્રવૃત્તિ ઉપર નજર રાખી રહ્યા હતા. દરમિયાન બાતમી મળી હતી કે, ગુજરાત એક્સપ્રેસ ટ્રેનમાં ગાંજાના જથ્થાની હેરાફેરી થઈ રહી છે. જેથી રેલવે અને આરપીએફ પોલીસે આ ટ્રેન કીમ રેલવે સ્ટેશન પર આવી ત્યારે ગાંજાના જથ્થા સાથે ચંદન માલી અને જીતેન્દ્ર ઉર્ફે જીત વસાવાને પકડી પાડ્યા હતા. તેમની સામે એનડીપીએસની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો. આ કેસની ન્યાયીક કાર્યવાહી દરમિયાન વકીલ રમીઝ એફ.મસ્તાને દલીલો કરી હતી કે, ફરિયાદ પક્ષે એનડીપીએસની કાયદાની કલમ ૫૦ની ફરજીયાત જોગવાઈઓનુ પાલન કર્યું હતું. સીએફએસએલ અને એસએફએસએલ ફોર્મ

અનુસંધાન પાના ૭ પર

## ડીંડોલીમાં લાદેને ચપ્પુ હુલાવ્યું

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૭**

ડીંડોલી નવાગામ મણીનગર રેલવે પાસે ઉછીના રૂપિયા બાબતે આરોપી વિક્રમ ઉર્ફે લાદેને એક વ્યકિતને ચપ્પુ હુલાવી ગંભીર ઈજા પહોંચાડી હતી. ડીંડોલી પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ નવાગામ મણીનગર ઠાકુરનગર પાસે રહેતા સુશીલ ચંદ્ર પાલ સિંઘે આરોપી વિક્રમ ઉર્ફે લાદેન વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આરોપીએ ફરિયાદી પાસે ઉછીના રૂપિયા માગતા ફરિયાદીએ રૂપિયા આપવાની ના પાડી હતી જેથી આરોપીએ ઉશ્કેરાઈ જઈ ફરિયાદીને ગાળો આપી પોતાની પાસેના ચપ્પુથી ફરિયાદીના પીઠના ભાગે હુમલો કરી ઈજા પહોંચાડી હતી. ડીંડોલી પોલીસે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

## અલથાણમાં એસએમસી પોલીસ ટીમ ત્રાટકી, દારૂ સહિત રૂા.૮.૧૨ લાખનો મુદ્દામાલ જપ્ત

### બુટલેગર દિનેશ રાઠોડ વોન્ટેડ, જ્યારે એકની ધરપકડ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૭**

અલથાણ પોલીસ સ્ટેશનની હદમાં સ્ટેટ મોનિટરીંગ સેલે દરોડા પાડીને ન્યુ હળપતિવાસ ખાતેથી દારૂનો મોટો જથ્થો કબજે કર્યો હતો. આ દરોડામાં પોલીસે રૂ.૭.૭૫ લાખની કીમનો વિદેશી દારૂ કબજે કરી એકની ધરપકડ કરી હતી.

સ્ટેટ મોનિટરીંગ સેલને બાતમી મળી હતી કે અલથાણ ન્યુ હળપતિવાસ ખાતે સત્ય સાઈ હોસ્પિ.ની નજીક દારૂનો વેપાર થાય છે. આ બાતમીના આધારે સ્ટેટ મોનટિરંગ સેલની ટીમે ત્યાં દરોડો પાડ્યો હતો. પોલીસે વિદેશી દારૂનો જથ્થા સાથે ધર્મેશ ઉર્ફે જગ્ગુ અશોક રાઠોડ(રહે. ન્યુ હળપતિવાસ, અલથાણ)ની ધરપકડ કરી હતી. જ્યારે મુખ્ય આરોપી દિનેશ ઉર્ફે દીનુ સુરેશ રાઠોડ(રહે.ન્યુ હળપતિવાસ) ફરાર હોવાથી તેને વોન્ટેટ જાહેર કર્યો હતો.

સ્ટેટ મોનિટરીંગ સેલે આરોપીઓ સામે પ્રોહીબીશન એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. નોંધનીય છે કે હોસ્પિટલ જેવી સંવેદનશીલ જગ્યા નજીક આ ગેરકાયદેસર પ્રવૃત્તિ ચાલી રહી હતી. જેના કારણે કાયદો અને વ્યસ્થાની સ્થિતી ઉપર અનેક ગંભીર સવાલો ઉભા થયા હતા.